કુમાર

અંક ૩૯


ઉગતી · પ્રજાનું · માસિક

તંત્રી રવિશંકર રાવળ

વર્ષ ૪ અંક ૩ ફાગણ '૮૩

તંત્રી રવિશંકર રાવળ; મુદ્રક અને પ્રકાશક બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી-કુમાર કાર્યાલય, ૨૭૦૬ રાયપુર, અમદાવાદ.

લવાજમ વરસના રૂ. ૬: પરદેશના રૂ. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ, **ગ્રાહકો** વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) નોંધવાનો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી. **લેખકો** જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટુંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



શાન્ત પ્રતિબિમ્બ

ચિત્રકાર: સૌ. બહેન તનુમતી

ફાગણ '૮૩ના 'કુમાર'નું મુખચિત્ર

કુમાર

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માનીતું માસિક

વર્ષ ૪ અંક ૩ :: ફાગણ ૧૯૮૩

કવિતા

કવિતા એટલે અ-જડતા,—ગતિ: કવિતા એટલે અનન્ધતા, —દૃષ્ટિ. સૂક્ષ્મ ગતિ કે દૃષ્ટિ ન હોય તેવું જીવતર ખંડિત છે.

કવિતા અને જીવનનો સંબંધ બિંબપ્રતિબિંબ ન્યાય જેવો છે. કવિતા વિહોણું જીવન એ મરેલ જેવા જીવાત્માનો ઢસરડો છે.

જે સ્મરણ, ઊર્મિ કે વિચાર જગત અને જીવનનાં નિયમનોનો સુંદર સ્વીકાર કરી રૂપ લે અને દર્શન દે તે કવિતા છે.

કવિતા જેટલી ભાવના છે તેટલી જ કૃતિ છે. એ વસ્તુવાળી લાગણી છે અને લાગણીભરી વસ્તુ છે.

કવિતા એટલે હૃદય અને ચિત્તદ્વારા શબ્દમાં અનુભવેલું આત્માનું દર્શન. કવિતાને ભક્તિ કહો કે જ્ઞાનની માધુરી કહો. શબ્દબ્રહ્મની શક્તિ તે કવિતા.

કવિતા ત્રણે કાલની પ્રેરણારૂપી છે. એ ભૂતકાળની સ્મૃતિ છે, વર્તમાનની શ્રુતિ છે ને ભવિષ્યની ગીતા છે.


દેશળજી પરમાર



વળી પાછો મિજલસનો ધખારો મારે એકલાને જ કરવાનો રહ્યો. 'કુમાર'-નાં હજારો વાંચનારાંમાંથી થોડાં જણ પણ મિજલસમાં નિયમિત આવનારાં બને તો મિજલસનો રંગ ઔર વધે એમ હું માનું છું. કોઈ રીતે એકાદ જણ પણ સાથે બેસી એકાદ વાત છેડે તો મને સજીવ વાર્તાલાપ કરવાનો આનંદ મળે છે. વાંચનારા તરફથી આવતા પત્રોની હું દરેક પોસ્ટમાં આતુરતાથી રાહ જોયા કરૂં છું અને 'કુમાર'નાં ચુમાળીસ પાનાં વાંચી જનારાં કઈ મનોદશા ધરાવે છે તે જાણવાની દરેક તક શોધું છું.

તમે તમારી દૃષ્ટિથી કોઇ પણ બાબત લખી મોકલો: તમારા અંગત સુખદુઃખની, કુટુંબની, માબાપની કે શાળાની. હું તમારા વિચારો ઝીલીશ. તે ખરા હોય કે ખોટા, પણ એક વાર તેને યોગ્ય પ્રકાશમાં મુકીશ. તમને હું મળતો ન થઇ શકું ત્યારે મારી તરફ ઉદારતાથી જોજો અને મારી ભુલ-ચુક થાય ત્યારે પણ તમારે માટે મારી લાગણી અને ખુલ્લા દિલની ખાતરી રાખજો.

તમે તમારા ઘરની બારી આગળ બેસીને, નિશાળના ડેસ્ક ઉપરથી કે મિત્રમંડળની વચ્ચે ચર્ચા કરતાં એકાદ પત્ર લખી રહ્યા છો, અથવા કોઈ એકાંત ખુણેથી કોઈ ખાનગી હકીકત જણાવી રહ્યા છો એવું હું કલ્પું છું. હું માનું છું કે દરેક જણને 'કુમાર' ત્રણત્રણ વર્ષ સુધી વાંચ્યા પછી કંઇ ને કંઇ લખવાનું હશે જ. તમે લખો જ. લખતાં જરા ય અચકાશો નહિ. 'કુમાર'નો તંત્રી કોઈ સત્તાધીશ નથી; કોઈ સાર્વભૌમ વિદ્વાન નથી. તે તમારા જેવો જ સીધો સાદો મહેનત કરી જીવનારો એક માણસ જ છે; ઘણી અપૂર્ણતાઓ ભર્યો છે અને જીવનના ઉંચાં પગથિયાં ચડવા મહેનત કરી રહેલો અભ્યાસી છે. તમે સાથે ચાલો, જરા ય પાછળ નહિ. એ ઉત્કટ અભિલાષાથી તમને મિજલસમાં ભાગ લેવા ફરી એ આમંત્રે છે.



તમે તંત્રી હો તો 'કુમાર' કેવું કરો એ વિષે જે હરીફાઈ મુકી હતી તેમાં માત્ર બાર કે તેર જણે ભાગ લીધેલો અને એ રીતે પણ વિચારવંત વાંચનારાનું મતદર્શન મને બહુ પ્રેરક અને આશાજનક થયું છે. 'કુમાર'ની અત્યાર સુધીની દરેકેદરેક પ્રવૃત્તિમાંથી, લેખમાંથી અને વિચારોમાંથી કંઇ પણ કહાડી નાખવાનું સુચવાયું નથી. એથી અમને મોટો સંતોષ થાય છે કે અમે હજુ સુધી દિશાભૂલ નથી કરી. છતાં મને એક વાતની ખટક થઇ છે કે 'કુમાર'ના વાંચનારાઓએ નવા ફેરફારો કે સૂચનમાં તો ખાસ કંઇ પણ સુઝાડયું નથી.

તમે તંત્રી હો તો રાવળનાં ચિત્રો લો; પંડિત પાસે પ્રાણીચિત્રો કરાવો; પરમાર, ધૂમકેતુ વગેરેના લેખો લો; સ્કાઉટિંગ મિ. ગજાનન પાસે લખાવો; મિજલસ અને માધુકરીને કદિ ન છોડો; એવા વિચારો દર્શાવી તમે મારૂં તંત્રી-પદ દૃઢ કરો છો. હું તો તંત્રી તરીકે એ બધું કરૂં છું જ. તમે કોઇએ એવી દરખાસ્ત ન મુકી કે ગામેગામ જઈ ત્યાંના કુમારોને મળી તેમના કુમાર-મંડળો સ્થાપું, તેમના સહાયક અને સલાહકાર મંડળો કરૂં, ગરીબ કુમારોના અભ્યાસ અને નિર્વાહની અમુક રીતે યોજના કરૂં કે શાળાઓમાં પરીક્ષાઓના ત્રાસ સામે અમુક રીતે ઝુંબેશ ઉઠાવું. રજાઓમાં પોળેપોળમાં જઇ નકામો વખત ગુમાવતાં ગંદકીમાં રમતાં બાળકો અને કુમારોની દોસ્તી કરી તેમને વાર્તાઓ સંભળાવું, ગીતો ગવડાવું, સાદાં કામકાજ શીખવાડું અને બાળપણનું જીવન વ્યવસ્થિત, ઉપયોગી અને આનંદમય કરવાના યત્ન કરૂં. 'કુમાર'ના તંત્રી તરીકે અત્યાર સુધીનું કામ તો એક જણ કરી રહેલ છે. હવે તો તમે તંત્રી થાઓ ત્યારે તેમાં એક કદમ આગળ જવું જોઇએ. કેટલાકે કહ્યું કે અમુક લેખકોને 'કુમાર'માં લખતા કરૂં. કેટલાકે કહ્યું કે 'કુમાર'નાં પાનાં વધારૂં. કેટલાકે કહ્યું કે 'કુમાર'નું લવાજમ ઘટાડું. કેટલાકે કહ્યું કે 'કુમાર' બરાબર નિયમિત બહાર પાડું. આ બધા શુભચિંતકોને હું એકાદ માસ તેમના વિચારો પાર પાડી દેખાડવા અહીં આમંત્રું અને બધી સત્તા અને સાધનો તેમના હાથમાં મુકી દઉં તો તે કરી દેખાડે કે કેમ એ અખતરો તેમને કરવા જેવો લાગે છે.


એવી સત્તા અને સાધનો મેળવતાં તંત્રીને કંઇ ઉપાધ, દુઃખો કે ભોગ વેઠવાં પડયાં છે કે નહિ તેની તો કલ્પના યે કોઇએ કરી નથી. તેમને એમ જ લાગે છે કે 'કુમાર'નું તંત્રી-પદ કોઈ ચમત્કારની માફક ર. મ. રાવળના હાથમાં આવી ગયું છે. તેની પાસે ખુબ પૈસા હશે, તેને બહોળું મિત્રમંડળ હશે, તેની પાસે છાપવાના સંચા, ફોટોગ્રાફરો, બ્લૉકમેકરો, કોઈ પરીના મંત્રથી હાજર થઇ ગયાં હશે, અને તે અત્યારે ખુબ પૈસા કમાઇ રહેલ છે. તેથી એક ભાઇ તો લખે છે કે 'કુમાર' પૈસા મેળવવા માટે નથી પણ ઉગતી પ્રજાની ખીલવણી માટે છે એ હું સાબિત કરી દઉં. તમારી આ કલ્પના હું ઉડાવી દઉં તો મને માફ કરજો. 'કુમાર' તો આજથી પચીસ વર્ષ પહેલાંનાં સ્વપ્નાં અને ચાલુ પ્રયાસનું ફળ છે. 'કુમાર'ના તંત્રીએ કેટલીક વસ્તુઓ તમને આપી છે તે તેણે તેનો શાળાનો અભ્યાસ કરતાં અને નાનપણમાં સંઘરી મુકેલી, અનુભવેલી અને વાંચેલી. દૃષ્ટિ અને અનુભવ જીવનની પળેપળની જાગૃત સ્થિતિ રાખીએ તો જ મળે છે.

'કુમાર'ના તંત્રીએ ચિત્રકળાનો અભ્યાસ માંડયો તે દહાડે ગુજરાતના શ્રીમાનોનું દ્રવ્ય અન્ય પ્રાંતના ચિત્રકારોને ધરવતું હતું. એકાદ નાની સ્કૉલરશિપ પણ તેના ભાગ્યે નહોતી. આજે તો શાંતિનિકેતન કે મુંબાઈમાં વિદ્યાર્થીઓને રહેવા, ખાવા, જીવવા

ઘણી સગવડો છે.રૂપિયા પંદર કે વીસના ઘરના ખર્ચે મુંબઈમાં પાંચ આકરાં વર્ષોનો અનુભવ આજે ' કુમાર ' ના તંત્રીનો સજ્જડ પાયો છે. તમે તંત્રી હો તે પહેલાં આવા જીવનની પણ ઈચ્છા કરશો તો બહુ લાભ થશે.


તંત્રીનું બહોળું મિત્ર-મંડળ પણ તેને કસ્તુરી-મૃગ ચારી મોહથી તેના પર ધસી આવ્યું નથી. મારા એ મિત્રો જીવ-નના આકરા આદર્શો સેવનારા જબરા ઉપા-સકો છે. તેમને જીતવા, મેળવવા અને નિભાવવા એ મારા જીવનનો એક વિકટ સંગ્રામ જ છે. તેઓ દરેક પળે મારી પણ પુરી કસોટી કાઢે એવા અને મારામાંથી પાણી ઓસરતાં જુએ કે તરત મને ક્રાઈસ્ટની માફક ચડાવી દેતાં વાર ન કરે એવા કડક છે.

આ તો આપણી વાત-ચિત થઈ. તમે તંત્રી હો યા ન હો, પણ ' કુમાર ' ના તંત્રીના સહાયક, સન્મિત્ર અને શુભચિંતક છો એમાં તો હું લેશ પણ શંકા કરતો નથી. એક માણસ શૂ-ળીએ ચડયો હોય તો બધાએ ચડવાની જરૂર પણ નથી. તમે દિલસોજીથી, ખુલ્લા દિલથી ' કુમાર 'ની પ્રવૃત્તિને પોષો, નિભાવો, વધારો અને તેના વિચારો આપણા દેશમાં મૂર્ત કરો એ દિવસ જોવામાં તંત્રીનું જીવન સાર્થક બનશે. દરેક ગ્રાહક આખા વર્ષમાં તંત્રીને એક જ સારો પત્ર લખે તો 'કુમાર'નું એક મોટું કાર્ય કર્યું માની હું ઉપકૃત થઇશ.




પરીક્ષાનો પિશાચ


રાતના બાર ઉપર બે વાગી ગયા છે અને દવાનો છેલ્લો ડોઝ પી તથા શરીરમાં જરા તેજી લાવવા તે ઉપર ચાનો એક કપ બનાવી પી લઈ ફરી પાછો આપણો વિદ્યાર્થી વાંચવા બેસી ગયો છે. તવાઈ ગએલા શરીરને મહામહેનતે ખુરશીપર ટેકવી રાખીને અને ચસકા નાખતા માથા ઉપર કપડું બાંધીને પણ તેણે વાંચ્યે જ છુટકો છે. વાંચ–વાંચ–વાંચ-શરીરને, ધનને, વખતને, જુવાનીને અને જીંદગીને ભોગે પણ વાંચ;—કેમકે હાથમાં સર્ટિફિકેટનું ભુંગળું લઇ પરીક્ષાનો પિશાચ માથે ગળચી દાબીને ઝુમી રહ્યો છે. આપણામાંના કોને એ પિશાચનો અનુભવ નહિ હોય ?



સ્વાસ્થ્ય શક્તિ અને સૌન્દર્ય

નહિ ભારે કે નહિ હલકું: ગઠ્ઠાવાળું યે નહિ, તેમ કુલ્લા જેવું ગોળમટોળે નહિ: પરંતુ, પ્રત્યેક અંગના સુરેખ વિકાસવાળું શરીર જ આંખને ગમે છે. કેવળ બળ કે કેવળ 'પાતળિયા'-પણું કદિય પ્રશસ્ય નીવડયું નથી. એ શરીરવિકાસ માટે આદર્શ શોધનારને ભાઈ પુરુષોત્તમ મંગળદાસના શરીરમાંથી ખુબ શીખવાનું મળી શકે છે. ત્રણેક વર્ષ પરની એમની નિર્બળતાનો ખ્યાલ નીચેના ડાબા ખુણામાંના ચિત્ર પરથી સહજ આવશે. એટલે નિર્બળતાની સામે યુદ્ધ કરી આખરે આરોગ્ય, સુન્દરતા અને બળને મેળવનાર આ યુવાન અભિનંદનને પાત્ર છે. લુહાર જ્ઞાતિના સાધારણ કેળવણી પામેલા આ ભાઇએ, માત્ર પાંચ ફુટ બે ઇંચ ઉંચા અને ૧૧૬ રતલ ભારે શરીરનો કેવળ દંડ અને બેઠકથી જે વિકાસ સાધ્યો છે તે મુગ્ધ કરનાર છે.





અરધી દુનિયાને સર કરનાર અને બીજી અરધીને તોબા પોકરાવનાર

ઝબર-દસ્ત

જંઘીસખાન



ઇસુની તેરમી સદીમાં, એટલે આજથી શુમારે સાતસો વર્ષ ઉપર એશિયાના ગર્ભભાગમાં, એશિયા-યૂરપ બંનેને થરથરાવનારો એક ઘોર નર પેદા થયો. કાળના દૂત શા એ માનવે સારી દુનિયાની પ્રગતિ અટકાવી: જાણે સંસારના ઘડિયાળનું લોલક એણે બંધ કર્યું. ખુદાના ખોફ જેવા એ નરવ્યાઘ્રે અરધી દુનિયાને પંજા નીચે પટકી કોળિયો કર્યો; બીજી અરધીને તોબા તોબા પોકરાવી. આખી આદમજાતનો એ સરમુખત્યાર બન્યો.

ફુટતી મુછોવાળો એ જુવાન છોકરો જ્યારે ગોબીનું રણ સર કરવા નીકળ્યો ત્યારે એ કોઇએક ભટકુ ટોળીનો ખાન હતો. ઘોડેસવારોનું જંગી ટોળું ઉપાડી એ ધસતો ત્યારે એની કુચ માઇલોથી ન. મપાતી; પૃથ્વીના અક્ષાંશરેખાંશ વીંધીને પાર એ ઉડતો. એ લડતો તે બટુકડાં રાજ્યો જોડે નહિ; માત્ર મહારાજ્યોને ખેદાનમેદાન કરી મુકતો. કોઇ એકાદ ગામ ઉપર છાપો મારતો એમ નહિ; પણ મુલકના મુલક તારાજ કરતો—તેમનાં નામોનિશાન ભુંસી નાખતો. એ જ્યાં ફરે ત્યાં પાછળથી ખેતર ખેડાય અને ઢોર ઘાસ ચરે ! તેનો પગ ફરતો ત્યાં નદીઓના પટ બદલાઈ જતા. દુશ્મનોનાં થોકબંધ ટોળાંનો પીછો પકડતો ત્યારે ધખધખતા લોહીની નીકો વડે રણરેતીના કુરિયા બાઝી જતા.

એનું નામ ? એના તખલ્લુસોનો પાર નહોતો. ચીનના લોક એને 'ચેંગ શિહ' એટલે 'આબાદ લડવૈયો' કહેતા. મધ્ય એશિયાના તુર્કો તેને નરરાક્ષસ તરીકે ઓળખતા. ઇરાનના મુસલમાનો તેને 'ખુદાઇ ખોફ' માનતા. કેટલાક તેને તખ્ત અને તાજનો માલીક કહી બોલવતા. એનું બચપણનું નામ હતું તેમુજીન યાને પાણીદાર પોલાદ.

હીંદુસ્તાન ઉપર પેલી ખુનનાક સવારી કરનાર જુલ્મી તુર્ક તૈમુરલંગ; અને હિંદમાં મોગલ સલ્તનતનો પાયો નાખનાર તેનો વંશજ શેરનર શાહાનશાહ બાબર: એ બેઉનો વડદાદો તે આ જંઘીસખાન.

નેપોલિયન, સિકંદર અને જંઘીસખાન: એ ત્રણે જગતના ભારે મહત્ત્વાકાંક્ષી નરવીરો થઇ ગયા. નરકેસરી નેપોલિયને ફ્રાન્સની ક્રાન્તિ કરી રાજ્યને વ્યવસ્થિત કર્યું. તેના હાથમાં તોપો અને દરિયાઇ કાફલાનું બળ હતું તે છતાં અંતે મોસ્કોના બરફ આગળ એ ઠંડોગાર થઇ ગયો ને વૉટરલૂના મેદાનમાં છક્કડ ખાઇ બેઠો.

મહાન સિકંદર ને જંઘીસખાન એકબીજાને ઠીકઠીક મળતા આવે છે. એશિયાવાસીઓનાં સ્મરણપટ ઉપર એ બંનેના નામ અમર તપે છે. સિકંદર પૂર્વનો પ્રદેશ સર કરવા ઉપડ્યો; જંઘીસખાન પશ્ચિમ તરફ ચાલ્યો. વિજયને શુભ ચોઘડીએ બેઉ જણાનું મોત થયું. તોપણ નવી સંસ્કૃતિના મોવડી સિકંદરે શહેરો બાંધ્યાં અને જંગલવાસી જંઘીસે હતાં તે સઘળાંનું જડામુળ કાઢ્યું.

સિકંદર હીંદુસ્તાન પહોંચ્યો ત્યાંસુધીમાં રણ અને જંગલની સફરોથી એના અરધ લશ્કરનો ઘાણ બોલી ગયો. જ્યારે જંઘીસનું તો રહેઠાણ જ રણવગડો હતું. મધ્ય એશિયાની ખીણટેકરીઓ વાળી પર્વતમાળ એ ઓળંગી સહીસલામત પસાર કરી ગયો, અને તેની પાર પોતાની રાજસત્તા જમાવી.

તેણે માણસજાતની કતલ કરી કાળો કેર વર્તાવ્યો. છેલ્લા યુરોપી યુદ્ધમાં એ કતલનો ત્રીજો ભાગ માંડ મર્યો હશે. મોંગોલ તલવાર પડે ત્યાં આદમનો બચ્ચો કોઇ બચવા ન પામે; અને કમનસીબે બચે તો મોતના ઓછાયા જોઇજોઇ જીવે. જંઘીસના એ ખુનખાર જંગમાં આમ માનવસમાજની ઘડિયાળના કાંટા અટકીને ઉંધા ફરવા માંડ્યાં.

મુસલમાન વંશોનો તેણે કચ્ચરઘાણ વાળ્યો,—જાણે ભોંયમાંથી છોડવા ઉખેડી નાખતો હોય તેમ. તેઓને થયું કે કયામતનો દિન આવી પહોંચ્યો! મદદના પોકાર કરી તેમણે ફ્રાન્સને દરબાર ધા દીધી. પણ યૂરોપ તો મોંગોલીઅનોનાં વરૂટોળાંથી ડઘાઇ જ ગયો હતો. રશિયા, પોલાન્ડ, હંગરી અને સાઇલેશિયા હાથ જોડી ઉભાં હતાં. ફ્રાન્સનો રાજા લૂઇ આકુળ-વ્યાકુળ થયો હતો.

જંઘીસખાનનું જીવન કોઈ ચમત્કાર જેવું લાગે છે. પોતાનાં ઢોરઢાંખર ને માલ અસબાબ સાથે ભટકતી જંગમ જાતિનો એ જુવાન. શીકારી ને ઢોરચારૂ. શહેરનું મોં ન ભાળેલ. એવા એ નરે ત્રણત્રણ સંસ્કૃતિઓને સળગાવી મુકી. કાળા અક્ષરને કુટી મારેલ એ જંગલીએ પચાસપચાસ પ્રજાઓનાં ધારાધોરણ અને રાજ્યબંધારણ ઘડયાં. અને છતાં નરી આંખે જોતાં એ કોઇ ચમત્કાર નથી. આ વાત સમજવાની કુંચી તો ગોબીના રણમાંથી મળી આવે છે. એ જમાનો કાંઇ તારનો કે વાયરલેસનો, મોટરનો કે એરોપ્લેનનો ન હતો. ગોબીનું રણ એટલે શીકાર અને શીકારીઓની વસાહત વાળો વેરાન પટ. જે જીવ ભુખમરે કે ટાઢે ન મરે તેને તેનો જાતભાઇ પુરો કરે. ગોબીમાં માણસના જાનની કોઈ વિસાત ન હતી. જ્યાં જુઓ ત્યાં સુક્કા લુખ્ખો ખારોપાટ. શિયાળામાં ઉત્તર તુંદ્રનો ચામડી ચીરી નાખે તેવો હિમાળો પવન. ઉનાળામાં જીવતા શેકી નાખે તેવી ગરમી. માત્ર ક્યાંકક્યાંક લીલો ટાપુ. અને આવડા પ્રદેશમાં એક વીઘાનું ય લીલુંછમ ખેતર નહિ; નરાતાળ વાંઝણી જમીન.

નાના તેમુજીનને ખડતલપણું તો બચપણથી જ વારસામાં મળ્યું હતું. હાડમારી ખમવાનું એને શીખવાપણું નહોતું; હાડમારીમાં જ એ જન્મ્યો હતો. દળવાદળમાં અને અંગાર ઝરતા તાપમાં તે ઉઘાડે ડીલે રખડતો. ઘોડીનું દુધ પીને એ મોટો થયો. પુરૂં ચાલવા તો હજી શીખ્યો નહોતો તે પહેલાં ઘેટાંની પીઠ પરનું ઉન પકડી તેની સવારી કરતો. વરસો સુધી ચામડાં ઓઢી ભુખ્યો ને તરસ્યો ઘોડેસવારો સાથે ભટકીને એ ઉછર્યો હતો. થાળી પીરસનાર એને કોઈ નહોતું; સીપાઇઓનાં ભાણાંમાંથી તે પેટ ભરી લેતો. કોઇ વાર ઘોડાનું માંસ મળે એ તો એને મન મિષ્ટાન્ન. તેની જાતમાં માઈકાંગલાઓને જીવવાનો હક્ક જ ન હતો. તેમુજીને પોતે પોતાના સાવકા ભાઇને માછલી ચોરવા બાબત તીર વડે વીંધી જીવ લીધો હતો.

તેર વરસની ઉમરે તેમુજીનમાં જવાંમર્દનું જોમ ખીલ્યું. ભાલા માફક તે ટટ્ટાર ચાલતો. ચહેરે મોરે રૂઆબદાર, પહોળો સીનો ને તેજીલી આસમાની આંખ, ખભા સુધી લટકતા ભુરિયા ઓળેલ વાળ, જાડા પહોળા હોઠ અને લોખંડી ગોટલા જેવા સ્નાયુ એના અમાપ જુસ્સા અને અંગબળનાં સાક્ષી હતાં.

એ વખતના જુવાનિયાઓનાં કામ પણ એટલાં જ

સખત. રાતનો ચોકીપહેરો, ટોળાંઓ જોડે કુચકદમ અને હરીફ ટોળીનો ગમે તે પળે સામનો. એમની રમતો યે હાડકાં ભાંગે તેવી: ઘોડસવારીની શરતો વીસવીસ માઇલની; મોજ માત્ર શિકારની ને ખોરાક પણ શિકારનો; તેમનો ધંધો પણ શિકાર જ. હથિયારમાં જમૈયો ને તીરકામઠું; સુક્કોભંદ ઉનાળો તપે ત્યારે નદીકાંઠાનાં ગોચર માટે હરીફ ટોળીઓની ઝપાઝપી; અને ઢોરોને જો ચારોપાણી ન મળ્યું તો મોતનું જ સારું. આ એમનું જીવન.

ઝાડની ડાળીઓ વડે ગુંથેલી, બકરાંની કાળી ઉને મઢેલી પૈડાં વાળી ફરતી તંબુગાડી કે કિબિત્કા એ તેમુજીનનું ઘર હતું. તેનો પિતા યેસુકાઇ યાકાનો ખાન હતો. એ જતો ત્યાં એની પાછળ સાત હજાર કિબિત્કાઓની હાર ચાલતી.

તેમુજીનને સ્વપ્ને ય ખ્યાલ ન હતો કે દુનિયામાં કોઇ લોક લડાલડી અને મારામારી વગર જીવતા હશે. રાતે પડાવ આગળ કિબિત્કાને પડખે છાણાંનો દેવતા સળગાવ્યો હોય અને તેમુજીન પોતાના બાપદાદાનાં પરાક્રમો ને મોતની લાંબી વાતો સાંભળતો હોય.

તેમુજીનની મા મુળ કોઇ સીપાઇની સ્ત્રી હતી. એની ખૂબસુરતી જોઇ ખાન યેસુકાઇ એને હરી લાવેલો. તેમુજીનની શાદી પણ એવી જ રીતે ઓચિંતી થઇ. એક વખત એ અને એનો પિતા કોઇક અજાણ્યા સીપાઇને ઘેર રાતવાસો રહ્યા. ત્યાં તેમુજીને બરતાઇ નામે એક છોકરી જોઇ. જોઇ ને એ મોહ્યો. યેસુકાઇએ બરતાઇની ઉમર નાની નવ વરસની હોવાનો વાંધો લીધો. પણ તેમુજીન ન માન્યો. છેવટ શાદી નક્કી થઇ. યેસુકાઇ ત્યાંથી ચાલી નીકળ્યો; પણ તેમુજીન થોડા દિવસ રોકાયો. એ ટાંકણે એક કાસદ ઘોડેસવારે આવીને ખબર દીધા કે રસ્તે યેસુકાઇને દુશ્મનોએ ઝેર દીધું છે અને મરતાં પહેલાં એ પોતાના પ્યારા બેટાને જોવા ચાહે છે. મારતે ઘોડે એ તેર વરસનો છોકરો ઉપડ્યો; પણ એ પહોંચે તે પહેલાં કામ ખતમ થયું હતું.

હવે તેમુજીનનો જીવનસંગ્રામ શરૂ થયો. યેસુકાઇના મોત પછી તેની ટોળીના બે ભાગ જેટલા સીપાઇઓ ' આ



કુચ કરો

: ખંડ અંજની :

અંધારાં જંગલ વીંધી
એકમેકને પથ ચીંધી;
હૈડે હામ ધરોઃ
સાથી, કુચ કરો.
જણ સરવે દૃઢ ડગ મુકી
ને 'અણનમ માથાં' ઝુકી;
ખાલી હાર ભરોઃ
સાથી, કુચ કરો.
ઘરસુખ યાદ બધી ટાળો
નિજનિજનો સામન ભાળો;
ડરકુ શોક હરોઃ
સાથી, કુચ કરો.
સ્ત્રી બાળક ને ધરતી મા—
રખવાળે લેવી દીક્ષા;
'હરહર' મંત્ર સ્મરોઃ
સાથી, કુચ કરો.
લડથડતાને લો સાથે
પડતા ઉઠાડો હાથે;
વ્હેલી વ્હાર કરોઃ
સાથી, કુચ કરો.
ચિત્તચિત્તશું શૂર ચડો
પ્રાણધર્મમાં દેહ પડો;
કોથી કેમ ડરો ?
સાથી, કુચ કરો.
દિલદિલના દીપક ચેતો
ચેતનધોધ કરો વ્હેતો;
જય શ્રી રંગ તરોઃ
સાથી, કુચ કરો.

દેશળજી પરમાર

છોકરો શું ઉકાળશે' એમ ગણી તેને છોડી ચાલ્યા ગયા. લાગ જોઇ જુના દુશ્મનો વેર વાળવાને તેમુજીન ઉપર ચડી આવ્યા અને ખુનખાર લડતો મંડાઇ. એ નાસભાગમાં તેમુજીનને પોતાનાં ભાંડુ અને માને સહીસલામત જાળવવાનું પણ મુશ્કેલ પડ્યું. એક વાર દુશ્મનો તેનાં બધાં ઘોડાં ઉઠાવી ગયા અને તેમુજીન ત્રણત્રણ દિવસ તેમની પાછળ રખડ્યો. એક વાર પોતે તાર્તારોના પંજામાં સપડાયો. દુશ્મનોએ તેને ડોકમાં હેડ પહેરાવી કેદ કર્યો. સાંજ પડી; અંધારૂં ઘેરાયું. તક જોઇ તે પોતાના ચોકીદારને એક ઘાએ પુરો કરી હેડ સુદ્ધાં નાઠો.

તેને ખબર હતી કે દુશ્મનો પુંઠ નહિ છોડે; એટલે એ પાસેના તળાવમાં ત્રાટક્યો ને નાક મોં બહાર રાખી કાંઠે ઉગેલા છોડોમાં ભરાયો. થોડી વારમાં જ તાર્તાર ઘોડેસવારો કેદીને ઢુંઢવા આવ્યા. ચુપચાપ તેમુજીન પડી રહ્યો. એક સવારે તો તેને જોવોતેવો જોયો યે ખરો. પણ સારે નસીબે શંકા કર્યા વગર સીધો એ ચાલ્યો ગયો.

તેમુજીન બચ્યો પણ એને કાંધે હેડ પડી હતી. પાણીની બહાર નીકળી લપાતેલપાતો પરભાર્યો તે એક સીપાઇના તંબુ આગળ ગયો. એ દિવસે તંબુમાં કોઇ મહેમાન ઉતરેલ. તેણે હેડ બાળી તેમુજીનને છુટો કર્યો અને ઊન ભરેલી ગાડીમાં સંતાડ્યો. તાર્તાર ચોકીદારોએ આવીને ઉનમાં ભાલા ઘોંચી જોયા. અને એક ભાલાની અણી સુદ્ધાં તેમુજીનના પગમાં ઘોંચાઇ. પણ એ મુંગોમુંગો ખમીને પડી રહ્યો. અને સવાર પહેલાં ઘોડા પર સવાર થઇ તેણે રસ્તો માપ્યો. પોતાને જીવના જોખમમાંથી બચાવનાર પેલા મહેમાનને તેમુજીન ભુલ્યો નહિ અને મોટો થયો ત્યારે એણે પુરો બદલો વાળી દીધો. ખાનદાન મોંગોલ બચ્ચો તેનું નામ કે જે ન હોય ત્યારે લે, હોય તો દઈ જાણે, અને ભરોંસો કોઇનો તોડે નહિ.

ધીમેધીમે તેના આગલા મોંગોલ લડવૈયાઓએ તેની મરદાની આગળ સર ઝુકાવી માફી માગી. એનાં સાહસોથી ખુશખુશ થઇ જુવાનોએ તેને સાથ દીધો. હવે ટુકડીના ખાન બનવામાં તેની ખરી કસોટી હતી. તેમુજીને થોડા જ વખતમાં સાચા ચાહથી સર્વેને પોતાના કરી લીધા. એક જિગર દઇ હજાર જીતી લીધાં. તેની ટોળીમાં બધે દિલોજાની અને નિમકહલાલી ફેલાઈ.

હજી જોકે ઘોડાની પીઠ પરનું જીન જ માત્ર તેમુજીનનું તખ્ત હતું; છતાં તેના દિલમાં કોઇ અજબ વીજળી ફરતી હતી. તેના અંતરમાં જુસ્સાના ઓઘ ઘુઘવતા હતા. એ રોશનીને બળે તે મુલક જમાવવા લલચાયો. તેમુજીનના વિશ્વાસુ લડવૈયા સોગંદ લઇ કહેતા કે 'સરદાર! જો નિમકહરામ નીવડીએ તો ઠાર કરજો અને અમારી બેકફન લાશોને વેરાનમાં રઝળતી મુકજો.' તેમુજીન તેઓને પાણી ચડાવતો ને કહેતો 'બિરાદરો, મોટેરા કહે છે કે એક મ્યાનમાં બે તલવાર ન માય. પણ હું એ કરી બતાવીશ. આપણા પડોશીઓને હું કબ્જે કરીશ ને કરીશ. બસ, બોલવું તે જ કરી બતાવવું. આપણો બોલ વેપારીના સોદા જેવો સાચો કોલ છે.' ત્યાર પછી લાયકને તેણે લાયક કામ સોંપ્યાં. એકને પોતાની મંડળીનું, બીજાને કોઠારનું, ત્રીજાને ઢોરનું, ચોથાને પોતાની તલવાર ઉપાડવાનું, પાંચમાને ભાલો ઝાલવાનું.

એ ઘડી પછી તેમુજીન હથિયાર છોડીને કોઇ દિવસ જંપ્યો નહિ; થાક ખાવો સમજ્યો નહિ. ઉંઘનો જુજ આરામ પણ ઘોડાની ડોક પર એ લઇ લેતો. ઝપાઝપીનાં એવાં ભારે જોખમો એ ઉઠાવતો કે ભય કળી જવાની વરુ જેવી પરગંધીલી વૃત્તિ એનામાં ન હોત તો તેમુજીન ક્યારનો ય હતો ન હતો થઈ ગયો હોત.

એક ટાણે એ કોઇ હેતુ ભાઇબંધને ઘેર મળવા ગયો. પણ ભાઇબંધ હરામખોર નીકળ્યો. તેણે ઉંડી ખાઇ ખોદી ઉપર શેતરંજી બીછાવી. તેમુજીન બાજી કળી ગયો અને તેથી બહારના બીજા તંબુમાં જઇ બેઠો. ત્યાં ત્રણેક દુશ્મનો ઉઘાડી તલવારે દાખલ થયા. હવે શું કરવું? સામે તલવાર તાણવી એ અશક્ય હતું. સમયસૂચક તેમુજીને કંઇ અજબ નુસખો કર્યો. બેઠો હતો ત્યાંથી ઉભો થઇ સરદારની અદાથી તે બોલ્યો, 'ખસો એક બાજુ, મારે જવું છે.' કોણ જાણે કેમ, પણ મારાઓ તેનાથી શેહ ખાઈ ગયા અને આ હુકમ સાંભળી સડક થઇ ગયા ને બબ્બે કદમ પાછા હટ્યા. તલવારો હતી તેમ રહી અને તેમુજીન ત્યાંથી સડસડાટ ચાલ્યો ગયો.

યેસુકાઇનો એક દોસ્તદાર પ્રેસ્ટર જૉન હતો. વરસો થયાં તેમુજીન તેને મળવા ગયો ન હતો. એ કહેતો કે 'જવુંજવું ને ફકીરને હાલે જવું–ખાલી હાથે જવું એ દોસ્તીનો રાહ નથી.' એક બાજુ બરતાઇ પણ ધખધખતા રણમાં કોઇ કિબિતકાને ખુણે વરસો થયાં તેમુજીનની વાટ જોઇ રહી હતી. અને શું તેમુજીન તેને ભુલી ગયો હતો ? હરગિઝ નહિ. હવે તે ખુનખુવારીમાંથી છુટો થઇ બરતાઇને શોધી કાઢી પરણી લાવ્યો. બરતાઇ સાસુસાડલામાં કીંમતી કાળો ઝબ્બો લાવી હતી. એ ઝબ્બો લઇ તેમુજીન પ્રેસ્ટર જૉનને મળવા ચાલ્યો. પ્રેસ્ટર જૉન પોતે ખ્રિસ્તી નહોતો—ખ્રિસ્તી ટોળીનો સરદાર હતો. તેમુજીને ઝબ્બો ભેટ ધર્યો અને બદલામાં કાંઇ ન લીધું. બંને છુટા પડયા ત્યારે પ્રેસ્ટરે દોસ્તીનો નાતો કાયમ રાખવાનો કોલ દીધો.



અને એ કોલ પાળવાનો વખત પણ તુરતમાં જ આવી લાગ્યો. એક રાતે તેમુજીનના પડાવ ઉપર દુશ્મનોએ સળગતી મશાલે છાપો માર્યો. જુવાનજોધ તેમુજીને સચોટ તીરંદાજીથી પોતાનો રસ્તો કર્યો પણ બરતાઇ દુશ્મનને હાથ પકડાઇ ગઇ. પ્રેસ્ટર જૉને ખબર પડતાંવેંત પોતાના સીપાઇઓ મોકલી બરતાઇને હાથ કરી. ત્યાર પછી તેમુજીને પણ પ્રેસ્ટર જૉનને અણીને વખત ભારે મદદ દીધી અને જૉન કાકા તેમુજીનનાં પરાક્રમોથી એવા ખુશખુશ થઇ ગયા કે તેણે ભત્રીજાને ખોળે લીધો.

પ્રેસ્ટર જૉન સાથે સુલેહ કર્યા પછી ગોબીમાં બે પક્ષ બંધાઇ ગયા. એક તેમુજીનની તરફેણનો અને બીજો સામેનો. એકવાર જુવાન તેમુજીન પોતાના તેર હજાર લડવૈયાને સહકુટુંબ લઇ પડાવ બદલાવતો હતો ત્યારે ત્રીસ હજાર તાર્તારો તેની પાછળ પડયા અને ગોળ કુંડાળામાં ઘેરી ઉભા. સમો કટોકટીનો હતો. નાસે તો બૈરાંછોકરાં કપાઇ મરે ને માલ સરંજામ લોકો લઇ બેસે; લડે તો આખી ટોળી નાબુદ થાય. પણ તેમુજીન જેટલો પાણીદાર તેટલો જ પહોંચ વાળો ને અક્કલબાજ હતો. પીઠ પાછળ જંગલ આવે તેવી રીતે એણે ઘોડેસવારોની હારની હાર બાંધી તંબુગાડીઓને ચોખંડાકાર ગોઠવી. વચ્ચેના ગાળામાં ઢોર અને સ્ત્રીબાળકોની ગાડીઓને ગોઠવ્યાં. પછી એકએક હજાર સવારની તેર ટુકડીઓ પાડી. તાર્તારોની ટુકડીઓ પાંચસોપાંચસોની હતી. હજારની ટુકડી પાંચસોની ટુકડી પર જોસબંધ ધસારો કરી આખડી. અને પહેલાં બાણથી અને પછી જમૈયાથી હાથોહાથ લડી. દિવસને અંતે સુરજ આથમવા સાથે તેમુજીનનો વિજય થયો.

તેમુજીનને પોતાના લડવૈયાઓની બરોબર કદર હતી. તેઓના વગર બચાવ, હુમલો, જીત, ઢોર–ચરણ અને રાજ્ય સૌ વાનાં મુશ્કેલ હતાં. વારાફરતી દરેક દિશામાં ફરી, ઉઘાડે માથે ને કાંધે કમરપટ્ટો મુકી ખુદાની એ બંદગી કરતો કે 'ઓ પરવરદિગાર ! જો તું મને મહેરબાન હો તો બેહિશ્તમાં ફીરિસ્તાઓને ભલે મારા દોસ્તો બનાવજે; પણ હાલ તો દુનિયાના મારા બેલી એવા મને સંખ્યાબંધ લડવૈયા આપ.'

બળનું માપ એ સત્તાથી, ધનથી કે માણસની સંખ્યાથી ન કાઢતો. એ તો લડવૈયાનાં પરાક્રમો જોતો, વખાણતો ને કહેતો કે 'મોટા પથરાઓને ભાંગી ભુકો કરનારા તેઓ છે; ટેકરીઓને ઉથલાવી પાડનાર અને ઉંડાં પાણીના ધોધ અટકાવનાર પણ તેઓ જ છે.'

માણસને એ વફાદારીના આંક મુજબ મુલવતો. વૃદ્ધ પ્રેસ્ટર જૉન છેવટના ભાગમાં તેમુજીનને તજી દુશ્મનોની જોડે ભળેલો. તેની બેવફાઇને ઉદ્દેશી તેમુજીને સખત ઠપકાભર્યું કહેણ મોકલ્યું કે 'આપણે તો કિબિતકાનાં બે પૈડાં છીએ. એક પૈડું ભાંગે તો બળદ ગાડી ન ખેંચી શકે. મારી સામે થવામાં તમને શું હાંસલ છે ?'

પછી તો તેમુજીનની ધીંગ ધમસાણ કરતીક ઉપડી અને દુશ્મનના લશ્કરનો ખો કાઢ્યો. પ્રેસ્ટર જૉન અને તેનો છોકરો નાઠા ને કમોતે મર્યા. હજુ કેટલાક મરણિયા લડતા હતા તેમને એણે કહેવડાવ્યું કે 'તમે સૌ ખરા સિપાહીબચ્ચા છો. હવે શા માટે લડો છો? મારા પોતાના થઇને રહો.'

તેમુજીનના ક્રોધનો વડવાનલ જોઇ અને મક્કમ મનસુબો કળી બીજી ટોળીઓ વાળા ચુપચાપ બેઠા. સૌને મન એ હવે કુલ માલીક હતો. હવે તેણે બધી ટોળીઓની મિજલસ બોલાવી અને તેમને એક સરદાર ચુંટવા કહ્યું. સઘળાઓએ એક અવાજે તેને જ નીમ્યો. આ વખતથી મોંગોલ લોકનો ખાન એ રણની બધી ટોળીઓનો 'ખા ખાન' બન્યો; 'જુવાન તેમુજીન' હતો તે મટી 'જવાંમર્દ જંઘીસખાન' થયો. મોંગોલ લોકો તો તેને ઇશ્વરાંશી માનવા લાગ્યા.

ખા ખાન થયા પછી પહેલું કામ તેણે જાતીય બંધારણના ધારા ઘડવાનું કર્યું. સઘળી જાતિઓના રીતરિવાજો અને પોતાના ઠરાવોનું એક સંયુક્ત ધોરણ બનાવી તેને કાયદાનું રૂપ દીધું. એ કાયદો 'યાસા' કહેવાયો. મધ્ય એશિયાના છુટાછવાયા ભાગોમાં હજુ યે આ જ ધારાધોરણ ચાલે છે.

જંઘીસખાનને ચોરી તથા વ્યભિચારની અતિ ચીડ હતી. એ ગુનાહોની સજા મોતની હતી. ધનિક વર્ગ ગરીબોને મદદ ન કરે કે કોઇ વાવટો છોડીને લડાઇના મેદાનમાં પીઠ બતાવે, એ મોટા ગુનાહ ગણાતા. દારૂ પીવાની સખત મનાઇ હતી. 'યાસા'ની રૂએ અને પોતાની મરજી મુજબ બધા તકરારો તે બંધ પાડતો. માણસ ગુનોહ કરતાં પકડાય કે ગુનોહ કબુલ કરી દે તો જ ગુનેહગાર મનાતો. અને મોંગોલ બચ્ચાનો એકેએક શબ્દ શપથ જેવો હતો. એક યુરોપી મુસાફર લખી ગયો છે કે 'મોંગોલ લોકોમાં ચોરીનું નામનીશાન નથી. તકરાર ભાગ્યે જ થાય છે. પોતાના સરદાર તરફ સૌ નિમકહલાલ છે અને ખોટું તો બોલતા જ નથી. ઘરને કોઇ વાસતું કે તાળું લગાવતું નથી. દુકાળના વખતમાં સૌ પોતાનું અનાજ ભાગે પડતું વહેંચીને ખાય છે. આપસઆપસમાં સંપીલા છે; પણ બીજાઓના કટ્ટર લોહીચુસ છે.' એ જાતિનું આવડું જોમ નવરૂં પડે તો અંદરઅંદર ખુનખાર લડત ચલાવે. પણ અક્કલબાજ ખા ખાને એ જોમને જુદી જ દિશામાં વાળ્યું.

કેટલાકનાં લશ્કર શાગીર્દી જોડી જંઘીસખાન હવે કૅથેના શાહાનશાહ ઉપર ચડયો. જંઘીસખાનના ચીના દોસ્તોએ ચીનની મોટી દિવાલનો દરવાજો ઉઘાડી દીધો. જંગ ભારે જામ્યો. મોટીમોટી ટુકડીઓ પાડવાની તેની યુક્તિ અહીં પણ ફાવી ગઇ. કૅથેનું લશ્કર હઠવા માંડયુ. જંઘીસખાન ધસાવડો કરી આગળ વધ્યો, પણ ઘવાયો. તેને ઉપાડી આખું લશ્કર ઓટની માફક પાછું ઠેલાયું. પણ જંગે બહાદુર જંઘીસને જંપ ન વળ્યો. કૅથેના લોકો લડવાની હામ ખોઈ બેઠા હતા. જંઘીસે તેઓના કિલ્લા ઘેરી લીધા; અને સંદેશો મોકલ્યો કે હું પાછો વળું પણ એક શરતે. આ મારા લડવૈયાઓ ખાલી હાથે પાછા ન જાય.' કૅથેના શાહાનશાહે ગુલામ દાખલ પાંચસો જુવાનો અને પાંચસો કન્યાઓ, સેંકડો ઘોડાઓ અને જરીઅન તથા જવાહીરોના ઢગલાની ભેટ મોકલી. જંઘીસખાને બીજી ભેટો સ્વીકારી અને પેલા નિર્દોષ ગુલામોની કતલ કરી નાખી. આ એનું પહેલું ઘાતકી કૃત્ય હતું.

ત્યાર બાદ તે યેન્કિંગ શહેર ઉપર ચઢ્યો. ચીનાઓની ફોજ કકડીને લડી પણ કાંઈ ન ચાલ્યું. શહેરના ચોક વચ્ચે થઇ જંઘીસખાનનો ઘોડો શબ કચડતો ચાલ્યો અને ચોમેર ઘરો ભડભડ બળવા લાગ્યાં.

જંઘીસખાને ત્યાંના વૃદ્ધ વજીરને બોલાવી પુછ્યું, 'તમે ભારે નિમકહલાલીથી લડયા છો. બોલો, એવી નિમકહલાલી મારા તરફ બતાવીને મારા થઇ રહેશો?'

વજીરે જવાબ વાળ્યો, 'નામદાર, તમે પૃથ્વીની પીઠ જેવી આ જમીન સર કરી પણ તેનો અમલ નહિ કરી શકો.'

કોણ જાણે કેમ જંઘીસખાન સમજી ગયો અને મુંગો જ રહ્યો. વાત ખરી નીવડી. કૅથેનો પ્રદેશ વેરાન ન જ થયો. લુંટ તેણે લડવૈયાઓને વહેંચી દીધી. ગુલામોની કતલ કરી. પણ કૅથેના પંડિતો ને વિદ્વાનોને તે પોતાની સાથે લઈ ગયો. જંઘીસખાનને ડહાપણ અને જ્ઞાનની સમજ ને કદર હતી. પંડિતોને એ અવારનવાર શંકાઓ પુછતો અને ખુલાસા મેળવતો.

જંઘીસખાન હવે વૃદ્ધ થતો જતો હતો છતાં દુન્યવી સત્તા, ધમપછાડ અને દોલતથી તેને સંતોષ

ન થયો તે નજ થયો. કારાકોરમ પર્વત હેઠળના એક સમિયાણામાં તેણે મુખ્ય લશ્કરી અમલદારને સવાલ પુછ્યો.


'આ દુનિયામાં-એવી કઇ ચીજ છે જે પરમ સુખ આપે ?'

અમલદારે જવાબ દીધો, 'નામદાર, સપાટ મુલક, લડાઇમાં જીત, તેજી ઘોડો અને હાથના કાંડા પર એક બાજ.'

ખા ખાને કહ્યું, 'ના, એમ નહિ. દુશ્મનોને હાર કરવા, તેમને પગે પડતા જોવા, તેઓના ઘોડા ને માલ પડાવવા, તેમનાં લાચાર બૈરાંછોકરાંની રોકકળ સાંભળવી. બસ એ જ અજબ મીઠી ચીજ છે.'

પછી એ નરવ્યાઘ્રે યૂરોપ તરફ નજર માંડી. ઇશ્વરી કોપની જ્વાળાઓ જેવું પોતાનું લશ્કર લઇ તે મોતના પડઘા પાડતો ને કાળી ચીસો પડાવતો યૂરોપનાં મેદાનો ખુંદી વળ્યો;—તેમને લોહી, આગ અને લૂંટ વડે એવાં તો વેરાન કરી મુક્યાં કે વર્ષો સુધી તે ઉભાં થવા પામ્યાં નહિ.

ખરેખર. દુનિયા પર ખુદાનો બંદો નહિ, પણ ખુદાનો ખોફ જ ઉતર્યો હતો. (અંગ્રેજી ઉપરથી)



ખેતી

: ઇંદ્રવજ્ર :

'ઇલા ! કદિ હોય સદા રજા જો,
મુકું ન આ ખેતરની મજા તો;
જો સ્વર્ગથી આહીં સર્યું સુવર્ણ,
એથી દિસે શોભિત ઘાસ પર્ણ.

આવા મજેના કુમળે પ્રભાત,
વ્હેલા જવું ખેતર માંહી સાથ;
ને ન્યાળવા નિર્મળ દિવ્ય રંગ,
હૈયા મહીં માય નહિ ઉમંગ.

જો, ખેતરો ડાંગર શેલડીનાં,
વેલા વીંટેલા ફુલવેલડીના;
એમાં દળે આ મૃદુ તેજધાર,
શોભા અહીં ખેતરની અપાર.

હું તો કરૂં બ્હેન ! સદાય ખેતી,
કાને ધરૂં ના જરી લોકકે'તી;
વાવી લણું તો ધનધાન્ય સ્હેલ,
એવો પછી થાઉં ધનો પટેલ !'

'હો, હો, તું જો થાય કની પટેલ,
તો એક રૂડી નકી માગું વ્હેલ;
ને શેલડી ડાંગર જો ઉગાડે,
તો હું ય વાવું વળી તે જ દા'ડે.


ને શેલડીનો રસ પીલી કાઢું,
ને હું જ પ્હેલાં મુજ કો'લુ માંડું;
ને ગોળ મીઠો જરીમાં બનાવું,
એ સાથ ધાણા ઘર વહેંચડાવું.

એ છોડ ત્યાં ડાંગરના ઉગાડું,
ને એ લણી ભાત પછી હું ખાંડું;
ને રોજ વ્હેલા ઉગતે પ્રભાત,
તારે કપાળે વળી ચોડું ભાત.

ને સૂર્ય શા ભાવિ ઉજાળનારાં,
ઓવારણાં રોજ લઉં હું તારાં;
ને રોજ હું તો ઉજવું ઉજાણી,
એથી વધારે—નહિ ભાઇ જાણી.'

ચન્દ્રવદન ચીમનલાલ મહેતા

ટૉમી



'બસ, એ કુતરો આપણા ઘરમાં ન જોઇએ. મેં બહુ વાર સહન કર્યું. હવે તો હું તેનાથી ત્રાસી ગયો છું.' હરસુખરાયે પોતાની સ્ત્રીને કહ્યું.

કુતરાનો માલિક નાનો પ્રેમસુખ પોતાના જીવજાન કુતરાનો બચાવ કરવા તત્પર હતો; પણ તેની માએ તેને શાન્ત બેસવા ઈશારત કરી એટલે તે ચુપચાપ બેસી રહ્યો.

'વળી તે કુતરો આખા પાડોશમાં ત્રાસ રૂપ છે; એટલું જ નહિ પણ નકામો છે. તે બહેરો છે, બુમ પાડીએ તો યે સાંભળતો નથી. ખાય છે, ઉંઘે છે અને નવરો પડે ત્યારે પાડોશીના કુતરા સાથે લડે છે.' હરસુખરાયે આગળ ચલાવ્યું.

'પણ બાપુજી . . . .' નાનો પિમુ બચાવ કરવા જતો હતો ત્યાં તેની માએ તેને ફરીને અટકાવ્યો અને તેનું વાક્ય અરધું રહ્યું. પોતાના વહાલા નિમકહલાલ ટૉમી વિરૂદ્ધ તે કાંઇ પણ સાંભળી શકે તેમ ન હતો. પણ આવા અનેક પ્રસંગે પોતાની મા વાતને બરાબર ઠેકાણે લાવતી એ શ્રદ્ધાથી તે બોલતો અટક્યો.

'તમે શા માટે ટૉમી ઉપર આટલા બધા નાખુશ થાઓ છો ? દીનશાના કુતરાને આપણા ટૉમીએ માર્યો તેમાં ટૉમીનો બીલકુલ દોષ નથી. મેં તે લડાઇ નજરે જોઇ છે. પિમુ અને દીનશાનો દીકરો જીમી કમ્પાઉંડમાં ખોટેખોટે લડતા હતા. તે જોઇ દીનશાનો કુતરો પિમુને કરડવા દોડયો; એટલે આપણો ટૉમી તેના તરફ ધસ્યો. પણ તે કુતરા લડે તે પહેલાં તો છોકરાઓએ તેમને જુદા પાડયા. વળી લડવું તે તો કુતરાનો જાતિસ્વભાવ છે; તેમાં આપણા ટૉમીનો કાંઇ ખાસ વાંક નથી.' હરસુખરાયનો ઉભરો શાન્ત થયા પછી પિમુની માએ ઉપરનો ખુલાસો કર્યો.

હરસુખરાય પિતા અને પતિ તરીકે બહુ જ પ્રેમાળ હતા. નાનો પિમુ તેમનો એકનો એક જ

લાડીલો પુત્ર હતો. તે ખુશી રહે તેમાં જ પતિપત્ની જીંદગીનો લ્હાવો માનતાં. પણ હરસુખરાયની જીંદગીનો મોટો ભાગ અમલદાર તરીકે ગએલો હોવાથી જો-હુકમી તેમના સ્વભાવનું એક અંગ થઇ ગઇ હતી. તેમના પ્રેમમાં, વિચારમાં કે ઇચ્છામાં નરી જોહુકમી તરી આવતી. ખોટનાં છોકરાં લાડથી બગડે છે, માટે પોતાનો પુત્ર એ નુકસાનથી બચે તેની એ કાળજી રાખતા; અને એ કાળજીનું સ્થાન જોહુકમી લેતી. તેમના આવા સ્વભાવથી તેમનાં પત્ની બહુ જ પરિચિત હતાં, એટલે જ્યારે તેમના સ્વભાવમાં જોહુકમી જુએ ત્યારે શાંત રહેતાં અને બીજે પ્રસંગે કામ પતાવી લેતાં. પિમુ પણ જાણેઅજાણે એટલું તો સમજતાં શીખ્યો હતો કે જ્યારે બાપુજી આજ્ઞા કરે ત્યારે હુકમ ઉપાડી લેવો; અને બીજે પ્રસંગે જ્યારે તેઓ આનંદમાં હોય ત્યારે છુટ લેવી.

કમનસીબે હરસુખરાય અને તેના લાડકા પિમુ વચ્ચે ટૉમી બાબત બહુ જ મોટી ગેરસમજુતી હતી. જેમ ઘણાં માણસોને અમુક ચીજો વિનાકારણ ગમતી જ નથી તેમ હરસુખરાયને કુતરૂં બીલકુલ ગમતું નહિ. તેમણે કદિ કુતરો પાળ્યો જ ન હતો, અને જે કોઇ પાળે તેના તરફ પણ તેમની સહેજે અરૂચિ થતી. બે વર્ષ ઉપર પિમુએ તેના મામાને ત્યાંથી નાના ટૉમીને પોતાને ઘેર આણ્યો, ત્યારથી તે કુતરા ઉપર હરસુખરાયની કરડી દૃષ્ટિ થઈ. પિતા તરીકેના વહાલને વશ થઇ તથા ' તમે તો તેને કદિ કાંઇ લાવી ન આપો, પણ તેના મામાએ આવું સરસ સફેદ કુતરૂં પિમુને આપ્યું છે તે પણ સહન ન કરી શકો ? ભલેને એ કુતરા સાથે રમતો. શેરીમાં રખડાઉ છોકરા સાથે ભટકે તેનાથી ટૉમી શું ખોટો છે ? ' આવાં પોતાની પત્નીનાં વારંવારના વચનોથી કંટાળી હરસુખરાય તે વિષે વધારે બોલતા નહિ; અને તેમનાં ઘરમાં ગત બે વર્ષથી ટૉમીનું સ્થાન વધુ ને વધુ ચોક્કસ થતું ચાલ્યું.

બે વર્ષમાં પિમુ મોટો થયો અને અંગ્રેજી નિશાળમાં પહેલી ચોપડી ભણવા લાગ્યો. હરસુખરાયને મન હવે તે બાળક મટી મોટો થયો. દરમ્યાન રમકડા જેવો સફેદ ટૉમી પણ ગલુડિયું મટી પંજાદાર કુતરો થયો, અને પિમુ જ્યારે નિશાળે જાય ત્યારે તેણે આજુ-બાજુની સરહદ ઉપર સ્થળેસ્થળે યુદ્ધો જાહેર કરી સામ્રાજ્યની સ્થાપનાની શરૂઆત કરી. આ બંને કારણથી કુતરા તરફ દાબી રાખેલી અરૂચિએ હરસુ-ખરાયના દિલમાં ફરી ઉછાળો માર્યો.

છતાં કેટલીક બપોરે જ્યારે હરસુખરાય ઑફિસમાં હોય અને નાનો પિમુ નિશાળેથી બપોરની રજામાં ઘેર ચા પીવા આવ્યો હોય, ત્યારે તે પોતાની બાને ટૉમીની ઘણીઘણી વાતો કરતો, અને માદિકરો નિર્ણય ઉપર આવતાં કે ટૉમી એક સંસ્કારી કુતરો છે ને હરસુખરાયને તેને માટે વિનાકારણ અરૂચિ છે.

એક દિવસ હરસુખરાય બહાર ગયા હતા અને પિમુ તેની બા પાસે બેઠો હતો. તેના ખોળામાં માથું મુકી ટૉમી આંખો મીંચી જાગતોઉંઘતો પડયો હતો. આ વખતે પિમુએ નીચેનો ખુલાસો કર્યો.

' બા, ટૉમીમાં લડવાનો સ્વભાવ વારસામાં આવ્યો છે એમ મામા કહેતા હતા. કેમકે ટૉમીનો બાપ અને વળી તેનો બાપ બંને બહુ જ સારા લડનારા કુતરા હતા. તેમને શિકાર કરતાં તથા લડતાં શીખવવામાં આવ્યું હતું. પછી તે ગુણ ટૉમીમાં આવે એમાં શી નવાઈ ? ધારો કે મારા બાપુજીના બાપુને, વળી તેના બાપુને, વળી તેના બંને દાદાને જો લડવાનું શીખવવા-માં આવ્યું હોય, તો શું બાપુજી આટલા બધા શાન્ત અને લડાઈ વિરૂદ્ધ હોય ? તે પણ ટૉમી માફક તક-રારી જ થાત.' પિમુએ પોતાનો હાથ ટૉમીના માથા ઉપર ફેરવ્યો; અને તેને ટેકો આપતો હોય તેમ ટૉમીએ આંખો મીંચી રાખી પુંછડી પટપટાવી.

' બા, બાપુજી કહે છે કે ટૉમી ભાન વગરનો છે; પણ જો તે જુએ કે રસ્તો ઓળંગતાં પહેલાં ટૉમી કાંઇ મોટર આવે છે કે નહિ તે જાણવા રસ્તાની બંને બાજુએ જોઈ લે છે, તો તેમની ચોક્કસ ખાતરી થાય કે તે અક્કલવાળો છે. અને જો ટૉમીમાં આટલી અક્કલ ન હોત તો હું તેને આ બાબત કેવી રીતે શીખવી શક્યો હોત ? '

' જો બા; હું ટૉમીને મુઠી બનાવું તો તે જ્યાં હોય ત્યાં બેસી જાય. હું નિશાળે જતો હોઉં અને તે પાછળ આવતો હોય તો મારે માત્ર એક જ આંગળી હલાવવી અને જાણે સાંભળતો હોય તેમ તે પાછો ફરી જવાનો. આમ છતાં બાપુજી તેની વિરૂદ્ધ જ

બોલ્યા કરે છે.'

પરંતુ વાતને અંતે તેની મા તેને દિલાસો આપતી કે, 'તારા બાપુજી બધું સારા માટે કહે છે. તું હમણાં ટૉમી કોઈ સાથે ન લડે તેમ રાખજે; વળી એ તેમની નજર આગળ બહુ ન આવે તેમ કરજે. હું તેમને ધીમેથી સમજાવીશ. તેમને પહેલેથી જ કુતરાં ગમતાં નથી એ જ દુઃખ છે.'

'મને એમ થાય છે કે એક વખત બાપુજીને પણ બતાવી દઉં કે ટૉમી કેવો હોશિયાર છે. કાં ટૉમી, હું કહું તેમ કરીશ ને?' ટૉમીને પંપાળતાંપંપાળતાં પિમુ બોલ્યો, 'બા, ટૉમી જોકે બહેરો છે છતાં તેની સુંઘવાની શક્તિ અજબ છે. મારા માસ્તર કહેતા હતા કે ટૉમીની જાતનાં બહેરાં કુતરાંની સુંઘવાની શક્તિ અલૌકિક હોય છે. હમણાં એક માણસ નિશાળમાં ભાષણ કરવા આવેલો તે કહે કે જેની એક ઇંદ્રિય ખોટવાળી હોય તેની બીજી ઇંદ્રિયો બહુ જ તીવ્ર હોય છે. બહેરાં કુતરાંની સુંઘવાની શક્તિ બહુ જ તેજ હોય છે. આપણો ટૉમી ભલે ન સાંભળે; પણ જેવો ચોર બારણું ઉઘાડે કે તરત જ તેને ગંધથી ઓળખી કાઢવાનો અને ભસીને આપણને ચેતાવી દેવાનો.'

'બા, પેલા રસ્તા ઉપરના મકાનમાં જે ડૉકટર હમણાં રહેવા આવ્યા છે તે આપણા ટૉમીને જોઇને કહે કે, આ કુતરાની સુંઘવાની શક્તિ ઘણી જ સારી હોવી જોઇએ. અજાણ્યા માણસને તો તે ગંધથી જ ઓળખી કાઢે. મેં તેમને કહ્યું કે તમે એક રાતે ચોરનાં કપડાં પહેરી અમારે ઘેર આવો; અને આપણે જોઇએ કે ટૉમી ઓળખે છે કે નહિ. પણ તેમણે તેની તો ના પાડી અને કહ્યું કે કદાચ ટૉમી કરડે અથવા તમારા પિતા નારાજ થાય. આ વાત તો હું ચોક્કસ બાપુજીને કહેવાનો છું.'

ટૉમીની આવી લાંબીલાંબી વાતો પોતાની માને સંભળાવવામાં પિમુની બપોરની રજાઓ વીતતી અને મા સ્નેહભીનાં નયને બધું સાંભળતી ને ટેકો આપતી.

ઘણી વખત જ્યારે હરસુખરાય ખુશમિજાજમાં હોય ત્યારે પિમુ ટૉમીની વાતો કરતો: 'મારા સ્કાઉટ માસ્તર કહે છે કે દરેક સ્કાઉટ પ્રાણીમાત્રનો મિત્ર છે. દરેકે પોતાની પસંદગીનું એક અથવા વધુ પ્રાણી પસંદ કરવું જોઇએ, પાળવું જોઇએ ને તેની બરાબર સંભાળ રાખવી જોઇએ.'

'તો તું ટૉમીની જેટલી સંભાળ રાખે છે તેટલી આપણી ભેંશની શા માટે રાખતો નથી?' હરસુખરાય વચમાં બોલતા અને પિમુને કાંઈ જવાબ જડતો નહિ.

એક વાર પિમુ ટૉમીનાં વખાણ કરતો હતો એવામાં હરસુખરાય બોલ્યા, 'એ તો ઠીક, પણ તારો ટૉમી તો ચોકી કરવા માટે પણ નકામો છે. ભીંત સાંભળે તો એ સાંભળે. ઘર તોડી ચોર ચોરી કરી જતો રહે, પણ તે તો ઉંઘ્યા જ કરે.'

'પણ તેમાં ટૉમીનો શો વાંક? મામા કહેતા હતા કે ટૉમીના બધા બાપદાદાના કાન કાપી, ખેંચીને અણીવાળા બનાવવા પ્રયત્ન કરવામાં આવ્યો હતો. અને તેથી તે જાતના કુતરા મોટે ભાગે બહેરા હોય છે. ધારો કે તમારા બાપુના, વળી તેના બાપુના, વળી તેના એમ બધાના કાન કાપી, પછી ખેંચી અણીવાળા કરવામાં આવ્યા હોત......'

'પિમુ,' તેની મા વચમાં બોલી ઉઠી અને પિમુના ફળદ્રુપ ભેજામાંથી વહેતો પ્રવાહ અરધે જ અટકી પડ્યો. ત્યાં તો હરસુખરાય બોલી ઉઠ્યા, 'હવે બસ કર; ડહાપણ વેરાવા લાગ્યું.'

હરસુખરાય સાંજે ઑફિસેથી ઘેર આવ્યા અને બધા જમવા બેઠા ત્યારે તેમની પત્નીએ દીનશાના કુતરા સાથે થએલ લડાઇની વાત વિગતવાર કરી. પણ હરસુખરાય ઉપર તેની કાંઇ અસર થઈ નહિ. ટૉમી તરફનો તેમનો તિરસ્કાર ટોચે પહોંચ્યો હતો, અને તેમાં વળી દીનશા સાથે પણ સહેજ બોલાચાલી થઈ હતી; તેથી જ્યારે તેમની સ્ત્રીની વાત પુરી થઇ ત્યારે તે બોલ્યા, 'હું ટૉમી સંબંધે કાંઇ ચર્ચા કરવા માગતો નથી. પાડોશી સાથે હમેશાં ઉભા થતા ટંટાફિસાદથી હું કંટાળી ગયો છું. પેલો દીનશા તો મારા ઉપર કેસ કરવા માગે છે. કાલે સવારે ટૉમીને હું મારી સાથે ઑફિસે લઈ જઇશ. જો કોઈ ઘરાક મળશે તો વેચી નાખીશ, નહિતર પાંજરાપોળે મોકલી આપીશ;' અને પિમુ સામું જોઇ કહ્યું, 'ટૉમીને નીચે લઇ જઇ તેની ઓરડીમાં પુરી દે.'

'પણ બાપુજી...' પિમુને બોલવા જતો જોઈ હરસુખરાય વચ્ચે જ બોલી ઉઠ્યા, 'હું કાંઇ સાંભળવા માગતો નથી; નીચે લઇ જા.' આજે હરસુખરાયના અવા-

જમાં સોએ સો ટકા જોહુકમી હતી. પુત્ર અથવા પત્ની પ્રત્યેની લાગણીને તેમાં ક્યાંય અવકાશ ન હતો. ટૉમીથી વિખુટાં પડતાં પિમુને શું દુ:ખ થશે તેની કલ્પના સરખી પણ નહોતી. માત્ર પાડોશી અને દીનશાનો તાજો સવાલ તેમના મગજ પર હતો. યંત્રવત્ ઑફિસમાં કામ કરતા હરસુખરાયના મગજ-રૂપી ચક્રનું આ એક વધુ નિષ્પ્રાણ પરિવર્તન હતું.

નૈઋત્યનો પવન નીકળતાં જેમ એકાદ રડ્યુંખડ્યું વાદળું પણ અદશ્ય થાય તેમ પિમુની છેલ્લી આશા તેના હૃદયપ્રદેશમાંથી અદશ્ય થઇ ગઇ. ટૉમીને દોરી તે નીચે ઉતર્યો; ઓરડીનું બારણું ઉઘાડ્યું અને દીવાના ઝાંખા પ્રકાશમાં બંને બેઠા. પિમુએ ધીમે રહી કબાટનું ખાનું ઉઘાડ્યું અને કેટલુંક ખાવાનું ટૉમી આગળ મુક્યું. આજે તેની અને ટૉમીની મૈત્રીની છેલ્લી રાત હતી. આ વાત સમજતો હોય તેમ ટૉમી પિમુને શાન્ત જોઇ પોતે પણ શાન્ત થઇ ગયો.

આજે પિમુએ રોટલીના કટકા અદ્ધર ઉડાડી ટૉમીને ઝીલતાં શીખવ્યું નહિ. મુઠી, એક આંગળી કે બે આંગળીની નિશાનીઓનું રીહર્સલ પણ કર્યું નહિ. લાંબી મુસાફરીએ જતા પુત્રની વિદાયની તૈયારીઓ માતા જે ભાવથી કરે તેવા ભાવો આજે કુદરતી રીતે પિમુના મગજમાં ઉભરાતા હતા. આવતી કાલે દીનશાનો કુતરો ફરતો હશે ને પોતાનો ટૉમી નહિ હોય; બપોરની ચા માટે પોતે નિશાળેથી આવતો હશે ત્યારે પુંછડી હલાવતો ટૉમી બગીચાના દરવાજા આગળ નહિ મળે; વહેલી સવારે દુધવાળાને ભસીને આખા ઘરને જાગૃત કરતો ટૉમી હવેથી નહિ સંભળાય; લાકડી અને રૂમાલ લઈ આવવાની, મિત્રને ચિઠ્ઠી પહોંચાડવાની, ટપાલમાં કાગળ નાખવા જવાની એવીએવી કલ્પી રાખેલી યુક્તિઓ હવે પોતે કોને શીખવશે? આવા અનેક વિચારોથી પિમુનું હૃદય ફાટુંફાટું થઇ રહ્યું હતું. વરસ્યા પહેલાંની સજળ વાદળી જમીન ઉપર જેમ સ્થિર થઇ રહે તેમ પિમુની સજળ આંખો ટૉમી ઉપર થંભી ગઈ હતી. ન હતો તેના હૃદયમાં તેના પિતા માટેનો અભાવ કે ટૉમીની તકરાર માટેની અરૂચિ. તેના મનમાં તો દીનશાના કુતરા સાથે છેલ્લી લડાઇ ન થઈ હોત તો ટૉમીને માથે આ આફત આવત જ નહિ એવા વિચાર ઘોળાયા કરતા હતા. આમ તે અને ટૉમી કેટલો વખત સાથે રહ્યા તેની તેને ખબર જ ન રહી. પાસેના ટાવરમાં દસ વાગ્યાના ટકોરા ગાજવા લાગ્યા અને ઉપરથી તેની માનો સાદ સંભળાયો.

'પિમુ, દસ વાગ્યા; હવે સુઈ જા, બાપુ.'

ટૉમીને દેશનિકાલનું છેલ્લું ફરમાન બહાર પાડી, વાળુ સમાપ્ત કરી હરસુખરાય ઑફિસનું ચડેલું કામ આટોપવા પાસેના ઓરડામાં કામે વળગ્યા. પિમુની માને ઘડીભર એમ થાય કે નીચે જઇ પિમુને દિલાસો દઉં; તો ઘડીભર એમ થાય કે તેમને સમજાવું; પરંતુ તેને લાંબા અનુભવથી સમજાયું હતું કે હવે વાત છેડવાથી હરસુખરાય વધુ ગુસ્સે થશે, એટલે તેણે નીચે જવાનું કે સમજાવવાનું માંડી વાળ્યું. રસોઇનાં વાસણ સાફ કરી, બધી વસ્તુઓ ઠીકઠાક કરી તે બીજા દિવસનું શાક સમારવા બેઠી.

'સાંભળ્યું? પિમુને કેટલું દુ:ખ થશે તેનો તો તમે વિચાર જ કરતા નથી.'

'શું? જો તું કુતરા–ટૉમીની વાત કહેતી હો તો હું તે બીલકુલ સાંભળવા માગતો નથી. બાકી પિમુ માટે તું કહે તે કરૂં.' લખતાંલખતાં ઉંચું માથું કરી હરસુખરાયે જવાબ આપ્યો. જવાબમાંથી હજુ કડકાઇની ગંધ ગઈ નહોતી.

હશે, અત્યારે તેમના સ્વભાવનું ઠેકાણું નથી; સવારે સમજાવીશ. આજે ઑફિસમાં કાંઇક થયું લાગે છે. આમ વિચાર કરી હરસુખરાયની સ્ત્રીએ વાત મુલતવી રાખી. દસ વાગ્યે સુવા માટે પિમુ ઉપર આવ્યો ત્યારે તે તદ્દન નિરાશ થઈ ગએલો હતો. તેનો હમેશનો હસતો ચહેરો આજે ગમગીન હતો. ત્રણત્રણ પગથિયાં કુદતો દાદરો ચડે તેને બદલે એક-એક પગથિયું તે ધીમેધીમે ચડતો હતો. ગંગાના પ્રવાહ જેવી સતત વહેતી તેની ટૉમીની વાત આજે એકાએક સમાપ્ત થઇ હતી. તે કાંઇ પણ બોલ્યા સિવાય પોતાના ખંડમાં ગયો, દીવો હોલવી નાખ્યો અને સુઇ ગયો. તેની માએ પણ તેને બોલાવવાની હિંમત કરી નહિ. મનોમન સાક્ષી રૂપ તેની માનું મન પિમુના મનમાં શું છે તે બરાબર સમજી ગયું હતું. કદાચ બોલાવું અને તે રોઇ પડે તે બીકે તે શાન્ત રહી.

ઘણી મોડી રાત સુધી પિમુની માને ઉંઘ ન આવી. અને પોતાને ઉંઘ આવી હતી તેવો ખ્યાલ પણ તેને સામેના ઘર આગળ મોટરે ભુંગળું વગાડ્યું ને તે જાગી ગઇ ત્યારે જ આવ્યો. તેણે પાછો ઉંઘવાનો પ્રયત્ન કર્યો ત્યાં તો ટૉમીના ભસવાનો અવાજ સંભળાતો લાગ્યો. ટૉમીના ભસવાથી હરસુખરાય જાગી જશે તો વધુ ગુસ્સે થશે, એવા વિચારથી તે સફાળી બેઠી થઇ અને દાદર પાસે ગઇ. ત્યાં તો તેણે હરસુખરાયને હાથમાં સોટી લઈ નીચે જતા જોયા. જતાંજતાં તે બડબડ્યા, 'હું હમણાં તેને શાન્ત કરીને પાછો આવું છું.' પોતે પાછી સુઇ જવાનો વિચાર કરે છે ત્યાં તો તેણે હરસુખરાયને દોડતા દાદર ચડતા જોયા: 'પિમુને લઇને નીચે ચાલ, ઘરમાં આગ લાગી છે.' હરસુખરાય, તેમની સ્ત્રી તથા પિમુ જોતજોતામાં ઘરની બહાર નીકળી ગયાં. ઘરના નીચેના ઓરડામાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા હતા. આગના સમાચાર સૌથી પહેલાં ટૉમીએ ભસીને સર્વેને આપ્યા હતા. જોતજોતામાં ઘણાં માણસો ભેગાં થઇ ગયાં. બંબાવાળાને ટેલિફોન થયો અને કયા ભાગમાં આગ છે તે નક્કી કરવા હરસુખરાય ઘરના પાછળના ભાગ તરફ ગયા.

લોકોની ધમાલ, મોટરનાં ભુંગળાં, ટેલિફોનની ટોકરીઓ અને આડોશીપાડોશીના ગુમરાણ વચ્ચેથી ટૉમીનો ધીમો ભસવાનો અવાજ સંભળાતો હતો. કોઇ બોલ્યું કે કુતરો ઘરમાં લાગે છે. પરંતુ ઘરના બારણામાંથી તેમ જ આજુબાજુની બારીઓમાંથી ધુમાડાના ગોટા એવા તો જોસથી નીકળતા હતા કે કુતરાને બચાવવાની કોઇની હીંમત ચાલી નહિ.

પિમુ તેની માની પાસે ગભરાએલો ઉભો હતો. તેણે એકાએક ટૉમીના ભસવાનો અવાજ સાંભળ્યો. કોઇ અટકાવે તે પહેલાં તો તે હરણની માફક કુદ્યો. તેણે ઓઢેલ ધુસો ફેંકી દીધો, ઘરમાં ધસ્યો અને ધુમાડાની અંદર પલકવારમાં અદૃશ્ય થઇ ગયો. પિમુની માથી ચીસ પડાઇ ગઇ. પિમુ ઘરમાં ગયો સાંભળી હરસુખરાય આ બાજુ દોડી આવ્યા અને લોકોમાં ગભરામણ ફેલાઇ રહી.

ટૉમી ક્યાં હતો તે તો પિમુ સારી રીતે જાણતો હતો, એટલે તેને ધુમાડાથી ગાઢા બનેલા અંધકારમાં પણ ટૉમીના ઓરડીએ પહોંચતાં વાર લાગી નહિ. ઝપાટાબંધ તેણે ઓરડીની સાંકળ ઉઘાડી નાખી. અને ટૉમી તરત કુદીને બહાર નીકળ્યો. કુદકો મારતાં તે પિમુ સાથે અથડાયો, અને હવાને અભાવે, ધુમાડાથી અને ગરમીથી ગુંગળાઇ ગએલો પિમુ બેભાન થઈ નીચે ઢળી પડ્યો.

જ્યારે પિમુ જાગ્યો ત્યારે તે ખાટલામાં સુતેલો હતો. તેની મા તેની પાસે બેઠી હતી અને ટૉમી ખાટલાની આજુબાજુ આંટા મારતો હતો. પાસેના ઓરડામાંથી તેના પિતા કોઇક સાથે વાત કરતા હતા તે બરાબર સંભળાતી હતી:

'અરે, કુતરાની તો શી વાત કરૂં? તેણે તો આજે મને સર્વસ્વ આપ્યું છે. ઘરમાં આગ થઇ છે. તે ગંધથી જાણી લઇ તેણે અમને તેમ જ પાડોશીને સૌથી પહેલાં જગાડ્યાં. આજે ઘર બચ્યું તે તેના પ્રતાપ. કેવી અજાયબ જેવી વાત કે તેણે અંધારામાં અને ધુમાડામાં પડેલા મારા પિમુને ઓળખ્યો! બહારથી અમે બેત્રણ જણાએ અંદર જવા પ્રયત્ન કરેલો પણ ધુમાડા ને અંધકારને લીધે અમે કાંઇ કરી શક્યા નહિ. પિમુનું ખમીસ મોઢામાં પકડી ટૉમીએ તેને ઠેઠ બારણા સુધી ઘસડી આણ્યો. ટૉમી ન હોત તો મારો પિમુ આજે જીવતો ન હોત. ગમે તેટલા પૈસા તો શું પણ કોઈ રાજ્ય આપી દે તો પણ હું ટૉમીને ઘરમાંથી બહાર કાઢનાર નથી. ભલે દીનશાને કેસ કરવો હોય તો કરે.'

'કાં ભાઈ, તારા બાપુજી બોલે છે તે સાંભળ્યું? તારો ટૉમી આ ઘરમાંથી હવે કદિ જનાર નથી. તું શાન્તિ રાખજે.' પિમુની મા સજળ નયને બોલી.

પિમુની આંખમાં પણ હર્ષનાં આંસુ આવ્યાં અને તેણે ટૉમીને પોતાની પાસે ખેંચી એક લાંબી ચુમી લીધી.

ગજાનન ભટ્ટ

રત્નાગિરિ

પ્રાગડના દોરા ફુટ્યા ને અમારી આગબોટ ધીમી પડી. જાગીને જોયું તો કોઇ ફણીધરને માથે મણિ ઝળકે એમ સર્પાકારે પથરાએલા પહાડને માથે સામે રત્નાગિરિની દીવાદાંડી ઝળહળી રહી છે.

અમે છ યે મિત્રો આંખો ચોળતા ઉઠ્યા ને પોટલાં બાંધવા લાગ્યા. જોતજોતાંમાં ઘરર્ ઘરર્ ઘરર્ આગબોટે લંગર નાખ્યું ને મછવાવાળાના પોકાર સંભળાયા: ‘ લવકર લવકર ’ (જલદી જલદી).

ભાવનગરથી મુંબાઇ ને મુંબાઇથી રત્નાગિરિ બોટમાં જ આવ્યા હતા. કોઇનું આંખમાથું નહોતું દુખ્યું એના ગર્વમાં ડોલતા અમે મછવામાં ચડી બેઠા. પણ દરિયો ગાડાંગાડાં જેવડાં મોજાં ઉછાળતો હતો અને અમે એકબીજા ઉપર જઇ પડતા એમાં યે મચ્છીની દુર્ગંધે તો માથું ફાટતું હતું. અમારા ગર્વનું ગળીને પાણી થઇ ગયું, અને એ પાણી બે ભાઇઓના મુખ વાટે બહાર નીકળી પડ્યું! થોડી વારમાં અમે કાંઠે પહોંચી ગયા. ભાવનગર અને મુંબાઇમાં તો પગ પલાળ્યા વગર કાંઠે પહોંચાય; એટલે અહીં પણ એમ જ હશે એમ ધારેલું. પણ મછવો ગોઠણ સમા પાણીમાં અટકી પડ્યો. શ્રીમંત લોકો બબ્બે પૈસા દઇ ખુરશીએ ચડી ઉતરી ગયા; ગરીબો લુગડાં ઉંચાં લઇ કાંઠે પહોંચ્યા. અમે નહોતા ગરીબ કે નહોતા શ્રીમંત.

વિચાર કરવાનો વખત નહોતો. અમને બધાને અહીં લાવનાર દક્ષિણામૂર્તિના દક્ષિણી શિક્ષક ગોપાળરાવ કુલકર્ણી, દુઃશાસનને મારવા ભીમસેન ઉઠે એમ ઉઠ્યા. પહેરણ કાઢી કચ્છો માર્યો ને ચાર જણનો સામાન ઉઠાવી કુદી પડ્યા. એમનું આવું અદ્ભુત પરાક્રમ જોઇ મને શૂર ચડ્યું ને હું પણ બે બગલથેલી ગળામાં નાખી, બે બિસ્ત્રા બગલમાં મારી ઉતરી પડ્યો. સૌ કાંઠે આવ્યા.

અમારી ગાંધીટોપી અને બગલથેલીઓ જોઇ એક પોલિસ દોડ્યો આવ્યો. ઉઘાડે ડીલે, કચ્છાભર ઉભેલા ગોપાળભાઇને મજુર ધાર્યા હોય કે રસોયા, પણ એમની સામે પણ જોયા વગર એ મને પુછવા માંડ્યો, ‘ કુઠુનાલા તુમિ ? ’ મરાઠી જાણવાનો ડોળ હું ભાવનગરમાં કરતો, એટલે અહીં પણ મારી ઢેડમરાઠી ચાલશે એમ ધારી ‘ ભાવનગરલા આલો, તુમ્હાલા કાય કામ હૈ ’ એવો ઉત્તર દઇ દીધો ! ગોપાળભાઇ વગેરે હસે; પોલિસ ખીજાય; પણ બીજો ઉપાય નહોતો. માંડમાંડ ‘ નામ નોંધાવો ’ એટલું એની નોટ ને પેન્સિલ ઉપરથી હું સમજી ગયો અને અમારાં નામઠામ નોંધાવ્યાં. ગોપાળભાઇનું નામ નોંધતાં કોલ્હાપુર શબ્દ આવ્યો ત્યારે મારો કેડો મુક્યો ને બાકીની વાત એમની સાથે કરી લીધી.

પોલિસની લપમાંથી છુટીને ઊંચું જોયું તો સામે આંખને ઠારે એવી કુદરત ખીલી રહી હતી. સુકા કાઠિયાવાડમાંથી અમે આવતા હતા; રત્નાગિરિ તો કોંકણનો બગીચો ! પરભાષાને લીધે જેનાં નામ વિસરી જવાય એવાં કેટલાં યે વૃક્ષોની ઘટા જામી પડી હતી; અને રત્નાગિરિની કંકુવરણી રજ પાંદડાં ઉપર અનેરી ભાત પાડતી હતી. પવન કયા ફુલોની સુગંધે અમારાં મનને મનાવતો હતો એ તો હજી યે નથી સમજાયું.

અમારો ઉતારો કોંકણના ગાંધી આપા સાહેબના આશ્રમે હતો. આપા સાહેબનું આખું નામ સીતારામ પટવર્ધન. એમને એમ. એ. ની પરદેશી ઉપાધિ વળગી છે. પૂર્વાશ્રમમાં એ ન્યૂ પૂના કૉલેજના તત્ત્વજ્ઞાનના પ્રોફેસર હતા. મહાત્મા ગાંધીજીએ સાબરમતી તીરે આશ્રમ સ્થાપ્યો ને અસહકારની બાંગ પોકારી ત્યારે મહારાષ્ટ્રનાં કાકા સાહેબ, વિનોબા અને મામા સાહેબ જેવાં જે અનેક રત્નો ગુજરાતને મળ્યાં તેમાંના જ એક આપા સાહેબ.

હમણાં આપા સાહેબે કોંકણમાં ખાદીનું થાણું નાખ્યું છે. ટેકરી ઉપર આશ્રમ છે; ફરતી આંબાવાડી ઝુકી રહી છે; કાજુડીનો પાર નથી. આપા સાહેબના

મિત્ર ધાણેકર અમને લેવા સામે આવ્યા. આશ્રમમાં જઈ બે ઘડી બેઠા. ત્યાંની અલૌકિક શાંતિમાં બધો થાક ઊતરી ગયો. થોડી વારે ધાણેકર જેવા જ અલમસ્ત આપા સાહેબ આવી પહોંચ્યા. અમારો પત્ર એમને રાહ જોવડાવતો હતો. ભુલાએલી ગુજરાતીમાં એમણે બહુ જ હેતથી વાતો કરી. નાહીધોઇ અમે ગામ જોવા ચાલ્યા.

ગાંડાની ઇસ્પીતાલ જોઇ. આપણા દેશની બેકારી મગજ ઠેકાણે નથી રહેવા દેતી, એના એ પ્રત્યક્ષ નમુના હતા. ત્યાંથી બજારમાં આવ્યા. રત્નાગિરિ કાજુનું તો ઘર છે; અધમણઅધમણનાં ફણસ ત્યાં થાય છે. કરમદાં, ઉર્દુ ટમેટાં, કાળિયાં ટમેટાં (આ બધાં અમે પાડેલાં નામ) એવીએવી બધી કોંકણની ફલસંપત્તિ અમારે માટે આપા સાહેબે ખરીદી. અમે બધાની ચાખણી કરી.

રત્નાગિરિ જેટલું સુંદર એટલું જ પ્રતિભાવાન પણ છે. અનેક નરરત્નોની એ જનેતા છે. લોકમાન્ય તિલક મહારાજનો જન્મ રત્નાગિરિમાં; ગોખલેજી અને સાવરકર ભાઇઓની પણ એ જ જન્મભૂમિ.

બપોરે તિલક મહારાજના જન્મસ્થાનને અને ગોખલેજીની હવેલીને ભક્તિભર્યાં પ્રણામ કરી અમે સાવરકરનાં દર્શને ચાલ્યા.

ઉતાવળે દોડ્યા આવતા દુશ્મનનું માથું ભાંગી જાય એવા અંધારા ઓરડામાં થઇને એમની બેઠકમાં જવાતું હતું. વાઘની બોડમાં પેસતા હોઇએ એવી મનની હાલત હતી; કોણ જાણે કેવો નર નજરે પડશે ? ધીરે પગલે અંદર ચાલ્યા. અમને આવકાર આપવા એ સામે આવતા હતા. પાંત્રીસચાળીસ વરસની અવસ્થા હશે. તેજનાં કિરણ પસરાવતું અર્ધે માથે કપાળ, દુશ્મનનાં કાળજાં વીંધે એવી ઝીણી નજર, અને જેને ખખળાવી નાખવામાં ચૌદચૌદ વરસનો કારાવાસ હારી ગયો એવું સુદઢ શરીર! દેશને કાજે એણે દુ:ખ ખમવામાં કાંઇ બાકી નથી રાખી. એમને જોઇ અમારૂં હૈયું એમને ચરણે ઢળી પડ્યું.

અમે ગુજરાતી છીએ એ ખબર પડી એટલે એમણે હિંદીમાં વાત શરૂ કરી. અમે એટલું મધુર અને સચોટ હિંદી પહેલી જ વાર સાંભળ્યું. અમારાં શરીર જોઇ એમને સંતોષ થયો. દક્ષિણામૂર્તિમાં લાઠી શીખવાય છે એ જાણી આનંદ થયો; કુસ્તી ને પટ્ટાબાજી શીખવા આગ્રહપૂર્વક ભલામણ કરી. વ્યાયામ, અસ્પૃશ્યતા, હિંદુસંગઠ્ઠન, અહિંસા; એ બધા વિષય ઉપર ટૂંકું પણ પૂર્ણ વિવેચન કરી ગયા અને છેવટની શીખામણ આપતાં કહ્યું, 'તમારે ગુજરાતીઓને તો અહિંસા જોઇએ ને! તો એક જુલમગાર હજાર માણસ મારે એ કરતાં, એક જુલમગારને મારી નવસો નવાણું નિર્દોષ જીવ બચાવવા એનું નામ અહિંસા!'

સાવરકર પાસે જનાર જુવાન પંદર મિનિટમાં હિંસક બની જાય એવું એમનું પ્રભાવશાળી વ્યક્તિત્વ છે; અને એ વાત ઉપર એટલી એમની શ્રદ્ધા છે. હજી પણ રત્નાગિરિની બજારમાં સાવરકરને આવતા ભાળી ભલભલા અંગ્રેજ શેરીમાં વળી જાય છે. હમણાં એ રાજકીય પ્રવૃત્તિ છોડી હિંદુસંગઠ્ઠન ઉપર અડચા છે. પણ હિંદુસંગઠ્ઠન તો નામ માત્ર!

સાંજે અમે ભવાનીગઢ જોવા ગયા. સાગરતીરે કાળભૈરવ જેવો એ ગઢ ઊભો છે. ગઢમાં બેઠેલી ભવાની માતાના પગ પખાળવા સાગર ત્રણત્રણ માથોડાં ઉછળી રહ્યો છે. નીચે એક ભોંયરામાં હોડકાં ચાલે એટલું પાણી ભર્યું છે અને એ ઠેઠ બે ગાઉ ઉપર આવેલા બીજા ગઢ સુધી પહોંચે છે. શિવાજી મહારાજ દરિયા વાટે અહીંથી ઉપડી જતા.

શિવાજી મહારાજના ગઢ એટલે આપણે જેને ડુંગરી કિલ્લા કહીએ છીએ એવા; પણ એનાથી ચોખ્ખો ખ્યાલ નથી આવતો. શિવાજી મહારાજની વાતો, એમના સાવજ જેવા સાથીની શુરવીરતા અને એમના અજીતગઢનાં વખાણ સહ્યાદ્રિની કાળમીઢ જેવી કઠણ ભાષામાં જ થઇ શકે.

અફાટ સાગરના પટ ઉપરથી આથમતા સુરજને જોઇ અમારી વાચા રોકાઇ ગઇ!

વગર ગેરૂએ લુગડાં ભગવાં કરી, અમે આશ્રમે આવ્યા. એટલી રમણીયતા કે કેટલું ચાલ્યા ને કોને પગે એની ખબર જ પડી નહિ!

બીજે દહાડે અમારે કોલ્હાપુર ઉપડી જવાનું હતું.

રામનારાયણ નાગરદાસ પાઠક



મારાં નવાં પાડોશી

પક્ષી સંબંધી કેટલુંક વિશેષ

મારાં જુનાં પાડોશી સમળી, કાગડા, કોયલ તથા ટીટોડી સંબંધી આપણે આગળ ઉપર કેટલુંક જોઇ ગયા. ત્યાર બાદ છેલ્લા ત્રણચાર માસમાં કેટલાંક નવાં પક્ષી મારા બગીચામાં આવી પહોંચ્યાં. તેમની પીછાન મારે કેવી રીતે થઈ તે હું હવે કહું.

ઘણી વાર આપણે અમુક વસ્તુને પીછાનતા નથી હોતા તેથી, અથવા તેના તરફ આપણું દુર્લક્ષ હોય છે તેથી, તે આપણી સમીપ હોવા છતાં પણ આપણી નજરે કદિ પડતી નથી. મેં એક વખત મારા મિત્રને કહ્યું, ' મેં આજે ફુલચકલી જોઇ; શું સુંદર ! ' તેને તે જોવાની ઇચ્છા થતાં મારે ઘેર બોલાવીને બતાવી ત્યારે તે કહે ' આ તો મારા બગીચામાં રોજ ઉડે છે.' આપણી બધાની સ્થિતિ લગભગ આવી જ હોય છે.

ફુલચકલી–શકરખોરો. (**Sun-Bird or Honey sucker**) સંબંધી ડગલાસ દીવારના પુસ્તકમાં આ પ્રમાણે વર્ણન છે: લાંબી વળેલ ચાંચ અને મીઠા અવાજવાળું ફુલમાંથી મધ ચુસીને રહેનાર સુંદર નાનું પક્ષી; માળા તો એવો સુંદર બાંધે કે આપણે ઘડીભર સુગરીને પણ વિસરી જઇએ.' આવું પક્ષી તો પુસ્તકમાં જ હશે, આપણે તો માત્ર ચિત્ર જોઇ રાજી થવાનું. આવા વિચાર મને ઘણી વાર આવતા. એવામાં એક દિવસ સાંજના ચાર વાગ્યે મારી બારીમાં લચી રહેલી કરેણ ઉપર એક બહુ જ નાનું તદ્દન કાળું પક્ષી ઉડતું જોયું. તેણે પોતાની લાંબી વળેલી ચાંચ ફુલમાં પરોવી હતી, અને બેસી શકાય તેમ ન હોવાથી પતંગિયાની માફક ફુલ ઉપર ઉડતું હતું. મેં ફુલચકલી બાબત જો કાંઈ વાંચ્યું ન હોત તો હું તેને ચોક્કસ કાળું પતંગિયું માની લેત. પછી તો તપાસ કરતાં તેની માદા પણ મળી, અને તેમણે બાંધેલો માળો બગીચાની વાડમાં મેંદીએ લટકતો જોયો. નરનો રંગ તદ્દન કાળો હોય છે, પણ જ્યારે તેના ઉપર સૂર્યનાં કિરણો પડે છે ત્યારે તેનાં પીછાં લીલી અથવા જાંબુડિયા છાંય ધારણ કરે છે. માદાનો રંગ ઉપરથી ભુરો અને પેટ આગળ ઝાંખો પીળો હોય છે.



ફુલચકલી : નર અને માદા

લગભગ બધાં પક્ષી ઇંડાં મુકી રહ્યા પછી પોતાનાં પીંછા ખેરવે છે ત્યારે માંદાં જેવાં થઈ જાય છે; કેટલાંક તો તે વખતે મરી પણ જાય છે. બહુબોલાં પક્ષી તે વખતે બહુ જ થોડું બોલે છે. ગાતાં પક્ષી પોતાનું સંગીત બંધ રાખે છે. મોર જેવાં પોતાની કળાના અભિમાન વાળાં પક્ષી નૃત્ય બંધ કરી સંતાતાં ફરે છે અને જ્યારે બરાબર પીછાં આવી જાય ત્યારે જ અસલ સ્વરૂપ ધારણ કરે છે. તે પ્રમાણે ફુલચકલીનો નર બચ્ચાં મોટાં થયાં પછી કાળો મટી માદાનાં રંગનો થઇ જાય છે. માત્ર પેટ ઉપર તેને જાંબુડિયા રંગનો એક પટો રહે છે. પછી તે પોતાનાં પીછાં ખેરવે છે અને તેને લીધે રંગફેર થાય છે. નરમાદાના આવા


ખુશ રંગને લીધે જ તેઓ આપણું ધ્યાન ખેંચી શકતાં નથી; નહિ તો બારે માસ તેઓ આપણી સાથે જ હોય છે. જ્યારે નર કાળો ને ચકચકિત બને છે ત્યારે જ આપણું ધ્યાન ખેંચાય છે અને આપણે માનીએ છીએ કે ફુલચકલી બગીચામાં આવી.

માળો સુગરી જેવો, પણ નાનો હોય છે. બચ્ચાંની સગવડ ખાતર તેની અંદર આકોલિયાનું રૂ ભીંછાવી તેને બહુ જ સુંવાળો કરવામાં આવેલો હોય છે. નાનાં પક્ષીઓ પોતાના માળાને કરોળિયાના જાળા વતી ઝાડ સાથે ચોડે છે; જ્યારે મોટાં પક્ષી પોતાના માળાને માણસ અથવા ઘોડાના વાળથી ઝાડ સાથે મજબુત બાંધે છે.

ફેબ્રુઆરીમાં અમારી ફુલચકલીએ માળામાં સફેદ–રાતાં છાંટણાંવાળાં બે ઈંડાં મુક્યાં. મેં તે હાથમાં લઇને જોયાં. મારો એક અનુભવી મિત્ર કહે કે હવે તે ઇંડાંને નહિ સેવે. આથી મને દિલગીરી થઈ. પણ ચકલીએ મારા અડવાનો કાંઇ વાંધો લીધો હોય તેમ લાગતું નથી. હવે તો તેમાથી પીળી ચાંચોવાળાં બે બચ્ચાં થયાં છે અને મધ ખાવા માટે ચાંચો કાઢી માળાની બારીમાંથી તેમની માની રાહ જોયા કરે છે. આ પ્રમાણે ફુલચકલી અને તેના કુટુંબ સાથે હું નિકટ સંબંધમાં આવ્યો.

ગયે વર્ષે દીવાળીના તહેવારોમાં મેં એક અવાવરૂ મકાનના છજામાંથી છસાત કાળી ચકલીઓને ઉડતી જોઇ. તેઓ એટલી ઝડપથી ઉડતી હતી કે તેમના આકાર, કદ કે ચાંચ કાંઇ ખાસ દેખી શકાતું ન હતું. તેઓ વારંવાર માળામાં આવી જતી, પણ એટલી ઝડપે આવતી અને જતી કે હું કાંઇ નક્કી કરી શકતો નહિ. આવી કાળી ચકલીઓને કલાકના કલાક સુધી સવારસાંજ ઉડતી આપણે જોઇએ છીએ અને આપણામાંનો મોટો ભાગ તેને ચામાચીડિયાં કહીને સંતોષ માને છે. પક્ષીમાં ખાસ રસ લેતા મારા મિત્રને મેં આ બાબત પુછી અને તેમને આ ઉડતી ચકલીઓ બતાવી. તેમણે સમજ પાડી કે આ કાંઇ ચામાચીડિયાં નથી, પણ જેને અંગ્રેજીમાં Swift સ્વિફ્ટ અને આપણે અબાબીલ કહીએ છીએ તે છે.

આ અબાબીલ કલાકના ૧૦૦ માઇલની ઝડપે ઉડે છે! અચંબો પામવાનું કાંઇ કારણ નથી, કેમકે




અબાબિલ (સ્વિફ્ટ)

સાધારણ પક્ષીઓ પણ લગભગ કલાકના ત્રીસ માઇલ ની ઝડપે ઉડતાં હોય છે. કાગડાની ઝડપ તો મેં પોતે માપી છે. કાગડાઓ જ્યારે સાંજે પોતપોતાના રહેઠાણ તરફ જતા હોય છે, ત્યારે તેમની ગતિ સીધી અને એકસરખી હોય છે. મારો ચોક ૪૦ વાર પહોળો છે, અને બંને બાજુ ઉંચી દીવાલો છે. મેં સ્ટૉપ-વૉચથી નક્કી કર્યું છે કે કાગડા ત્રણ સેકંડમાં આ ૪૦ વાર પસાર કરી જાય છે, એટલે એક મિનિટમાં ૮૦૦ વાર—લગભગ અરધો માઇલ અંતર થયું. આ ગણત્રીએ કલાકની લગભગ ત્રીસ માઇલની ઝડપ થઇ. કાબરો તો કાગડાથી પણ વધુ ઝડપે ઉડતી માલુમ પડે છે. કબુતરો ઘણે દૂર સુધી બહુ સારી ઝડપે જાય છે, અને તેટલા જ માટે લડાઇમાં સંદેશા લઈ જવા માટે કબુતરો વપરાય છે.

પક્ષીનિરીક્ષણથી જે અપૂર્વ આનંદ કાંઇ પણ ખર્ચ સિવાય મળે છે તે આનંદ બીજેથી ભાગ્યે જ મળતો હશે. હું સ્કાઉટોને ખાસ ભલામણ કરૂં છું કે સવારસાંજ આકાશ સામી દૃષ્ટિ રાખીને બેસવું અને જોવું કે પક્ષીઓ કેવી રીતે ઉડે છે. કબુતરો અને કાબરો પાંખો ફફડાવે છે; જ્યારે સમળીને ગોળાકારમાં પાંખ હલાવ્યા સિવાય ચડતી કે ઉતરતી આપણે જોઇએ છીએ. કહે છે કે ઘુવડ પોતાની પાંખોના છેડા એવા તો ધીમેથી હલાવે છે કે તે આપણા કાન પાસેથી પસાર થાય તોપણ ખબર ન પડે. અને તેની આવી ચુપકીથી ઉડવાની રીતને લીધે રાત્રે તે ઉંદરોને ખેતરમાંથી પકડી શકે છે. બધાં પક્ષી જ ઈંડાં સેવતી વખતે જ માળામાં રહે છે; એ સિવાય તો ઝાડ ઉપર કોઇ ડાળીમાં બેસે છે. પક્ષ



બાજુએ કલકલીઓ



ઉપર : હુડહુડ

Swift---અબાબીલ તો બારે માસ માળામાં જ રહે છે; કારણ કે ઝાડની ડાળી પકડી બેસી શકે તેવા તેના પગ નથી હોતા. તેના પગ કરતાં તેની પાંખો મોટી હોવાથી તે જમીન ઉપર તો બેસતું જ નથી, કેમકે પગ નાના હોઇ ફરી ઉઠી શકે નહિ. માળામાંથી અથવા છાપરા ઉપરથી ઉડતી વખતે તે પ્રથમ પડતું મુકે છે અને પછી પાંખો પસારી ઉડવા લાગે છે. તેની મોંફાડ ઘણી મોટી હોય છે. તે મોઢું ફાડીને જ ઉડે છે, અને મચ્છર જેવી ઝીણી ઉડતી જીવાત ખાય છે.

આ ઉપરાંત હમણાંહમણાં બે બહુ જ સુંદર પક્ષીઓએ આવીને મારા બગીચાને વધુ ખુબસુરત બનાવ્યો છેઃ એક કલકલીઓ અને બીજું હુડહુડ. આ બંને પક્ષી બાબત પ્રથમ મારી બહુ જ ગેરસમજ હતી. કલકલીઓ તો નદી અથવા તળાવકિનારે જ હોય એમ હું માનતો, અને હુડહુડને હું ઘંટીટાંકણો કહેતો. નાનપણમાં ખોટી રીતે સાંભળેલી હકીકતની જ આ અસર હતી.

કલકલીઆ બે જાતના થાય છે. એક ધોળા ને કાળા પટાવાળો અને બીજો ધોળી છાતી, કાળી ચાંચ, રાતા પગ અને ચકચકતી વાદળી પાંખો તથા પુંછડીવાળો. તેની ચાંચ ચીપિયા જેવી સીધી મોટી, પુંછડી તદ્દન નાની અને કદમાં તે ચકલી જેવડું મોટું હોય છે. આ બીજી જાતનો વાદળી કલકલીઓ મારા નળ પાસેના લીમડા ઉપર દરરોજ સવારે દેખાય છે. સામાન્ય રીતે કલકલીઆ અંગુઠા જેવડાં માછલાં તો જલદી પાણીમાં ડુબકી મારી પકડી શકે છે. પણ આ કલકલીઓ તો તીડિયાં અને તેવાં બીજા જંતુ ઉપર જ પોતાનો નિર્વાહ ચલાવતો લાગે છે; જ્યારે ધોળાકાળા પટ્ટાવાળો કલકલીઓ તો નદી અને તળાવ ઉપર જ માલુમ પડે છે અને ડુબકી મારી માછલાં આબાદ રીતે પકડે છે.

હુડહુડને માથે લાંબી અણીવાળી કલગી હોય છે અને જ્યારે તે તેને પહોળી કરે છે ત્યારે તો તે પક્ષી બહુ જ ખુબસુરત દેખાય છે. એક બાજુ લાંબી અણીવાળી ચાંચ અને બીજી બાજુ સંકેલેલી અણીવાળી કલગીઃ તેથી કરીને તેનું માથું ઘંટી ટાંકવાની હથોડી જેવું લાગે છે, અને તેટલા જ માટે અમે તેને ઘંટીટાંકણીઓ કહેતા. આ પક્ષી હોલા જેવા રંગનું અને કદમાં પણ તેવડું જ હોય છે. ફેર માત્ર એટલો જ કે હુડહુડને માથે કલગી અને પાંખો ઉપર પટ્ટા હોય છે. આ પક્ષી આપણા બગીચા કે ચોકમાં ઉભરાતી ઝીણી જીવાતો ખાઈ પોતાનું પોષણ કરે છે અને બગીચો તથા ચોક ચોખ્ખા રાખે છે. એ માળા બાંધતું નથી પણ દીવાલ કે ઝાડની અંદરનાં નાનાં કાણાંમાં ઈંડાં મુકે છે.

આ પ્રમાણે આપણે ધ્યાન રાખતા થઇએ તો કહેવાય છે કે એક વર્ષ દરમ્યાન લગભગ દોઢસો જાતનાં પક્ષીઓ આપણે ત્યાં આવે છે અને જાય છે. જો આ બધાંની યાદી આપણે તૈયાર કરી શકીએ તો હિંદુસ્તાનનાં પક્ષીઓ ઉપર આપણે ઘણું અજવાળું પાડી શકીએ.

ગજાનન ભટ્ટ

વિનુને આજે તેના મોટા ભાઇએ દાખલા ગણી આપ્યા હતા. સાંજે તે નિશાળેથી ઘેર આવ્યો એટલે તેના મોટા ભાઇએ પુછ્યું, 'કેમ વિનુ, પેલા દાખલા જોઈ તારા શિક્ષક કાંઇ બોલ્યા હતા કે ?'

વિનુ—હા, તેમણે કહ્યું કે તું દિવસે દિવસે વધારે મૂર્ખ થતો જાય છે !

દરદી—હા, પણ મને હજી શ્વાસ લેવામાં બહુ હરકત પડે છે.

ડાક્ટર—કાંઇ વાંધો નહિ; એ તો હું બંધ કરી શકીશ!

શાહે આલમ

અમદાવાદ


નસીબ જેવી વસ્તુ માનીએ તો સ્થળો, શહેરો, એવી દુનિયાની નજરે જડ જણાતી અનેક વસ્તુઓનાં નસીબ કેવાંકેવા સંજોગોમાં કેવી ચડતી-પડતી ઉત્પન્ન કરે છે તે જાણી ઘણું આશ્ચર્ય થાય છે. સ્થળનાં કોઈ પણ જાતનાં આકર્ષણથી કે આકર્ષણ વગર તે સ્થળે વસેલાં શહેરો તેના સ્થાપનારના અથાગ પરિશ્રમ છતાં પણ ખંડેર થયાં છે. કોઈ ખાસ સંજોગોને લીધે ગમે તેવી અનાકર્ષક જગ્યાએ વસેલાં શહેરો આજ સુધી ઉભાં છે, અને કેટલાંક વારંવાર ભાંગ્યા છતાં ફરી આબાદ થયાં છે. બંગાળાની પ્રાચીન રાજધાની ગૌડ, અકબરે વસાવેલું ફતેહપુર સિક્રી, ચીની મુસાફરે વખાણેલું આપણું વલભીપુર અને મહમુદ બેગડાએ અમદાવાદથી યે વધારે શણગારેલા ચાંપાનેરની આજે શી સ્થિતિ છે !

૧૫મી સદીની શરૂઆતમાં બાદશાહ અહમદશાહે વસાવ્યા પછી આપણા અમદાવાદની જ કેવી ચડતી પડતી થઇ તેનો સહેજ વિચાર કે વાત કરવાની કહીએ છીએ ત્યારે પૈસા કમાવાની સ્પર્ધામાં પડેલા અમદાવાદીને હસવું આવે છે. ગુજરાત નિર્માલ્ય હતું અને હાલ છે, એ ખોટી ભાવનાએ હાલની કેટલીક નિર્માલ્યતાનું આયુષ્ય વધાર્યું છે. પ્રાચીન ઇતિહાસનું જ્ઞાન આ નિર્માલ્યતા દૂર કરવાની એક દવા છે. પ્રાચીન મહત્તાનો ઇતિહાસ ભવિષ્યની પ્રજાને ઉત્તેજે છે ને જે ખામીઓથી એ દોષો આવ્યા તે કાઢવાના ઉપાયો સૂચવે છે.

ઇસ્વી સનની શરૂઆતથી રૂદ્રદામાના લેખમાં જણાવેલો શ્વભ્ર દેશ તે સાબરકાંઠાનો મુલક; અને સાબરમતીનું નામ શ્વભ્રવતી હતું એ તો છેક સોલંકી રાજ્યકાળ સુધી લખાએલાં પુસ્તકોમાંથી જણાય છે. શ્વભ્રવતી નદી એટલે કોતરવાળી નદી, એ સાબરમતીનાં કોતરો ઉપરથી પડેલું નામ છે. શ્વભ્રવતી નદી ગુર્જર દેશની દક્ષિણ હદની નદી ગણાતી એવો ઉલ્લેખ મળે છે.

આ શ્વભ્રવતીને કિનારે આશાપલ્લી, આસાવલ અગર મુસલમાનોનું યેસાવલ, ખંભાતના રસ્તા ઉપર, દસમી સદીના ગુજરાતની દક્ષિણ સીમાનું નાનું પણ જુનું શહેર હતું. અલ્બરૂનીએ એની નોંધ લીધી છે. કર્ણદેવ સોલંકીએ સાબરમતીની પૂર્વ અને દક્ષિણના પ્રાંતોમાં વ્યવસ્થા કરવા માટે ત્યાં પડાવ નાખી એનું નામ બદલી કર્ણાવતી રાખ્યું, અને જૈન વણિક વેપારીઓના વસવાટથી એની આબાદી વધવા માંડી શ્રીનગર અને રાજનગર એવાં ઉપનામો મળ્યાં. પરંતુ ચાંપાનેરનું નામ મહમુદ બેગડાએ મુહમ્મદાબાદ બદલ્યા છતાં લોકપ્રિય નામ ચાંપાનેર જ કાયમ રહ્યું તેમ, ગ્રંથો અને લેખો સિવાય, કર્ણાવતીને બદલે લોકપ્રિય આસાવલ નામ જ ચાલુ રહ્યું હોય એમ જણાય છે. બાદશાહ અહમદશાહે પીરોમાં શ્રેષ્ઠ એવા શેખ અહમદ ખટુ ગંજબક્ષની આજ્ઞાથી આસાવલની અડોઅડ, સહેજ ઉત્તરે, નવું શહેર અહમદાબાદ–અમદાવાદ વસાવ્યું ત્યારે જ આસાવલ નામ ઇતિહાસનાં પાનાંઓ માટે અળગું થયું.

આશાપલ્લી અથવા કર્ણાવતીનાં મકાનો અને મંદિરોના પત્થરો, પાટણ ચંદ્રાવતીના પત્થરોની સાથે, અમદાવાદનાં મકાનો બાંધવામાં વપરાયા. કેટલાંક મંદિરોને તો માત્ર કમાન અને ઘુમટ ઉમેરીને મસ્જિદોમાં ફેરવી નાખ્યાં; તેનાં ઉદાહરણો જમાલપુર



દરવાજા આગળની હૈદરખાનની મસ્જિદમાં અને ભદ્રની ગુજરાત કલબ સામેની મસ્જિદમાં હાલ પણ દેખાય છે. ભદ્રની મસ્જિદમાં તો થાંભલા વગેરે ઉપરની હિંદુ મૂર્તિઓ ઘસીને સાફ કરવાનો વખત પણ મળ્યો લાગતો નથી; અને એક થાંભલા પર મહારાજા વિસલદેવના વખતનો તેરમી સદીનો અધુરો લેખ પણ છે. ભદ્રમાં અને તેની દક્ષિણે ખોદતાં મૂર્તિઓ જડે છે.

આશરે દોઢસો વર્ષની સ્વતંત્ર બાદશાહીમાં ગુજરાતની સાથે અમદાવાદની આબાદી અને વેપારઉદ્યોગ વધ્યાં. અમદાવાદ જેવું સુંદર શહેર આખા એશિઆમાં તે વખતે નહોતું. એને પૂર્વની મહારાણી–Queen of the East–એવું નામ બહારના મુસાફરોએ આપ્યું હતું. વેપારનું તો એ કેન્દ્ર હતું જ. બાદશાહી સિક્કાઓમાં એનું ઉપનામ ' શહેરે મુઆઝમ' (મહાન શહેર) હતું. ગુજરાતી સ્થાપત્યનાં લાલિત્ય અને કારીગરીનો જોટો તે વખતે હિંદુસ્તાનમાં તો નહોતો જ; અને હિંદુમુસ્લીમ ઐક્ય એ સ્થાપત્યમાં તો એવી અજબ રીતે થયું હતું કે અમદાવાદની મસ્જીદો થોડા ફેરફાર સિવાય દરેક રીતે હિંદુ સ્થાપત્યનાં લક્ષણ જાળવી, અદ્દભુત કારીગરીના નમુના રૂપ આજે ઉભી છે.

આસ્તોડીએ રાણી સિપ્રીની ' મસ્જિદે નગીના,' મીરઝાંપુરમાં રાણી રૂપમતીની મસ્જિદ, જુમા મસ્જિદ, શાહપુરમાં હુસેન મુહમ્મદ ચિશ્તીની મસ્જિદ, ઘીકાંટે મુહાફીઝખાંની મસ્જિદ, લાલ દરવાજે સીદી સૈયદની મસ્જિદ જેવી મસ્જિદો; પીર બાદશાહ અહમદશાહનો રોજો, હઝરત શાહે આલમ સાહેબનો રોજો, કૅલિકો મીલ પાસે મીર અબુ તુરાબનો રોજો, ગુજરાત વિદ્યાપીઠ પાસે સૈયદ ઉસમાન શમે બુરહાનીનો રોજો અને ખાનપુરમાં શાહ વજીઉદ્દીનના રોજા જેવા રોજાઓ; દાદા હરીની વાવ અને કાંકરિયા તળાવ જેવા પુરાણા અવશેષો અમદાવાદનાં સ્થાપત્ય અને કારીગરી વિવિધ રંગોમાં બતાવી રહ્યાં છે. અને હઠીસીંગનું મંદિર, સ્વામીનારાયણનું મંદિર તથા એતરપાળની પોળ અને ફતાશાની પોળનાં જૈનમંદિરો તથા કેટલાંક લાકડકામવાળાં ઘરો, એ કલા અને કોતરણી આજ સુધી તાજી છે એ સિદ્ધ કરે છે. પત્થરની જાળીઓનું કામ તો આખા હિંદુસ્તાનમાં અમદાવાદમાં જ સર્વશ્રેષ્ઠ છે એમ કહીએ તો અતિશયોક્તિ નથી. લાલ


દરવાજે સીદી સૈયદની મસ્જીદમાંની ઝાડની જાળી અને બીજા રોજાઓની જાળીઓ જેવું ઝીણું કામ આગ્રા–દિલ્હીમાં પણ નથી. ભૌમિતિક આકૃતિઓ તો કલાકારે છુટે હાથે વેરી છે; અને દિલ્હી–આગ્રાના આરસના કામ કરતાં અમદાવાદના રેતીઆ પત્થર (sand stone) ઉપર તેનાથી ચડિયાતું કામ કરવાના ચાતુર્યનાં યોગ્ય વખાણ કરવાં એમાં પોતાનું તે સારૂં એવી વૃત્તિ હોવાનો આરોપ કોઇ કરી શકે તેમ નથી.

આવી રીતે ગુજરાતી બાદશાહોએ શણગારેલા અમદાવાદને મોગલ બાદશાહોએ વધુ તો ન શણગાર્યું, પણ આબાદી પુરેપુરી સાચવી રાખી. પણ તે પછી તેના ભાગ્યચક્રમાં આવેલા મરાઠા રાજ્યના વખતમાં એના ઉપર રાહુની દશા બેઠી. વસ્તી આઠ લાખથી ઘટી એંશી હજારની થઈ. સર ટૉમસ રોને લંડન જેવડું લાગેલું અમદાવાદ કોટની અંદરના કેટલાક ભાગોમાં પણ ઉજ્જડ થઇ ગયું. પરંતુ અમદાવાદનું નસીબ જુદું હતું. ધીમેધીમે એની ચડતી એના વેપારમાં દેખાવાની શરૂઆત થઇ અને તે આજ સુધી પણ ચાલુ જ છે.

આવા આપણા અમદાવાદનો એકએક પત્થર અને એકએક નાની જગ્યા પોતાનો ઇતિહાસ દરેક રસથી ભરપુર કહી શકે તેમ છે. અનેક અમીરો અને બીજા રાજપુરુષો ઉપરાંત અનેક સંતો પણ આ ભૂમિ ઉપર થઇ ગયા છે.

વટવાથી અમદાવાદના દક્ષિણ કોટ સુધી, સપ્તર્ષિના આરાના કિનારાથી કાંકરિયા તળાવ સુધીના અમદાવાદ બહારના દક્ષિણ ભાગનો ઇતિહાસ કંઇક જાણવા જેવો છે. અમદાવાદ ઉત્તર અને પશ્ચિમ કરતાં પૂર્વે અને દક્ષિણે જ વધારે ફેલાએલું અને વસેલું. આ દક્ષિણ ભાગમાં અનેક સંતોના નિવાસ અને રાજપુરુષોના મહેલો થઈ ગયા છે અને હાલ પણ ત્યાં કેટલાંક મકાનો ઉભાં છે. આ દક્ષિણ ભાગનો ઇતિહાસ અમદાવાદથી પણ જુનો છે. અમદાવાદથી પહેલાંનું અને તે પછી એના એક પરા તરીકે છેક મોગલાઈ સુધી ઓળખાતું આસાવલ આ જ ભાગમાં છે. આજનું અસારવા તે જ આસાવલ એ માન્યતા ખોટી છે. અમદાવાદ વસતાં પહેલાં સાબરમતીના કિનારા ઉપર કૅલિકો મીલની દક્ષિણ હદની લગભગથી શરૂ થઈ કોટની અંદર જમાલપુર, ખાનજહાન અને લગભગ રાયખડ સુધી એની હદ હતી; અને પૂર્વની સરહદ આસ્તોડીઆ દરવાજા અને રાયપુર દરવાજાને અડી કાંકરિયા તળાવ સુધી હોવાનું જણાય છે. એનું નામ બદલી કર્ણાવતી રાખવાનો કર્ણદેવનો પ્રયત્ન નિષ્ફળ ગયા પછી અહમદશાહે તેની છેક નજીક અમદાવાદ શહેર વસાવ્યું. અમદાવાદની સ્થાપના પછી અનેક નાનાં પરાં ઉભરાવો અને સંતોના નામથી વસ્યાં અને આસાવલ તો ફક્ત હાલના બહેરામપુરના વિભાગમાં, કૅલિકો મીલ અને તેની આસપાસની જગ્યાએ જ સંકોચાઇ ગયું. કાંકરિયાની પૂર્વનો ભાગ બાદ કરતાં વટવા સુધીના દક્ષિણ ભાગમાં વસેલાં આસાવલ અને અમદાવાદનાં પરાંઓમાં, કુતુબે આલમના નિવાસનું વટવા, નિઝામુલ્મુલ્ક મલિક ઇસનનું વસ [illegible] નપુર, ચંડોળા તળાવની ઉત્તરે શાહે આલમ [illegible] વસાવેલું રસુલાબાદ, નવી ઇદગાહ પાસે જવામદખાં બાબીએ વસાવેલું જોરાવરપુર, ખુદાવંદખાં મલિક અલીમે વસાવેલું અલીમપુર, સુલતાન કુતુબુદ્દીન અહમદશાહે ખામંદરોળ (ઘટામંડળ)ના મહેલો બંધાવેલા તે ખામંદરોળપુર (હાલનું દાની લીમડા અને સુંધ ખામંદ્રોલ), બહેરામપુર અને આસાવલ એટલાં મુખ્ય હતાં. હાલ વટવા, ઇસનપુર અને બહેરામપુર સિવાય એકેનું નામ જાણીતું નથી.

તવારીખકારો લખે છે કે શહેર બહારનો આ ભાગ એવો સુંદર, બાગબગીચાઓથી મનોહર અને આબાદ હતો, અને અમદાવાદથી મહેમદાવાદ સુધી પરાંઓ અને દુકાનોની એવી સુંદર ગોઠવણ હતી કે છેક મહેમદાવાદ સુધી બધું એક મોટું શહેર હોય એમ લાગતું. એક બાજુ કાંકરિઉં તળાવ, તેનો નગીનાબાગ અને નગીનામહેલ, તેની પાસે અલીમપુર અને મલિક અલીમની મસ્જીદ, તેની પાસે રસુલાબાદનું સુંદર કોટવાળું નાનું નગર અને અંદર શાહે આલમનો રોજો, મસ્જિદ તથા બીજાં મકાનો, મલિક અલીમની પાછળ શેખ કમાલ માળવીની દરગાહ, સપ્તર્ષિ ઉપર બાબાલુલુઈની સુંદર મસ્જિદ, કૅલિકો મીલ પાછળ સૈયદ અબુ તુરાબનો રોજો, શાહે આલમ અને ઇસનપુરની વચ્ચે મોટું ચંડોળા તળાવ



શાહે આલમ અમદાવાદ


ગરવી
ગુજરાત

અને તેની પેલી બાજુ ઇસનપુરની સુંદર જુમા મસ્જિદ તથા કોટ, આટલું તો અત્યારે ભાંગીતુટી અવસ્થામાં પણ સુંદર અને રમ્ય લાગે છે. કેટલા મહેલો અને મકાનો કાલોદધિમાં ડુબી ગયાં હશે ! અત્યારે પણ આ ભાગો પ્રાચીન ઇતિહાસ અને અમદાવાદની આબાદી નજર આગળ ઉભી કરે છે, તો જે વખતે આ જગ્યા ઉપર શિયાળોના અવાજને બદલે મનોહર ગાયનો ચાલતાં હશે અને બાંગો પોકારાતી હશે, કોઇ રડયાખડયા વટેમાર્ગુ કે ગામડાંનાં માણસો અગર શહેર બહાર કામે જનારાઓને બદલે હાથી, ઘોડા, પાલખીઓ આવજા કરતાં હશે, મીલો અને ખેતરોને બદલે લીલાં ઉદ્યાનો દીપી રહ્યાં હશે અને સવારીઓમાં બાદશાહી નીગાહ પોકારાતી હશે ત્યારે કેવું રમ્ય, કેવું મનોહર, કેવું અદ્દભુત લાગતું હશે!

આ બધા ભાગમાં શાહે આલમ સાહેબનો રોજો એ મુખ્ય આકર્ષણ છે. રસુલાબાદનો કોટ તો ખંડેર જેવો ઉભો છે અને અંદર ઘાસ ઉગ્યું છે. પરંતુ તેની અંદર બીજો સુંદર દરવાજો મુકી રોજાના વિશાળ મેદાનમાં જવાય છે. આ જગ્યાએ હઝરતે શાહે આલમ સાહેબ રહેતા અને તેમના સ્વર્ગવાસ પછી એમના ખાસ સેવક ગુજરાતી અમીર, તાજપુર વસાવનાર તાજખાન નરપાળીએ રોજો બંધાવ્યો. જહાંગીર બાદશાહની બેગમ નૂરજહાંના ભાઇ અસફખાંએ પાછળથી ઘુમટને સોનાથી શણુગારવા માંડેલો અને તે, ભદ્રની બહારનો મહેલ (હાલની પોસ્ટ ઑફિસ) બાંધનાર આઝમખાંએ પુરો કર્યો. મેદાનની પશ્ચિમે આવેલી મોટી સાદી મસ્જિદ મુહમ્મદ સાલેહ બદક્ષીએ બંધાવી અને તેના મિનારા નિઝાબતખાંએ શરૂ કરેલા તે સૈફખાંએ પુરા કર્યા. દરવાજાને ડાબે હાથે સુલતાન મહમુદ બીજાએ બંધાવેલું મુસાફરખાનું છે, જેને ૧૭૮૦માં અમદાવાદના ઘેરા વખતે બ્રિટિશોએ ઉપયોગમાં લઇ ભાંગેલું. મેદાનની નીચે ઉતરીને પાણી લવાય એવું મોટું ટાંકું મુઇજુલ્મુલ્કે બંધાવેલું છે. આ રીતે આ બધાં મકાનો લગભગ દોઢસો વર્ષના ગાળામાં બંધાએલાં છે.

આ પ્રમાણે શાહે આલમનાં મકાનો હાલ ઉભાં છે. રોજાની જાળીનું કામ ઘણું જ બારીક અને સુંદર છે. દરવાજાનાં પિત્તળનાં કમાડની જાળી અમદાવાદમાં પિત્તળનું કામ પણ ઘણું સારૂં થતું એ બતાવી આપે છે. શાહે આલમની જાળીઓ અમદાવાદમાં એટલી પ્રસિદ્ધ હતી કે આજ સુધી અમદાવાદમાં વણાતી અતલસ ઉપર 'શાલમ જાળી' પાડેલી હોય તેની કીમત બીજી ભાતો કરતાં વધારે ઉપજતી. મુખ્ય રોજાની સામે બીજો તેવો જ રોજો શાહે આલમના છઠ્ઠા વંશજ સૈયદ મકબુલે આલમ સાહેબનો છે. બંને રોજાઓમાં શાહે આલમના બધા વંશજો છે અને આ બીજા રોજામાં 'કદમે રસુલ શરીફ' એટલે પેગમ્બર સાહેબનાં પવિત્ર પગલાં છે.

શાહે આલમનાં મકાનોની બાજુમાં વિશાળ ચંડોળા તળાવ છે. એ તળાવનું નામ ક્યારે અને શા ઉપરથી પડયું તે જણાતું નથી. એની ગણત્રી ગુજરાતનાં મોટાં તળાવોમાં થાય છે. ચંડોળા તળાવ કુલ ૧૮૧ એકરમાં હોવા છતાં હાલ તેમાં ભાગ પાડવામાં આવ્યા છે અને ઘણા ભાગમાં ખેતી થાય છે. જ્યારે પાણી હોય છે ત્યારે તળાવની આસપાસનો ભાગ ઘણો રળિયામણો લાગે છે. સાંજે અનેક પક્ષીઓ ભેગાં થાય છે અને પાણીમાં કમળ પણ ઉગે છે. ઇસનપુરથી તળાવને કિનારેકિનારે આવતાં સામે શાહે આલમના મકાનોનો દેખાવ ઘણો જ મનોહર લાગે છે. શાહે આલમનાં મકાનો તેમ જ વટવા અને કુતુબે આલમ સાહેબ સંબંધી તથા અમદાવાદના આ દક્ષિણ વિભાગમાં આવેલાં બીજા અનેક સ્થળોની અનેક રસમય વિગતો, વાતો અને ઐતિહાસિક હકીકતો છે, જે બધું લખતાં લંબાણ ઘણું જ થઈ જાય એટલે શાહે આલમ સાહેબ સંબંધી થોડું લખી આ લેખ પુરો કરીશું.

પંજાબના ઉચ્છ ગામના સંત પુરુષ મખદુમે જહાંનિયાં સૈયદ જલાલ બુખારીના પૌત્ર વટવાવાળા કુતુબે આલમ સાહેબે ગુજરાતમાં બુખારી સૈયદોની સ્થાપના કરી. અમદાવાદ વસતું હતું ત્યારે બાદશાહની વિનંતિથી આસાવલમાં એ થોડો વખત રહ્યા; અને તે પછી વટવામાં પોતાનું કાયમનું સ્થાન કર્યું. તેમના એ ખાનદાન ચાલે છે. તેમાં વટવાવાળા કુતુબી સૈયદો અને શાહે આલમવાળા શાહી સૈયદો કહેવાય છે. શાહે આલમ સાહેબ એમના બીજા પુત્ર થાય. મુસલમાનોએ તથા ગુજરાતના બીજા બધા બાદશાહોએ

એમને તથા એમના વંશજોને ઘણા જ પૂજ્ય ગણેલા છે. બાપથી જુદા પડ્યા પછી એમણે આસાવલ પાસે રસુલાબાદ નામનું પરું વસાવી ત્યાં પોતાનું રહેઠાણ કર્યું, અને એમનો પવિત્ર રોજો પણ હાલ એ જ જગ્યા ઉપર બાંધેલો છે. શાહે આલમને તેમના વખતમાં મિયાં મંજલા કહેતા. તેમનું લગ્ન સિંધના જામની પુત્રી બીબી મુરકી સાથે થયું હતું. તે સિવાય બીજી સ્ત્રીઓ પણ એમને હતી. સુલતાન મહમુદ બેગડાના બાપ સુલતાન મુહમ્મદ બીજાના એ સાઢુ થાય, અને મહમુદ બેગડાના માસા થાય. જ્યારે મહમુદ નાનો હતો ત્યારે તે પોતાના માસા શાહે આલમની પાસે રહેતો હતો, કારણ કે તેનો સાવકો ભાઇ સુલ્તાન કુતુબુદ્દીન તેને મારી નાખવાના ઘણા પ્રયત્નો કરી રહ્યો હતો. મહમુદ બેગડો, જેને નાનપણમાં ફતેહખાં કહેતા તેના ઉપર શાહે આલમ સાહેબની ઘણી પ્રીતિ હતી અને એને સુલતાનના ક્રોધમાંથી બચાવવા માટે હજરતે ઘણા ચમત્કારો કર્યા કહેવાય છે.

શાહે આલમ સાહેબમાં સાધુતા[illegible]ણ સંપૂર્ણ ખીલેલા હતા. તે બધાનું તથા તે[illegible]મત્કારોનું વર્ણન કરતાં ઘણો વિસ્તાર થાય. સંસારનાં રહેવા છતાં, સંસારનું દરેક સુખ, દરેક ભોગવિલાસ ભોગવવા છતાં સંપૂર્ણ સાધુતા અને વીતરાગપણું શી રીતે રહી શકે છે, કર્મ કર્યાં છતાં ફળની આશા ન રાખવી એ કર્મયોગનો સિદ્ધાંત જીવનમાં સફળ કેમ થાય છે તેનું સુંદર દૃષ્ટાંત શાહે આલમ સાહેબના જીવનની વિગતોનો અભ્યાસ કરવાથી સમજાય છે. શાહે આલમ સાહેબ તા. ૨૦ જમાદલ આખર હીજરી ૮૮૦માં એટલે તા. ૨૦મી ઑક્ટોબર ૧૪૭૫માં જિન્નતનશીન થયા.

બધો દુનિયાદારી ઠાઠ ભોગવવા છતાં તે વિરક્ત હતા. અઠવાડીએ એક વાર શુક્રવારે જ કોઇને મળતા અને ધર્મ, જ્ઞાન વગેરેની વાતો અને ખુલાસા પુછનારને કરતા, તેમજ સંસારનાં દુઃખ કહેનારનાં કષ્ટ પણ ટાળતા, એવા એ સિદ્ધ પુરુષ હતા. તે સિવાયનો વખત ઇશ્વરધ્યાનમાં ગાળતા. ઇસલામ ધર્મમાં ગાયન આદિની મનાઈ કરેલી છે એમ મનાય છે. એક વખત એક જડીઆએ બાદશાહને માટે જડિતકામ સાથે એક રૂબાબ તૈયાર કરેલું, તે લઇને એ બાદશાહને નજર કરવા જતો હતો. રસ્તામાં તેને શહેરનો કાજી નજમુદ્દીન મળ્યો. તેણે એ રૂબાબ જોઇને તોડીને ફેંકી દીધું. જડીઆએ આ ફરિયાદ સુલતાન આગળ કરી. સુલતાને તે વખતે કાંઇ કહ્યું નહિ, પણ કાજીને એટલું કહેવડાવ્યું કે મિયાં મંજલા (શાહે આલમ) ધર્મની આજ્ઞા વિરૂદ્ધ રેશમી કપડાં પહેરે છે અને ગાયન સાંભળે છે એને કેમ કંઇ કહેતો નથી ? કાજી આ સાંભળીને ધર્મપુસ્તકોમાંથી રેશમી કપડાં અને ગાયનની વિરૂદ્ધ ઉતારા એક કાગળ ઉપર ટાંકી શુક્રવારે હઝરત શાહ પાસે ગયો. કાજી એમની સામે બેઠો એટલે તરત જ એનું ધર્મઝનુન નરમ પડી ગયું. એ દિવસે શાહે આલમે સાધારણ કાળો ઝબ્બો અને કાળી ટોપી પહેરી હતી. એમણે કાજીને પુછ્યું કે આપની પાઘડીમાં શેનો કાગળ ખોસેલો છે ? કાજીએ કાગળ હઝરતના હાથમાં મુક્યો તો તે કોરો માલમ પડ્યો અને બીજો કોઇ કાગળ જડ્યો નહિ. શાહે આલમ કાજીના મનની બધી વાત સમજી ગયા હતા. કાજી તો શરમિંદો જ પડી ગયો હતો અને મનમાં હજરતનો શિષ્ય થઈ ચુક્યો હતો. તે પછી શાહે આલમ ઉઠ્યા અને એક સુતાર કામ કરતો હતો તેની દોરી લઈ કેડે વીંટી, એમાં એક લાકડી ખોસી અને કાજીનો હાથ ઝાલી મકાનની બહાર નીકળ્યા. બહાર નીકળતાં જ તેમનો ઝબ્બો કિનખાબનો, દોરી રત્નજડિત કમરબંધ જેવી અને લાકડી ખંજર જેવી લોકોની નજરે પડી. શાહે કાજીને કહ્યું, ' મારો લેબાસ એનો એ જ છે તેના તમે સાક્ષી છો. લોકોની નજરે આવો પડે એવી પરવરદીગારની ઇચ્છા છે. એમાં હું ગરીબ શું કરૂં ? ' કાજી નમી પડીને હજરતનો સેવક થઈ રહ્યો.

આવા અનેક કિસ્સાઓ છે જેનું વર્ણન થઇ શકે તેમ નથી. એક ધોબીના રમુજી કિસ્સાની દંતકથા હજી પણ ચાલે છે. માળવાના શેખ કમાલ અને શાહે આલમની હકીકત ઉપર જણાવી છે. આ બંને સંતો પાડોશી હતા તે પણ આગળ જોયું. એ બંનેનો ધોબી એક હતો અને તેને કાંઇ સંતાન ન હતું. બંને સંતો પાસે એ જતો ત્યારે આટલી મહેરબાની કરવા વિનવતો. એક વખત હજરત શાહે આલમે ખુશી થઇ કહ્યું કે ' જા, તને છોકરો થશે.' પછી શેખ કમાલ પાસે જઈ તે જ દિવસે એ જ

વિનંતિ કરી. શેખે કહ્યું કે 'જા, તને છોકરી થશે.' એ પછી કેટલેક સમયે તેને છોકરો થયો તે લઇ શાહે આલમને ત્યાં ગયો, અને તેમને બતાવ્યા બાદ, શેખ કમાલ પાસે આવ્યો. તે વખતે આશ્ચર્ય સાથે છોકરાને બદલે છોકરી માલુમ પડી! પછી જ્યારે જ્યારે એ શાહે આલમને મકાને જાય ત્યારે છોકરો અને શેખને મકાને જાય ત્યારે છોકરી થતી. તેથી આજે પણ મુસલમાનોમાં માન્યતા છે કે શાહે આલમ અને શેખ કમાલના રોજાઓમાં એક જ દિવસે કદિ જવું નહિ.

શાહે આલમના પિતા વટવાવાળા કુતુબે આલમ સાહેબ માટે પણ અનેક વાતો કહેવામાં આવે છે. એમાં એક વાત જાણવા જેવી છે. એક વખત રાત્રે એ બહાર નીકળ્યા હતા ત્યારે લાકડાની એક ગાંઠ પડેલી તેની ઠોકર વાગવાથી લોહી નીકળ્યું. કુતુબે આલમ બોલ્યા કે 'કયા હે? લુહા હે, લક્કડ હે, કે પત્થર હે?' દિવસ ઉગ્યા પછી જોતાં ત્રણે વસ્તુઓના મિશ્રણવાળો એક કકડો પડેલો માલમ પડ્યો! અકબર બાદશાહે જ્યારે ગુજરાત જીત્યું ત્યારે આ કકડો જોઇ તેને અરધો કરાવી પોતાની સાથે દિલ્હી લઇ ગયા અને બાકીનો અરધો આજે પણ બતાવવામાં આવે છે એમ કહેવાય છે. આખા અમદાવાદમાં તો મહાપુરુષો, ધાર્મિક, રાજકીય વગેરે દરેક ક્ષેત્રમાં એટલા થયા છે, અને દરેકદરેક સ્થળનો ઇતિહાસ એટલો રસમય છે કે લખતાં પાર ન આવે.

આમ, અમદાવાદની આબાદી લગભગ પાંચસો વર્ષથી તેના સંતો અને મહાપુરુષોના પ્રતાપે આજ સુધી ચાલી આવી છે. હાલનું અમદાવાદ તે મરાઠા રાજ્યની અવ્યવસ્થાથી સડી ગયા પછી અમદાવાદીઓની જાતમહેનતથી સહેજ સુધરેલી એ પ્રાચીન અમદાવાદની આવૃત્તિ છે. એને જમાના પ્રમાણે હજી તો ઘણી યે સુધારવી વધારવી પડશે. બાદશાહ અહમદશાહ શહેરની સ્થાપના કર્યા પછી શાહે આલમના બાપ કુતુબે આલમ પાસે શહેર માટે આશીર્વાદ માગવા ગયા ત્યારે તે મહાત્માએ કહેલું કે 'અહમદાબાદ—અબ્દુલ આબાદ'—(પરમકૃપાળુ પરમેશ્વર અમદાવાદને સદાકાળ આબાદ રાખશે) એ ભવિષ્યવાણી સત્ય જ ઠરી છે અને ઠરશે, એમ અમદાવાદની હાલની પ્રગતિથી જણાય છે; અને અમદાવાદની હાલની આવૃત્તિ સુધરીને ગ્લેઝવાળી, સચિત્ર અને સુવર્ણમંડિત થશે ત્યારે અમદાવાદ શહેર તેની પ્રાચીન મહત્તા નવા કલેવર અને નવા વેશમાં શોભાવશે. આ સ્થિતિ આવવાને હવે સૈકાઓ નથી લાગવાના. એની પ્રગતિની સવારીના નિશાનડંકાના અવાજ દૂરદૂરથી સંભળાવા લાગ્યા છે. **રત્નમણિરાવ ભીમરાવ**

મારી ચુંદડી

ઓઢું હું રંગભરી ચુંદડી! (૨)
વગડે શણગાર ભર્યો ઠામઠામ કેસુડો,
વગડો લુંટાય, હો સાહેલડી! —ઓઢું૦

કેસુડાંનાં પાણીડે રંગાય એ સીંગવડો, *
દરિયો છલકાય, હો સાહેલડી! —ઓઢું૦

ચુંદડીથી ઢાંકું પેલો આભલામાં ચાંદલો,
મનડું હરખાય, હો સાહેલડી! —ઓઢું૦

ચુંદડીના રંગથી દીપાવું મારો ઓટલો,
સાથીઆ પુરાય, હો સાહેલડી! —ઓઢું૦

રંગના વરસાદમાં ભીંજાય પેલો બાલુડો,
નેહડો વરતાય, હો સાહેલડી! —ઓઢું૦

રઘુનાથ ગંગારામ કદમ

ઈનામી હરીફાઈનાં પરિણામ

તમે તંત્રી હો તો

વાળી ઇનામી હરીફાઈમાં તેર જણાએ ભાગ લીધેલો. તેમના જવાબો ઉપર થોડી વિવેચના આ અંકની મિજલસમાં જોશો. પહેલું ઇનામ જનાર્દન ગોવિંદરાય વસાવડા (ગોંડળ) ને, બીજું ઇનામ ડૉ. મૅકેન્ઝી પી. સોલા (બાજીપુરા)ને, ત્રીજું જયંતી પારેખ (સાબરમતી)ને અને ચોથું ખીમજી રૂપસી મોતા (મુંબાઇ)ને મળે છે.

સ્ત્રી ઇનામ

માટે ગયા બે માસ (પોષ અને માહ)થી જે બે વિષયો ખુલ્લા મુક્યા છે તેને માટે હજી અમને પુરતા લેખો મળ્યા ન હોવાથી એ બંને ઇનામો હજી ખુલ્લાં રાખીએ છીએ.

---

* ગીરપ્રદેશની એક નદી



મારી પોતાની વાત

૬

ત્રણ પાડોશણો

પારવતી માશી જડાવ માશી ને લખુડી માશી

અંગ્રેજી બીજા ધોરણથી છઠ્ઠા સુધી હું અમદાવાદમાં, મારાં માશીને ઘેર રહીને ભણ્યો. માશી સિવાય બીજાં પણ અમારે ઘણાં સગાં હતાં, પરંતુ અમારી ગરીબાઇની મુસીબતોનો ખરો ખ્યાલ જેવો એ સમજ્યાં હતાં એવું બીજું કોઇ ભાગ્યે જ સમજ્યું હશે.

માસા પણ મારા ઉપર બહુ માયા રાખતા, અને એમને ઘેર રહી હું બે અક્ષર ભણીગણી સુખી થાઉં એવી ઉમેદ રાખતા. માશી-માસા બંને મારી સાથે એટલાં ઉદાર મનથી વર્તતા કે એ દિવસો અત્યારે સંભારું છું ત્યારે પણ મારું હૃદય આદર અને ભક્તિભાવથી ઉભરાઇ ગયા વગર રહેતું નથી.

સગાંવહાલાંની ખરી કદર ગરીબાઇમાં જ થાય છે. સંસારની વિકટતા, સ્વાર્થપરાયણતા, ધનવાનોની નિષ્ઠુરતા વગેરે ઘણા કડવામીઠા અનુભવો અમને એ દિવસોમાં થયા.

હવે ભાઇ હ. અને અમારી મિત્રમંડળી ફરી જામી. રોજ નવાનવા પ્રદેશ શોધવા ને નવીનવી જીતો મેળવવી એ જ અમારું મુખ્ય કામ હતું.

પતંગના દિવસોમાં માશીના તથા પાડોશીના ઘરનાં છાપરાંનાં નેવાંના ભુક્કા ઉડવા લાગ્યા. ઉડતી પતંગો ઝંડાથી પાડવી, કપાએલી પતંગોની દોરો લુટવી, સામી પોળોવાળા જોડે નળિયેનળિયે લડવું એવાએવા ચાંચિયાના હુન્નરમાં અમે કુશળતા મેળવી હતી.

પાડોશમાં એક પારવતી માશી હતાં. એમનું છાપરું ને અગાશી એક વખત એટલાં બધાં ખુંદાઇ ગયાં કે બીજે દિવસે તો એ ધોકણું લઇને જ આવી ઉભાં. ધમકી, ડર, ગાળો, શાપ–કશાને અમે જ્યારે ગાંઠતા જ નથી એમ એમણે જોયું ત્યારે છેલ્લું કહેણ કહીને એ ગયાં કે ' હવે પછી તમને કોઇને મારી અગાશીમાં પગ મુકતા જોઇશ તો ટાંટિયો જ વાઢી નાખીશ.' તે વખતથી અમે નિશ્ચય કર્યો કે હવે પછી આપણે એમની અગાશી કે છાપરે ન જ જવું; નહિ તો ટાંટિયો ખોવાનો સોદો છે!

પરંતુ બીજે જ દિવસે સાંજે, ભર દોરથી બે પતંગો ચાલી જાય છે; એક છે ઘેંશિયો લચ્છાદાર ને બીજો છે ચટાપટો. મન કેમ ઝાલ્યું રહે? ' ઉઠ જીવ !' મેં ઝંડો લીધો. મ. ભાઇએ લંગર ફેંકવા માંડ્યાં અને હ. કોટડા પરથી દોડી સામે છાપરે કુદવા જાય છે એવામાં જ પારવતી માશીની અગાશીમાં ધબ લઇને પડ્યા! પડ્યા તો ખરા, પણ આડાં પતરાં પર પડ્યા. અવાજ થયો ધમમમમ . . . .

પારવતી માશી નીચેથી બુમો પાડવા લાગ્યાં. પાડાપાડોશી ' શું થયું? શું થયું?' કરવા લાગ્યાં. માશી નીચેથી વઢે છે અને અમારા જીવ ઊડી ગયા. પણ હ. ભાઇને વાગ્યા કરતાં યે ટાંટિયો વઢાવાની વધારે બીક હતી. ઝડપ દઇને એ ઉભા થયા અને કોટડા ઉપરથી અમે એમના હાથ ઝાલી લીધા, એટલે સાચવીને એ અમારી સરહદમાં આવી હોંશિયાર થઇને ખુંખારવા લાગ્યા.

' હવે આવી જા; તારી માની પારવતી !' હજી એમ હું બોલતો હતો એટલામાં તો મોટો છરો લઇને પારવતી માશી આવી પહોંચ્યાં!

બાંહ્યો ચડાવીને ભાઇ હ. કોટડા પર જ બેઠા છે; પણ પગ અમારી હદમાં હતા. સમયસૂચકતા વાપરી એ ખબરદારીથી કહેવા લાગ્યા, 'જુઓ પારવતી માશી, કંઇ નથી બન્યું. આ આમથી બે મોટા બિલાડા લડતાલડતા આવ્યા. મેં જાણ્યું તમારાં નળિયાં ભાંગશે. કાલની તમે એ તરફ પગ મુકવાની મના કરેલી એટલે શું કરું? આ વાંસડા વતી હું હાંકવા ગયો એટલે એ ધબ લઇને પડ્યા. પતરાં પર એનો ધડાકો

થયો; બીજું કંઇ નથી. જુઓ પાર્વતી માશી ! કાલનાં તમે ના કહી ગયાં ત્યારથી તમારૂં એક્કે નળિયું ભાંગ્યું છે ?' પાર્વતી માશીને સંતોષ થયો ને વાત ખરી માનીને નીચે ગયાં. પણ ત્યાર પછી તો પાર્વતી માશીનાં કેટલાં યે નળિયાં ભાંગ્યાં છે ને સેંકડો વાર એમની અગાશીમાં પગ મુકાઇ ગયા છે !

અમારે ગિલ્લીદંડા પણ ચોકઠામાં જ રમવાના. રમતાંરમતાં બીજા' એક જડાવ માશીની મેડીએ મોઇઓ જાય ને ગાળો ખાવી પડે ! એક દિવસ તો કંટાળીને જડાવ માશીએ મોઇ ન જ આપી ને ચાડી ખાધી તે જુદી. હ. ભાઇને રીસ ચડી તે બીજે દિવસે મોઇ તાકીને એવી ઉડાડી કે જડાવ માશીને છીંકે દહીંની માટલી હતી તે જ ફુટી ! એ જોઈ 'લેતી જા જડાવ માશી' એમ બોલી જવાયું. પછી તો રહેશો ક્યાં ? પાછી લડાઈ ચાલી. પણ એ જ રાત્રે જડાવ માશીને વીંછી કરડયો. હ. ભાઇ કહે, 'ચાલો માશી, હું વીંછી ઉતારનારને ત્યાં લઇ જઉં.' એથી કોલકરાર થયા.

પણ મુળ રમુજની વાત તો એ હતી કે હ. ભાઇ કોઇ વીંછી ઉતારનારને ઓળખતા જ નહોતા. ખાલી ગપ છાંટેલી. કારણ એ હતું કે જડાવ માશી વીંછીની પીડાથી છેડો વાળીને કોઇ મરી ગયું હોય ને રૂવે એમ રોતાં હતાં. હ. ભાઇના મનમાં એમ કે જડાવ માશી જેવાં માશી રોતાંરોતાં જાય ને આપણે આગળ ચાલીએ ને લોકો જુવે એ પણ એક લ્હાવો છે !

એક પાડોશીએ બળદનો એક્કો જોડી આપ્યો. જડાવ માશી એમાં બેઠેલા ને અમે બધા સાજનમાં ચાલીએ. હ. ભાઇ પાછળ ચાલે ને લોકોનાં ટોળેટોળાં રસ્તામાં પુછે તેને હ. ભાઇ જવાબ આપ્યે જાય કે 'ભાઇઓ જાવ, બહેનો જાવ; અહીં કંઇ તમાશો નથી. એ તો અમારાં જડાવ માશીને વીંછી કરડ્યો છે !'

જડાવ માશી તો ચોધાર આંસુએ રડે છે: 'ઓ મારી મા રે; તું મને મુકીને ક્યાં ગઇ ? ગળથુથીમાં ઝેર કેમ ના દીધાં; વગેરે.' આ વરઘોડો ખાડિયું, સારંગપુર, પાંચકુવા, ચાર રસ્તા ફરીને પાછો ઘેર આવ્યો. વીંછી ઉતારનારને બહુ યે શોધ્યો, પણ કોઇનું યે ઘર હ. ભાઇએ જોયું હોય ત્યારે ને ?

ઘેર આવીને જડાવ માશીને કોઇએ અફીણ ખવડાવીને ઉંઘાડી દીધાં તે સવારે ઉઠયાં ત્યારે તો પાછાં ઘોડા જેવાં ! પણ હ. ભાઇનો ઉપકાર એ જીવ્યાં ત્યાં સુધી માનતાં કે 'ના, બચારો છોકરો પરગજુ તો ખરો; અરધી રાત સુધી મારે સારૂ ભટક્યો.'

ત્રીજાં હતાં લખુડી માશી. એમની નીચેનું ઘર અમે ભાડે રાખેલું. ત્યાં હીંચકા ખાવા રોજ જતા. એ કહે 'હીંચકા ઓછા ખાઓ, મારી મેડી તુટી પડશે.' પણ અમારે સામી ભીંતે અડે એટલા હીંચકા ખાવા જોઇએ. ક્યાંય સુધી લખુડી માશી ગમ ગાય; પણ પછી દાદરે નીચાં વળીને છાનાંમાનાં જુવે.

જરાક એમનું નાક કે કપાળ જોતાં જ અમે હીંચકા ધીમા પાડી દઇએ અને એકબીજાના કાનમાં કહીએ કે 'લખુડી વાંદરી; લખુડી વાંદરી.'

પણ લખુડી માશીના કાન એવા સરવા ! એ 'લખુડી વાંદરી' સાંભળી જાય ને પછી તો અમારા વડિલો પાસે ફરિયાદ ચાલે: 'એ આ તમારા ઘોડાઓને વારજો; મને મોટી સાઠ વરસનીને ગાળો ભાંડે છે.' પુછવામાં આવે કે શી ગાળો ભાંડે છે ત્યારે કહે, 'પુછોને એમને.' પોતાને મોઢે લખુડી વાંદરીની કબુલાત આપે તો પોળમાં કાયમનું નામ પડી જાય એ એમને ધાસ્તી ! આથી ગાળનો પુરાવો મળે નહિ ને અમે ફાવી જઇએ. સાઠ વરસની ડોશી જુઠી ઠરે, ને અમારે ઘણું જીવો હીંચકા !

એક વખત અમારી પોળમાં માતા કાઢનારા વડાદરા બ્રાહ્મણો આવ્યા હતા.

'જે કોઇ સીધું પૈસો ને દીવો મોકલે,
તેના અખુટ રહે ભંડાર;
બહુચર ભલે આવીઆં.'

એમ લહેકા કરીને એ ગાતા હતા. એક જણ ચાદર ઓઢીને 'હૂ હૂ' કરતો ધુણતો હતો અને બીજા 'ધન્ય મા ! ધન્ય મા !' કરતા હતા.

પછી જેના શરીરમાં માતા આવ્યાં હતાં તે બોલ્યો, 'અલ્યા સેવક, શું જોઇએ ?'

સેવક કહે, 'સવા શેર કંકુ અને નાડાછડી આપો મા.'

માતા—વગાડય થાળી. હૂ હૂ; હૂ હૂ. . . .

સેવકો—ધન્ય મા ! ધન્ય મા !

એવામાં તો માતાએ કંકુથી થાળી ભરી દીધી અને મોંમાંથી ધસારાબંધ નાડાછડી કાઢી આપી ! સ્ત્રીઓ આશ્ચર્યચકિત થઈ જોઇ રહી અને છોકરાંઓ ધન્યવાદમાં તાળીઓ પાડી ઉઠયાં.

માતાએ બીજી વાર પુછ્યું, 'બોલ્ય સેવક, શું જોઇએ ? માગે તે આપું.'

સેવક—અત્તર, શ્રીફળ, વાસણ, ઘરેણાં, એવું-એવું આપો મા !

માતા—વગાડય થાળી—

આમ કરીને ચાદર ઓઢીને માતા જ્યાં જમીન પર બધું માગેલું આપવા તત્પર થાય છે ત્યાં હ. ભાઈ ઉઠયા ને માતાની ચાદર ઉઘાડી નાખી ! માતા ધીમેથી પોટલી છોડતાં હતાં અને બધું એક પછી એક ગોઠવતાં જ પકડાઇ ગયાં ! એ બધું મોંમાંથી કાઢીએ છીએ એમ સિદ્ધ થવાનું હતું !

સેવકો તથા પોળની બાયડીઓ બધાં હ. ભાઇનું શું થશે તે બાબત ગભરાતાં હતાં. માતાએ તો શાપ ઉપર શાપ દેવા માંડયા ને માશીએ ક્ષમા માગવા માંડી.

પણ માતા હવે રીસાઇ ગયાં ને ખેલ અધુરો રહ્યો.

બીચારાં માશીએ તો હ. ભાઇ સલામત રહે એ માટે કંઇકંઇ બાધાઓ રાખેલી અને માતાજીના કોપનું સાંત્વન કરેલું. **હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ**

હજી ગઇ કાલની જ વાત

એક ચમત્કાર

વીસમી સદીમાં દેવદેવીઓના ચમત્કારો વગેરેમાં માન-નારાઓ બહુ ઓછા થતા જાય છે.બુદ્ધિથી વિચાર કરનારાઓએ ચમત્કાર જેવી જણાતા દરેક બાબતનું કંઇકંઇ કારણ શોધી કાઢી એ ભ્રમ દૂર કર્યો છે.

અમે પણ એ જ જાતની એક માન્યતા જુઠી હોવી જોઇએ એમ ધારી, અમદાવાદથી પ્રાંતિજ–ખેડબ્રહ્મા લાઇનમાં ડભોડા સ્ટેશનથી ત્રણેક ગાઉ દૂર આવેલા પાલજ ગામમાં હોળી જોવા ગઈ કાલે બપોરે ગએલા.

દરેક ગામમાં હોળી પ્રગટાવાય છે; અહીં માત્ર વિશેષતા એટલી સાંભળેલી કે એ હોળીનાં લાકડાં સળગી રહ્યા પછી ધખધખતા અંગારામાં થઇ ગામનાં લગભગ બધાં માણસો દર વર્ષે ઉઘાડે પગે ચાલ્યાં જાય છે, તો પણ તેમને કશી ઈજા થતી નથી !

કંઇકંઇ તર્કવિતર્કો કરતા અમે ત્યાં પહોંચ્યા. સાંજે સાતેક વાગ્યે ગામના માણસો ' કાળકા માતકી જય ! અંબે માતકી જય ! ' એમ બોલતા એકઠા થયા. અમે પણ સાથે જ હતા. બધે સ્થળે જેમ હોળીઓ પ્રગટાવાય છે તેમ જ અહીં પણ હોળી પ્રગટાવવામાં આવી. સૌ પોતપોતાને ઘેર ચાલ્યા ગયા. રાત્રે લગભગ દસ વાગ્યે હોળીની જ્વાળાઓ નીકળતી બંધ થઈ એટલે વળી પાછાં માણસો ' કાળકા માતકી જય, અંબે માતકી જય ' બોલતાં ભેગાં થઈ ગયાં. બેચાર માણસોએ ધગધગતા કોલસાના ઢગલાને આઠદસ ફુટમાં પહોળો કરી નાખ્યો; અને તે પછી લોકો એક પછી એક ઉપરથી પસાર થવા લાગ્યા. અમે તો જોઇ જ રહ્યા !

આ ભેદ જાણવા માટે તો અમે અહીં આવ્યા હતા; એટલે અમે પણ એ ઢગલામાં ચાલવાનો નિશ્ચય કર્યો. બળવાની બીક તો બહુ જ લાગતી હતી; પણ હીમત ભીડી અમે અંદર પડયા. બે, ત્રણ અને ચોથે ડગલે તો બહાર નીકળી ગયા. અમારા પગમાં લેશ માત્ર ઇજા થઈ ન હતી ! પછી તો ફરી એક વાર અમે બંનેએ ચાલી જોયું; પણ જરા યે ઇજા ન આવી. ત્યાંનાં કેટલાંક માણસો તો જાણે પાણીમાંથી પસાર થવું હોય તેમ પગમાંથી જોડા કાઢી, કપડાં ઉંચા લઈ ખુબ આસ્તેઆસ્તે, પત્થરના ઢગલા ઉપરથી ચાલતા હોય તેમ ચાલ્યા જતા અને બીલકુલ ઇજા વગર બહાર નીકળતા ! કેડમાં છોકરાં બેસાડીને પણ ઘણાં માણસો અંગારામાં ચાલતાં. નાનાંનાનાં છોકરાછોકરીઓ પણ અંદરથી દોડાદોડ કરતાં.

આટલી બધી હકીકત અમે અનુભવી અને નજરોનજર જોઇ. ખુબ ધીરેથી ચાલનારના પગના તળિયામાંથી પરસેવો છુટે છે. ચાલતાંચાલતાં જો કોઇના પગ નીચે અંદર હોમેલા નાળિયેરની કાચલીનો અગ્નિ કે એવું કંઇ આવે છે તો પગે ચોંટી જરા ચમકાવે છે, પરંતુ એનાથી પગમાં ફોલ્લો તો નથી જ ઉઠતો.

બાળકથી માંડી વૃદ્ધ સુધી ત્યાંના સૌ કોઇ આની પાછળ માતાનું સત માને છે. કેળવાએલ માણસો ત્યાં બહુ થોડાં છે. અમારા જેવા માતાના પરચામાં અશ્રદ્ધા રાખનારા પણ એમાંથી વગર ઇજાએ કેમ નીકળી શકયા એનું કારણ અમને કાંઇ સમજાતું નથી. હોળી પ્રકટાવવાના સ્થળ સામે જ કાળકા માતાની ઓરડી છે. આ વાતની પરીક્ષા કરવા કોઇ વાર ઘર આગળ હોળી સળગાવી અંદર ચાલી જોવાનો અમારો વિચાર છે. **ચંદુલાલ ભટ્ટ અને સુખશંકર ભટ્ટ**

હોડીમાં પાણી ભરાતું જોઈ ખાસ્ત્રાને ચિંતા થવા માંડી. ' ચાલો આપણે પાણી કાઢી નાખીએ ' તે બોલ્યો.

પાસે ઉભેલો એક ચક્કર કહે, ' કાંઈ નહિ, પુરેપુરી ભરાવા દોને; એટલે આપણે ઉંધી વાળી બધું પાણી કાઢી નાખશું. '

ખાઓ, પીઓ, લ્હેર કરો અને—

નિષ્ફળતા!

કેટલો ભયંકર શબ્દ ! નિર્બળતા, નપુંસકતા, પરાજય, નિરાશા, દુઃખ, વિનાશની કેટલી બધી સૂચક સંજ્ઞા!

અને જેના જીવનમાં આ શબ્દનો ધ્વનિ વ્યાપક રીતે સંભળાતો હોય તે દીન પુરુષની દશા ?

ડગલેડગલે કામના ડુંગર વગરખસેડેલા પડયા હોય છે; અરધી કરેલી પ્રવૃત્તિઓનો પાર હોતો નથી; અણલડ્યા જીવનસંગ્રામ અને વણભોગવ્યાં સુખ એમનાં એમ જ રહે છે; જુવાની અણખીલી અધુરી અકાળે છુંદાઇ જાય છે. આખું જીવન નિઃસત્વ–નિર્જીવ બને છે.

આનું કારણ? પુરુષાર્થનો અભાવ, પુરુષાર્થનાં પોષક તત્ત્વોના વિકાસની ઉણપ.

પુરુષાર્થ એટલે પૂર્ણ મનુષ્યત્વ, માનવજીવનનાં સર્વ અંગોની સમતોલ ખીલવણી. એ વિકાસથી ઉત્પન્ન થનારી મનુષ્યની શક્તિનો આવિર્ભાવ તે જ પુરુષાર્થ. અને આવા પુરુષાર્થથી સધાતી વસ્તુનું નામ સફળતા, વિજય, ઐશ્વર્ય, સુખ, પૂર્ણ મનુષ્યત્વ.

જેને વિઘ્નો ડરાવતાં નથી, કાર્યની વિશાળતા જેને થથરાવતી નથી, સાધનોની ઉણપ જેને અચકાવતી નથી, એવો પુરુષાર્થી મનુષ્ય જ્યારે કોઈ પણ કાર્યમાં જોડાય છે ત્યારે તેની કેન્દ્રસ્થ શક્તિઓના વિકાસનું સુંદર દર્શન થાય છે. એવો માણસ જ્યારે કોઇ પણ કાર્ય હાથ ધરે છે ત્યારે વિજયને જ વરે છે. કારણ કે એનો વિકાસ સર્વાંગી હોય છે. એના સ્નાયુઓ બલવાન હોય છે; શ્વાસોચ્છ્વાસ પર એનું સંપૂર્ણ સ્વામિત્વ હોય છે; લોહીને શુદ્ધ કરનાર એનાં ફેફસાં, અને એ શુદ્ધ લોહીને વહાવનાર એનું હૃદય શક્તિવાન હોય છે. તાજું પુષ્કળ લોહી ઉત્પન્ન કરનારી એની પાચનક્રિયા ઉત્તમ પ્રતિની હોય છે. અને આ બધાને પરિણામે એના મગજ અને જ્ઞાનતંતુઓ પ્રફુલ્લ, તીવ્ર અને તેજસ્વી હોય છે. એવા મનુષ્યને વિજય હાથવેંતમાં કેમ ન હોય ?

શરીર, મન અને આત્માની સત્ત્વસંશુદ્ધિ વિજયની ચાવી છે. એક પણ અંગની શક્તિનો હ્રાસ આખા માનવજીવનને નિર્બળ કરી નાખનાર નીવડે છે. કારણ, આપણું શરીર એક ઉત્તમ પ્રતિનું યંત્ર છે. એનાં વિવિધ અંગોની રચના અને શક્તિની યોજના અત્યંત બુદ્ધિપૂર્વક કરવામાં આવી છે. પ્રત્યેક અંગ એટલા તો મહત્ત્વનું હોય છે કે એના કાર્યમાં રજ પણ ડખલ આવતાં જ આખા શરીરની શક્તિ અને કાર્યક્ષમતામાં શિથિલતા આવે છે.

આપણે જે આહાર લઇએ છીએ તેની પાચનક્રિયાથી લોહીની ઉત્પત્તિ થાય છે, પરંતુ એને શરીરમાં યોગ્ય રીતે વહેંચી આપનાર તો હૃદય જ છે. સ્નાયુઓનાં દુષક તત્ત્વોને પાછું ખેંચનાર હૃદય ખરૂં, પરંતુ એની વિશુદ્ધિની ક્રિયા તો ફેફસાં જ કરે છે. અને આખા શરીરને નિયત માર્ગે દોરનાર મગજ અને જ્ઞાનતંતુઓનું સ્થાન પણ એટલું જ મહત્ત્વનું છે. અર્થાત્ સમતોલ વિકાસ, પ્રત્યેક અંગની સરળ પ્રવૃત્તિ, ચિત્તની સ્વચ્છતા ઉપરાંત વિચારની સાત્ત્વિક અવસ્થા, ચપળતા અને અનુરૂપતા ઉપર જીવનની સફળતાનો આધાર છે.

આટલું જાણ્યા પછી નિષ્ફળતાની શરૂઆત ક્યાંથી થાય છે, એ શોધી કાઢવું અઘરૂં નથી. અતિશય આહારને લીધે આપણું જઠર નબળું પડયું, શરીરના મધ્યબિન્દુ જેવા આ કારખાનાનો વ્યવસાય ઢીલો થતાં લોહીની ઉત્પત્તિ ઓછી થવા લાગી, એટલે હૃદય પણ આળસુ બન્યું. એને લીધે ફેફસાંનું કામ પણ નરમ પડયું. પરિણામે પોષણના અભાવે અંગોના સ્નાયુઓ નિર્બળ અને ઢીલા બન્યા. કંઇ પણ કાર્ય કરતાં નિર્બળતા જણાવા લાગી. થયું! ચીડિયાપણું, ઉજાગરો, ચિંતા વગેરે મહેમાનોએ પડાવ નાખ્યો. એમનો સત્કાર કરવામાં રોકાએલા મનને બીચારાને વિકસવાનો અવકાશ જ ક્યાં રહ્યો?

આ સર્વનું મુળ માત્ર જરા જેટલી દેખાતી ભૂલમાં જ હોય છેઃ ચાવીને ન ખાધું; નોકરી કે નિશાળે જતાં લપલપ ઉતાવળે ખાઇ લીધું; નાટક કે સીનેમા જોવા જતાં જરા નાસ્તો કર્યો; બે ભાઈબંધ ભેગા થયા એટલે કંઈ હૉટેલમાં ગયા વિના ચાલે; આગ્રહ કરે ત્યારે થોડુંક મિષ્ટાન્ન વધારે લેવું જ પડે;—આવી આવી અનેક જરા જેટલી ભુલોથી શરીરને બનાવી દીધી કચરાપેટી---ઉકરડો. અંદર ચાલ્યું કહોવાણ.

અને પરિણામ? માંદગી,— નિર્બળતા,—નપુંસકતા,—મરણ.


ખાઓ, પીઓ, લહેર કરો અને—

અને, અકાળ મૃત્યુ પામો.

આ ઓછું ત્રાસજનક છે?

આરોગ્ય બળનો પાયો છે. સ્વાસ્થ્યની સરળતા ઉપર વિજયી જીવનનો આધાર છે. યોગ્ય આહાર-વિહાર, શારીરિક શ્રમ અને નિયમિત આરામ પર આરોગ્યનું ભાવિ અવલંબે છે. જ્યારે મનુષ્ય આહાર-વિહારમાં ઉચ્છૃંખલ વર્તન કરે છે, ત્યારે પ્રેમાળ પ્રકૃતિ દેવી એને ખભે હાથ મુકી રોકે છે અને મમતાથી પાછા વળવાનું સૂચવે છે. સામાન્ય રીતે તો કુદરતની આ સૂચના(એટલે ચુંક, અપચો, મરડો, ઉલટી, સળેખમ વગેરે) વ્યર્થ જતી નથી, અને માણસ આહારવિહાર પ્રત્યે લક્ષ આપવા મંડી જાય છે. પરંતુ વારંવાર આવતાં પ્રલોભનો સામે થવાનું સંકલ્પ બળ જેનામાં નથી એવો દીન મનુષ્ય કુદરતની એ શાંત પણ ગંભીર સૂચનાની અવગણના કરે છે. એટલે આખરે એને પ્રકૃતિના પ્રત્યાઘાતનું જ દર્શન થાય છે. અને અંતે અનેક ભયંકર વ્યાધિઓનો તે ભોગ બને છે.

શરીરના વ્યાધિઓમાંથી નવ્વાણું ટકા તો આહાર પ્રત્યે દુર્લક્ષ કરવાથી જ ઉત્પન્ન થાય છે. એટલે આહાર એ પ્રાણીજીવનનો અત્યંત મહત્ત્વનો ભાગ ગણી શકાય.



જુવાનીનો કાળ એ જ સ્વપ્નાં સેવવાનો સમય છે: ત્યારે જ મનઃસૃષ્ટિમાં ભાવનાઓનાં ભવ્ય દર્શન લાધે છે. એ સમયમાં હૃદય ઉન્નત ઊર્મિઓથી જ ધબકતું હોય છે ને મગજ પણ તાઝગી જ અનુભવતું હોય છે: એટલે યુવકની કલ્પના જાણે પ્રજ્વલિત બની દૂર દૂર ભમે છે ને વીરત્વ અને પ્રેમ, સાહસ અને આત્મ-સમર્પણનાં ભવ્ય સ્વપ્નો નિરખે છે. પણ એ વર્ષો વીતતાં, જીંદગીનો બોજો યુવાનને કચરવા માંડે છે અને એ ભવ્ય દર્શનો—ભાવનાના એ પુનિત પછડાયા—પાછા ને પાછા હઠતા જાય છે. મારા યુવાન બંધુઓ અને ભગિનીઓ! તમારાં શરીર ભલે જુવાની વટાવી જાય, પણ તમે તો સદા યુવાન જ રહેજો. જુવાનીના આદર્શોની આરાધના આખી જીંદગી કર્યાં કરજો. જુવાનીના એ આદર્શોને ન ભુલજો, ન ભુલજો! **સી. જીનરાજદાસ**

એ પછી એટલા જ મહત્ત્વનો બીજો વિષય તે કસરત અને આરામ. એક શેર અનાજના પાચનને એકથી ત્રણ કલાક લાગે છે અને એને પચાવવા માટે એક કલાકની સખત શારીરિક મહેનતની જરૂર પડે છે. સ્નાયુઓના સંચાલન પર જ આહારના પાચનનો આધાર હોય છે. અને શ્રમિત થતાં અંગોને જો આરામ ન મળે તો એમની શક્તિનો હ્રાસ થાય અને શિથિલતા આવે. આ રીતે આહાર ઉપરાંત સ્નાયુઓના યોગ્ય સંચાલન અને આરામ પર શરીર યંત્રની પૂર્ણતા અવલંબે છે. હકીકતમાં જો આમ જ છે, તો પછી આમાંથી કયા તત્ત્વને વિસરી જવાય તેમ છે? ઇશ્વર વિષે કદાચ સંદેહ કરી શકાય: એથી પરિણામે કશું જ નુકશાન ન થાય. પરંતુ શરીરને ભુલી જવાય એમ નથી. એક પણ ભુલનું ફળ અત્યંત કઠોર અને ભયાવહ નીવડ્યા વિના રહેતું નથી. જીવન એટલું તો ઝડપથી વહી જાય છે, કે આવી ક્ષુદ્ર ગણાતી ભુલોનો વિચાર કરવો મનુષ્યને આવશ્યક લાગતો નથી.

મોજશોખ, મિથ્યા ગપ્પાં અને એવી બીજી અનેક નિર્જીવ અને પરિણામે દુઃખપ્રદ વાતોમાં માણસ વ્યર્થ કાળક્ષેપ કરતો હોય છે પણ આપણે એને જો આહાર, વ્યાયામ કે નિયમિત આરામની વાત કરીએ તો કહેશે: અરે ભાઇ, વખત જ ક્યાં મળે છે? પરંતુ અરધા મનુષ્ય જેવા આ પામરોને વિચાર પણ નથી આવતો કે મરવાને માટે તો પુષ્કળ સમય છે; માત્ર

કોઇ પણ પ્રયત્ને જીવનને સુંદર ને બળવાન બનાવવા માટે ખાસ સમયની વ્યવસ્થા કરવામાં જ ખરૂં મનુષ્યત્વ રહેલું છે. કારણ કે, એક ક્ષણનો પણ વિલંબ ઘણી વાર વિનાશક નીવડે છે. નિર્બળતા અને નપુંસકતાનું પાલનપોષણ કરનારને પ્રકૃતિના ખાસ સિદ્ધાન્તનું ભાન નથી હોતું કે પૂર્ણ મનુષ્યને જ જીવવાનો અધિકાર છે.

યોગ્ય વ્યાયામથી અંગો બરોબર કસાતાં હોય; પછી એને અત્યંત સરળ અને પોષક આહારનું બળ મળતું હોય; અને તેમાં શાંત સ્વસ્થ નિદ્રા તથા પ્રત્યેક સ્નાયુને શિથિલ રાખી પુરતો આરામ આપવાથી નવું ચેતન પુરાતું હોય તો જ માણસ સંપૂર્ણ રીતે તંદુરસ્ત રહી શકે. શરીરની આવી નિરામયતાથી મગજ હલકું અને શુદ્ધ વિચારને અનુકૂળ બને છે. ઉત્તમ પ્રતિના વિચાર અને વાચનથી ઉલ્હાસ અને ઉત્સાહપ્રેરક બળની પ્રાપ્તિ થાય છે. આનું નામ પૂર્ણ મનુષ્યત્વ.

મસાલાવાળાં તીખાંતમતાં ભોજનો એ આહાર નથી. મરતાંમરતાં લથડતે પગલે થોડુંક ફરી આવવું –ફરવા જવાનો દંભ કરવો એ વ્યાયામ નથી. અનેક વિચારથી ગુંગળાઇ જતા મનવાળો મનુષ્ય શિથિલતા શું એ સમજતો જ નથી. એટલે અત્યારના ધમાલિયા જીવનમાં તો મનુષ્યત્વને ખીલતું જોવાનો પ્રસગ જવલ્લે જ મળે છે. અત્યારના મનુષ્યોનો મોટો ભાગ મનુષ્ય જ નથીઃ મનુષ્યત્વના ઓળા માત્ર છે.

હરિનારાયણ આચાર્ય

ખોરાકની પસંદગી

પોષના અંકમાં 'ખોરાકની પસંદગી' એ મથાળાના લેખમાં શરીરને સુવ્યવસ્થિત રાખવાને માટે ત્રણ પદાર્થની ખાસ જરૂર છે એમ જણાવવામાં આવ્યું છે. એ સિવાય એક ચોથી ચીજની પણ ખાસ જરૂર છે; અને તે ખનીજક્ષારો (Mineral Salts). આ ખાસ અગત્યની ચીજ છે. ખોરાકમાં તે ન હોય તો શરીરનાં હાડ વૃદ્ધિ પામે નહિ તેમ જ લોહી જામે નહિ. આ ક્ષારો મળવાનું મુખ્ય સાધન લીલાં શાક અને તાજાં ફળો છે.

'જો રોટલી અથવા બિસ્કિટને ઘી, માખણ, દુધ અથવા ચાની સાથે લેવામાં આવે તો શરીરયંત્ર હમેશને માટે સુવ્યવસ્થિત રહે' એમ જે કહેવામાં આવ્યું છે તે બરાબર સાચું નથી. ખોરાકને લગતી છેલ્લી શોધખોળને પરિણામે એટલું તો સિદ્ધ થઇ ચુક્યું છે કે જે ચીજોની અંદર (Vitamines) પ્રાણજીવન તત્ત્વ નથી તે ચીજો શરીરને માટે નિરૂપયોગી છે. બિસ્કિટ, સફેદ લોટ–મેંદા કે પરસુદીમાંથી બનાવવામાં આવે છે અને તેથી તેમાં (Vitamines) પ્રાણજીવન તત્ત્વ મુદ્દલ હોતું નથી એમ કહીએ તો ચાલે. આવાં બિસ્કિટથી શરીરને ગરમી મળે, પરંતુ શરીરવૃદ્ધિને માટે જે પ્રાણજીવન તત્ત્વની જરૂર રહે છે તે ક્યાંથી મળે? ડબલરોટી પણ મોટે ભાગે પરસુદીમાંથી જ બનાવાતી હોવાથી તે પણ પ્રાણજીવન તત્ત્વ વગરની હોય છે. એટલે ખોરાક તરીકે તો એ પણ નકામી ગણાય. પ્રાણજીવન તત્ત્વો સારા પ્રમાણમાં તો ઘી દુધમાંથી મળી શકે છે. પરંતુ આગળના લેખમાં સૂચના થઇ છે તેમ કન્ડેન્સ્ડ મિલ્ક–દુધના ઉકાળેલા ડબા વાપરવામાં આવે તો તે દુધના પ્રાણજીવન તત્ત્વોનો નાશ થઇ ગયો હોવાથી કશો જ ફાયદો કરતા નથી. એટલે આવા ખોરાકથી શરીરયંત્ર હમેશને માટે સુવ્યવસ્થિત રહી ન જ શકે તે દેખીતું છે.

પ્રાણજીવન તત્ત્વો (Vitamines) નો પ્રશ્ન ઘણો જ ઉંડો, વિશાળ અને બહુ ઉપયોગી છે, પરંતુ આવા નાના લેખમાં તે પુરેપુરો છેડી શકાય તેમ નથી. ખોરાકમાં ચાનો ઉપયોગ કરવો એવી સલાહ તો હાલના કોઇ ખોરાકશાસ્ત્રી ન જ આપે, તો પછી આપણે સ્કાઉટ્સને તેની ભલામણ કેમ જ કરીએ? ગામડાંમાં તાજું દુધ જે પ્રાણજીવન તત્ત્વથી ભરપુર છે તે ક્યાં થોડું મળે છે?


ખોરાકશાસ્ત્રની દૃષ્ટિએ સ્કાઉટને માટે સૌથી સરસ ખોરાક જાડી લાપસી કે ઓરમું અથવા ચુરમાના લાડવા અને સાથે લીલાં શાક, મુળા, મેથી, કોબીજ વગેરે ગણાય. સાંજના કમોદના ચોખા, ફોતરાવાળી મગની દાળની ખીચડી, પુષ્કળ ઘી અને લીલાં કાચાં શાકની કચુંબર ઉત્તમ ખોરાક છે.

આપણા વડીલો બહુ જ ડાહ્યા અને ઉસ્તાદ હતા કે તેમણે ઉપર જણાવેલ ખોરાકને જુના જમાનાથી જ પસંદ કરેલો છે. આ ખોરાક તૈયાર કરવામાં

બહુ વખત પણ લાગતો નથી. સ્કાઉટના ખોરાકની પસંદગી કરવામાં વખતના વ્યયનો વિચાર કરવાની સાથે શરીરને સહન કરવું ન પડે તે પણ ખાસ ખ્યાલમાં રાખવાની જરૂર છે. અને તેટલા માટે ઘી, દુધ, કાચાં શાક, ફળ વગેરે જે ચીજો ગામડાંમાંથી મળી શકે છે તેનો સમાવેશ ખોરાકની પસંદગીમાં ખાસ કરવો જ જોઇએ.

મુળચંદ ઉત્તમચંદ પારેખ

કયો ગામા ?



ગામા કલ્લુ — વિજેતા ગુંગા

થોડાંક વર્ષ ઉપર વિલાયતથી એક નવજુવાન કુસ્તીબાજે કલકત્તામાં આવીને હિન્દુસ્તાનના પહેલવાનોને આહ્વાન આપ્યું હતું. બીચારાને આ દેશના પાણીની ખબર નહિ એટલે એનો ગર્વ માતો ન હતો. પરંતુ એની બાલિશતા જોઇ અહીંના બધા ય પહેલવાનો હસતા અને એના બડબડાટને કોઇ પણ ગણકારતા ન હતા. છેવટે એને જરા લાડવો ચખાડવા માટે કુચબીહારના મહારાજાએ પોતાના પહેલવાન અલિયાને એની સામે ઉભો કર્યો. અલિયાની પાકટ અવસ્થા હોવા છતાં પણ એણે જોતજોતામાં પેલા યુરોપીઅન પહેલવાનને ધુળ ચાટતો કરી દીધો.

આ અલિયાની જુવાનીએ કુસ્તીના ઇતિહાસમાં કંઇકંઇ ઉથલપાથલ કરી નાખી હતી. એને બે પુત્ર હતા: ગુલામ અને કલ્લુ. કિકડને ટક્કર આપનાર ગુલામ અલિયાને પંડિત મોતીલાલ નહેરૂ પારિસના પ્રદર્શનમાં લઈ ગએલા. ત્યાં એણે યુરોપીઅન કુસ્તીબાજોમાં થથરાટ ફેલાવ્યો હતો. અલિયાનો બીજો પુત્ર કલ્લુ પણ અદ્વિતીય પહેલવાન છે. તેને ગામા નામનો પુત્ર છે. આ ગામા થોડાંક વર્ષ ઉપર જુનાગઢમાં રાજ્યના પહેલવાન તરીકે રહી ગએલો. મહારાષ્ટ્રમાં એની જબરી પ્રતિષ્ઠા છે. ડેક્કન જીમખાનામાં એણે ખુબ માન પ્રાપ્ત કર્યું હતું. એની ઉમર હાલ ૨૩ વર્ષની છે. એ અને ઝિબિસ્કો સામે લડનાર ગામા બંને જુદા. પેલો ગામા તો મોટો છે.

આ ગામા કલ્લુની અને ગુંગા નામના બહેરામુંગા સમવયસ્ક પહેલવાનની કુસ્તી, ગઈ તા. ૨૭મી જાન્યુઆરીને રોજ કોલ્હાપુરમાં ૩૦૦૦૦ પ્રેક્ષકો સમક્ષ થઈ હતી. દોઢ કલાકની રસાકસી પછી ગુંગાએ ગામાને ચિત કરી વિજય મેળવ્યો. કોલ્હાપુરના મહારાજાએ એને ચાંદીની વિજયગદા ભેટ કરી.

ગુંગા અદ્વિતીય પહેલવાન હોઇ હિન્દુસ્તાનમાં એણે ખુબ નામના મેળવી છે. ૧૯૨૩માં પેલા મોટા રૂસ્તમે હિંદ ગામાના ભાઈ ઇમામબક્ષ જોડે એની કુસ્તી લાહોરમાં થએલી. પહેલીમાં ગુંગાએ ઇમામને ચિત કર્યો. બીજીમાં તોફાન થવાથી કુસ્તીનો નીકાલ આવ્યો નહિ. પરંતુ ત્રીજીમાં ગુંગા ઇમામના હાથે મહાત થયો. ઇમામબક્ષ અદ્‌ભુત કુસ્તીબાજ છે. પોતાના ભાઈ ગામા કરતાં પણ એનું કૌશલ્ય ચડિયાતું છે, એવું અત્યારના તજ્જ્ઞ કુસ્તીબાજો માને છે. એ ધ્યાનમાં લેતાં ગુંગાની શક્તિ અને કલાનું કંઈક ભાન થશે. ગામા કલ્લુ અને ગુંગા ઉભયનાં બળ, શક્તિ અને કુસ્તીનું કૌશલ્ય જોનારને મુગ્ધ કરે તેવાં છે.

આ ઉપરથી હારેલો ગામા કયો તે સમજવું મુશ્કેલ નથી. હવે ગામા–ઝિબિસ્કો જંગ વિષે.

સામાન્ય રીતે જ્યારે શ્રેષ્ઠ પહેલવાનો લડે છે, ત્યારે જીતનારને નાણાંની સારી રકમ આપવા ઉપરાંત હારનારને પણ કંઈક આપવું પડે છે. અમેરિકામાં બૉક્સર સૌથી વધારે નાણાં કમાય છે. કેટલીક વખત એ રકમ પાંચ મીંડાંથી ઓછી હોતી નથી. એ નિયમ પ્રમાણે ઝિબિસ્કોને પણ ગામા સાથે લડવામાં આવી જ ભારે રકમ મેળવવી હતી. આ ગરીબ દેશમાં એટલાં નાણાં રોકનાર કોઇ નીકળ્યો નહિ, એટલે ભાઇ સાહેબ કુસ્તી કર્યા વિના જ સ્વદેશ સિધાવ્યાની વાત સંભળાય છે.

હરિનારાયણ આચાર્ય

નવાં પુસ્તકો

કંકાવટી: સંપાદક, ઝવેરચંદ મેઘાણી; મુદ્રક અને પ્રકાશક, અમૃતલાલ દલપતભાઇ શેઠ, રાણપુર; કીમત ૦–૮–૦

આ નાનકડી ચોપડીમાં ગુજરાતની કેટલીક વ્રતકથાઓ સંઘરાઇ છે. કંકાવટી નામ, અંદરના લખાણ જેટલું જ ભાવભર્યું ને હળવું, મંગળ અને રસગંભીર છે. ‘રઢિયાળી રાત’ના ઉંડા ઉછળતા રસકલ્લોલ પછી ‘કંકાવટી’ લોકસાહિત્યની અનોખી ઉષા ઝળહળાવે છે.

વ્રતો લોકજીવનનું ફુલ છે અને વ્રતકથાઓ લોકધનની ફોરમો છે. એ ફુલ કરમાય નહિ ને એ ફોરમો ઉડી જાય નહિ એની ભાળ લેવી એ ધર્મ આજનાં કુમાર કુમારિકાઓનો છે.

કંકાવટી ઘરઘરની મંગલા આરતી છે. એમાં જીવનની કળા છે ને સમાજની રક્ષા છે; છતાં આજ એનું સ્થાન ટેબલ પરના કાચના પરદેશી ફલાવર–વાઝે લીધું છે. અને કંકાવટી જ્યારથી વિસરાઈ છે ત્યારથી કુમારિકાઓનાં લાડકોડ, વહુઆરૂઓના ઉજમ અને ઉમળકા, અને કુટુંબીજનોના ભાવો અધુરા રહી ગયા છે તેની કોણ ના કહેશે?

કંકાવટીને સાહિત્ય અને પ્રજાની અમોલી ભાવના રૂપે પ્રગટાવવા માટે ગુજરાત ભાઇ મેઘાણીનું ઋણી છે. ‘સૌરાષ્ટ્ર’ એક બાજુ ચાલુ રાજનીતિને વિશુદ્ધ કરવા મથે છે તો બીજી બાજુ આવાં પ્રકાશનો દ્વારા દેશમાં ગૌરવભર્યો પ્રાણ પ્રગટાવે છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. **હે. ૫.**

વિલ્હેલ્મ ટેલ: જર્મન નાટક પરથી અનુવાદક તથા પ્રકાશક, નરસિંહભાઇ ઈશ્વરભાઇ પટેલ, પાટીદાર મંદિર, આણંદ; કી. ૨–૦–૦

સ્વિટ્ઝરલંડના સ્વાતંત્ર્યવીર વિલિયમ ટેલનું નામ તો કોણ નહિ જાણતું હોય? જર્મન કવિવર શિલરે એ ટેલના જીવન પરથી એક સુંદર નાટક રચેલું છે તેનો ઉપલું પુસ્તક અનુવાદ છે. શ્રી. નરસિંહભાઇ પટેલ, ગેરીબાલ્ડીના પ્રેરક ને પ્રોત્સાહક જીવનચરિત્રના આલેખનાર તરીકે ગુજરાતને સારી રીતે જાણીતા છે. એમણે મુળ જર્મન ઉપરથી ઉતારેલું હોઇ ઉપલું સચિત્ર નાટક આપણી આગળ મુળના ભાવ બરોબર રજુ કરે છે.

સૂર્યભેદન વ્યાયામ: હિન્દી ઉપરથી અનુવાદક હરિશંકર વિદ્યાર્થી; પ્રકાશક, બાપુભાઇ કુબેરભાઇ પટેલ, બોરીઆ; કી. ૦–૬–૦

‘નમસ્કાર’ નામથી જાણીતી વ્યાયામની આ પદ્ધતિ અમને એટલી તો સારી લાગેલી કે એ હિન્દીમાં કકડેકકડે એક માસિકમાં પ્રગટ થતી હતી ત્યારે સામટી એકઠી કરીને ‘કુમાર’માં આપવાનો અમે વિચાર રાખેલો. પણ સુભાગ્યે એનું ઉપલું ભાષાંતર ગુજરાતીમાં વહેલું થઇ ચુકયું છે. એ વાંચવાની અને આચરવાની અમારી ભલામણ છે.

સ્કાઉટિંગ તેના ઉદ્દેશો અને કાર્યપદ્ધતિ; હર્ષનાદો અને થોડાંક ગીતો: લેખક–પ્રકાશક, હર્ષવન્તરાય; સ્કાઉટ માસ્તર, જેતપુર; કી. ૧–૦–૦

‘બાલવીર’ નામના સ્કાઉટિંગના પુસ્તક પછી એવા જ પ્રકારનું આ બીજું ગુજરાતી પુસ્તક આપણે ત્યાં બહાર પડે છે. ‘કુમાર’ના વાંચનારને સ્કાઉટિંગ વિષે વધારે સમજાવવું પડે તેમ નથી. એ રસમય અને જુસ્સાપ્રેરક પ્રવૃત્તિને લગતું આ પુસ્તક યોગ્ય પ્રચાર પામો એવું અમે ઈચ્છીએ છીએ.

વૈદ્યજીવન: ભાષાંતર કર્તા, સ્વ. પ્રાણલાલ બળદેવજી મુનશી; પ્રકાશક, ‘ગુજરાતી’ પત્રની ઑફિસ; કી. ૧–૦–૦

‘વૈદ્યક વિષયને લગતું સંસ્કૃતમાં પ્રચુર સાહિત્ય છે. એમાંના કેટલાક ગ્રંથો એ વિષય શીખનારા કંઠસ્થ કરી તેનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરે છે. આવા ગ્રંથોમાં મહાકવિ લોલિમ્બરાજનું ‘વૈદ્યજીવન’ એક છે. એ ગ્રંથનો આદર વૈદ્ય લોકોમાં ઓછો નથી.’ પરંતુ અમને તો ઉપરનું એનું ગુજરાતી ભાષાંતર, સામાન્ય જનતા માટે પણ ઉપયોગી લાગ્યું છે.

વિષ્ણુ દિગમ્બરજી પલુસ્કર કા સંક્ષિપ્ત જીવન વૃતાન્ત: લેખક, ‘પ્રેમ;’ પ્રકાશક, રામનામાધર મંડલ, અમૃતસર.

આંધળાનું ગાડું: (નાનકડું નાટક) લખનાર, જુગતરામ દવે; પ્રકાશક, ખુશાલભાઇ મોરારજી, બારડોલી; ૦–૧–૬

નાગાનન્દ: (શ્રી હર્ષદેવનું મૂળ સંસ્કૃત નાટક) અનુવાદક અને પ્રકાશક, રમણીકલાલ જયચંદભાઈ દલાલ; ૦–૮–૦

વડોદરા રાજ્યની પુસ્તકાલય પ્રવૃત્તિ: પ્રકાશક, પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. વડોદરા; ૩–૦–૦

ગુરૂકુલ રજત–જયન્તી અંક: સંપાદક, પ્રો. સત્યવ્રત સિદ્ધાંતાલંકાર; ગુરૂકુલ કાંગડી.

બારડોલીના ખેડુતો: લેખક, નરહરિ દ્વારકાદાસ પરીખ; કી. ૦–૪–૦

નિદ્રા–ત્યાગ: (પહેલી ચાર કાળીપરજ પરિષદોના અહેવાલો) કી. ૦–૨–૦

સ્વરાજ્ય આશ્રમ પત્રિકા: પ્રકાશક, ખુશાલભાઇ મોરારજી, બારડોલી.

સંગઠન વ્યાખ્યાન દર્પણ: લેખક અને પ્રકાશક, બ્રહ્માનંદ; કી. ૦–૪–૦

ભજનામૃત: (ભાગ ૧–૨–૩) લેખક કાલિદાસ ભગવાનલાલ ભાટીઆ, પાટણ; કી. ૦–૧૨–૦

સાદી શિખામણ: સંગ્રાહક અને પ્રકાશક, મગનલાલ શંકરભાઇ પટેલ, પાટણ; કી. રૂા. ૩–૦–૦

શૃંગાર ત્રિવેણી: (શૃંગાર તિલક, પુષ્પબાણ વિલાસ અને ચાર પંચાશિકા) અનુવાદક, તનમનીશંકર લા. શિવ, મુંબાઇ; કી. ૦–૧૨–૦

દત્તનામ સ્મરણમ: પ્રકાશક, અમૃતલાલ મોદી; ભેટ.



કરોળિયાની જાળ

ગામને છેડે નાનકડી ઝુંપડી ને એમાં એક ગરીબ કુટુંબ રહે. કુટુંબમાં માત્ર ત્રણ જ જણ: નાની છોકરી ને તેનાં માબાપ. બાપ સવારથી માંડી સાંજ સુધી મજુરી કરે, મા અરધા ગામનું દળણું દળે ને છોકરી આખો દિવસ રૂ કાંતે, ત્યારે માંડ અર્ધો રોટલો મળે ! આટઆટલી ગરીબી છતાં યે એ સંતોષી કુટુંબ સુખી હતું. રાતે ખાઇપી સૌ વાતો કરવા બેસે. કોઇ વાર છોકરી કંઇ ગાય તો કોઇ વાર મા એકાદી વાર્તા કહે. મોડી રાતે સૌ સુઇ જાય. વળી સવાર પડે ને સૌ સૌને કામે લાગે. આમ દિવસો પસાર થતા જાય.

દરરોજના મહાવરાથી છોકરી તો એવું ઝીણું કાંતે —એવું ઝીણું કાંતે ! પછી તો જેમજેમ એનું સુતર વખણાતું ગયું તેમતેમ એ ભાવ પણ વધારતી ગઇ: બમણો, તમણો, પાંચગણો, દસગણો ! તો યે એને ત્યાં એટલાં ને એટલાં ઘરાક ! કેટલાંયને તો સુતર ખુટી રહે એટલે નિરાશ થઇ પાછાં જવું પડે.

એક દિવસ કોઈ એક બાઇ સુતર લેવા આવી. ગામના રાજાની રાણીની એ દાસી હતી. તેણે એ સુતરને વણાવીને સુંદર સાડી બનાવી.

પુનમનાં અંજવાળિયાં ખીલ્યાં છે., રાણી તેની સખીઓ ને દાસીઓ સાથે મહેલના વિશાળ ચોકમાં રાસ લે છે. એવામાં દાસી પેલી સાડી પહેરીને આવી.

રાણીને તો એ સાડી જોતાંવેંત જ ગમી ગઇ! તરત જ તેણે એવી સાડી પોતાને માટે લાવવા દાસીને કહી દીધું.

પેલી નાનકડી ઝુંપડીમાં તો માણસ માતાં યે નથી. અંદરથી એક મધુર અવાજ આવ્યો, 'જાઓ, આજે હવે પાછાં જાઓ. સુતર બધું જ ખલાસ થઈ ગયું છે; કાલે આવજો. સૌ વીખરાઇ ગયાં. એટલામાં એક બાઇ દોડતીદોડતી આવીને કહે, ' બહેન બહેન, રાજાની રાણીએ સુતર મંગાવ્યું છે; આપોને !' ' કાલે આવજો, આજે તો એક તાંતણો પણ નથી.' છોકરીએ જવાબ આપ્યો.

દાસી તો મહેલે પાછી ગઈ ને રાણીને વાત કરી.

' જા, એ છોકરીને કહી આવ કે કાલથી કોઇને સુતર આપીશ નહિ; જેટલું થશે તેટલું પાંચ ગણે દામે રાણી ખરીદી લેશે.' રાણીએ કહ્યું.

દાસી તો વળી પાછી ઝુંપડીએ ગઇ ને છોકરીને રાણીની વાત કહી. છોકરીને તો પૈસા જ જોઇતા હતા. ઘણી ખુશીથી એણે રાણીની માગણી કબુલી. બીજાના કરતાં દસ ગણાં દામ તો પોતે લેતી જ હતી ને હવે તો એનાં યે પાંચ ગણાં મળવાનાં : પચાસ ગણાં દામ ! છોકરી તો હરખમાં ને હરખમાં પોતાનું ભાન ભુલી ગઇ.

એને તો હવે રાજાની રાણી સાથે બહેનપણાં થયાં છે; ઝુંપડાંને બદલે સુંદર મહેલ રહેવા મળ્યો છે.

પણ આ બધાનું એક ખરાબ પરિણામ એ આવ્યું કે છોકરી બહુ જ ગર્વિષ્ઠ બની ગઇ. 'મારા જેવું કોઇને પણ કાંતતાં ન આવડે!' એમ તેને અભિમાન આવ્યું. રાણીની માનીતીને માઠું પણ કોણ લગાડે? સૌ કહે, 'હા બહેન હા, તમારા જેવું તો દુનિયા-ભરમાં કોઇને કાંતતાં ન આવડે!'

એક વાર બધી સખીઓ છોકરીનાં વખાણ કરતી બેઠી હતી. 'મારા જેવું તો કોઈ અપ્સરા પણ—' છોકરી આગળ ન બોલી શકી. એની સામે એક ડોશી આવીને ઉભી હતી. વૃદ્ધાવસ્થાને લીધે એનું આખું શરીર ધ્રુજતું. માથાથી પગ સુધી એણે કાળું ઓઢણું ઓઢેલું ને હાથમાં લાંબી લાકડી. સૌ ફાટી આંખે જોઈ જ રહ્યું; આ કોણ?

'બહેન, બેટા,' તે ડોશી માયાળુ સ્વરે બોલી, 'અભિમાન ન કરીએ. આ બધું માતાજીની જ દયાનું પરિણામ છે.'

'એમ કે?' છોકરીની જીભ એકદમ છુટી ગઇ, 'તમે મને શીખામણ આપનાર કોણ? જાઓ, મારે તમારી શીખામણ નથી જોઇતી!'

છોકરી સામે ટગરટગર જોતી ડોશી તો સ્થિર ઉભી હતી.

એક સખીએ ટાપશી પુરી, 'માજી, દુનિયા આખાની ચિંતા કરીએ તો દુબળાં પડી જવાય. પાછાં પધારો મા, તમારાં છોકરાંને એ શીખામણ આપજો એટલે બસ!'

ડોશીથી વધારે મશ્કરી ન ખમાઇ. એકદમ તેણે ઉપરનું ઓઢણું ફેંકી દીધું. પણ . . . . પણ ત્યાં એ બધાંએ શું જોયું? એક સુંદર સુંદર પરી! આસમાની રંગની વાદળીની એની ઓઢણી, ડોકમાં ફુલની માળા ને આંખોને ઠેકાણે તો જાણે રત્નો જડયાં હોય! ઓરડો આખો પરીના તેજથી ઝળાં-ઝળાં થઇ રહ્યો.

પણ પરીના ચહેરા ઉપર અત્યારે ક્રોધ માતો નહોતો. એણે પેલી ગર્વિષ્ઠ છોકરીને માથે આંગળી અડાડી ને છોકરી ગુમ! પણ જ્યાં એ ઉભી હતી ત્યાં કરોળિયા જેવું જીવડું પોતાનું ઘર શોધવા મથતું હોય એમ દોડમદોડ કરતું દેખાયું!

ને આજે ય એના નશીબમાં હજુ ઝીણુંઝીણું કાંતવાનું જ રહ્યું છે. **પ્ર.**

ભુલકણી માખી

એક હતી માખી. માખી ભારે ભુલકણી. વાત-વાતમાં બધું ભુલી જાય.

એક દિવસ માખી એનું નામ જ ભુલી ગઇ. એ તો ઘણું ય સંભારે, પણ નામ યાદ જ ન આવે.

એક કઠીઆરો જતો'તો. એની પાસે જઈ માખી કહે, 'કઠીઆરાભાઇ, કઠીઆરાભાઇ, હું તો નામ ભુલી. મારૂં નામ કહોને.'

કઠીઆરો કહે, 'બાઇ, મને શી ખબર? પુછ આ કુહાડીને.'

માખીએ કુહાડીને પુછ્યું: 'બાઇ, બાઇ, હું તો નામ ભુલી. નામ કહેને.'

કુહાડી કહે, 'મને શી ખબર? પુછ પેલા ઝાડને.'

'ઝાડ, ઝાડ, હું તો નામ ભુલી. મારૂં નામ કહેને.'

ઝાડ કહે, 'મને ખબર નથી. માળાના બેસનાર પોપટને પુછ.'

'પોપટ, પોપટ, હું તો નામ ભુલી. મારૂં નામ કહેને.'

'હું શું જાણું? પુછ પેલા પાણીને.'

માખીએ પાણીને પુછ્યું. પાણી કહે, 'મને શી માલમ? પુછ આ શેવાળને.'

'શેવાળબેન, શેવાળબેન, મારૂં નામ કહોને.'

શેવાળ કહે, 'બાઇ, મને ખબર નથી. પુછ પેલા માછીને.'

'માછી, માછી, હું તો નામ ભુલી. મારૂં નામ કહેને.'

માછી કહે, 'હું શું જાણું? જા પેલા ટોપલાની ળીઓને પુછ.'

ત્યાં તો માખીબાઇને નામ યાદ આવી ગયું. એ તો રાજીરાજી થઇ ગઇ ને બે પગે મોં લુછતીલુછતી નાચવા મંડી. **ચ. મ.**

પૂછો તંત્રીને



(૧) દોરડાને હલાવીને આપણે છોડી દઇએ તો પણ તે કેમ હલ્યા કરતું હશે ?

જ્યારે આપણે દોરડાને હલાવીએ છીએ ત્યારે આપણે જે શક્તિ ખોરાકમાંથી મેળવી હોય છે તેને આપણા સ્નાયુઓ દ્વારા ગતિ આપીએ છીએ. દોરડાને પકડીને હલાવવાથી જે ગતિ આપણા સ્નાયુઓમાં ઉત્પન્ન થઈ તે દોરડાને મળે છે. શક્તિનો નાશ થતો જ નથી એ નિયમ મુજબ દોરડું પોતાને મળેલી શક્તિ વડે હલવા માંડે છે. તે શક્તિ જ્યાં સુધી ખુટી ન રહે ત્યાં સુધી દોરડું હલે.

(૨) ચામડી ઉપર ફોડલો કેમ થતો હશે ?

આપણે જેને ચામડી કહીએ છીએ એ તો માત્ર અંદરની ત્વચાના એક ઢાંકણ સરખી જ છે; ખરી ચામડી તેની નીચે છુપાએલી હોય છે. બંનેની વચ્ચે એક જાતનો રસ હોય છે. આ રસ ચીકાશનું કામ કરે છે. બહારની ચામડી પર બળતરાનો અથવા બીજી કોઈ જાતનો આઘાત પહોંચે છે ત્યારે આપણા જ્ઞાનતંતુઓને સંદેશો પહોંચે છે. આ સંદેશો પહોંચે કે તરત જ બધો રસ આઘાતવાળી જગ્યાએ દોડી આવે છે ને તેથી ચામડી ઉપસીને ફોડલો થઇ જાય છે.

(૩) રાત્રે બત્તીથી જોતાં અને દિવસે સૂર્યના પ્રકાશમાં જોતાં એક જ રંગ જુદોજુદો કેમ દેખાતો હશે ?

જે રંગો પોતે કોઈ જાતનો પ્રકાશ આપતા નથી, પરંતુ પોતાના ઉપર પડેલા પ્રકાશનું પ્રતિબિંબ પાડી પ્રકાશે છે તે રંગોને પ્રકાશ કઇ જાતનો છે તે ઉપર બહુ આધાર રાખવો પડે છે. ઘણુંખરું સૂર્યપ્રકાશથી દીવાનો પ્રકાશ જુદો પડે છે. એટલે જુદાજુદા પ્રકાશની અસર પણ જુદીજુદી થાય છે ને તેથી એક રંગ, જેવો સૂર્યના પ્રકાશમાં દેખાય તેવો દીવાના પ્રકાશમાં દેખાતો નથી. કોઇ રંગની બાબતમાં આમ નથી પણ બનતું. વાદળી રંગ સૂર્યના પ્રકાશમાં છે, તેમ જ દીવાના પ્રકાશમાં પણ છે. એટલે આ રંગ બંને અજવાળાંમાં એક સરખો જ દેખાય છે.

(૪) દુનિયામાં ઉંડામાં ઉંડી ખાણ કઇ છે ?

દુનિયામાં સૌથી ઉંડી ખાણ બ્રાઝિલમાં સેન્ટજૉન ડેલ રેમાં છે. તેની ઉંડાઈ ૬૭૨૬ ફીટ છે. અહીં હવા ઘણી જ ગરમ રહે છે. ખાણને તળીએ ૧૧૭ ડીગ્રી ગરમી રહે છે. મજુરોની તંદુરસ્તી માટે હવા અમુક યુક્તિઓથી ઠંડી રાખવામાં આવે છે. આ ખાણમાંથી સોનું નીકળે છે. બીજી ઘણીખરી ખાણોમાં વખત જતાં ધાતુ ખુટી રહે છે, જ્યારે અહીં તો એટલું ને એટલું સોનું હજી નીકળ્યા જ કરે છે !

(૫) પાણીની માટલીને તળીએ મોતીઆ કેમ બાઝે છે ?

ઠંડા પાણીને લીધે માટલીનું તળીઉં ઠરે છે. હવે પવનની લહરીઓને લીધે હવામાં રહેલી વરાળ એ તળિયાને અડકે છે અને તેના મોતી જેવા સુંદર મોતીઆ જામી જાય છે. ધુમ્મસ અને ઝાકળ પડવાનું કારણ પણ લગભગ આવું જ છે.

(૬) આપણે થાકી ગયા હોઇએ કે ઉંઘ આવતી હોય તે વખતે બગાસાં કેમ આવતાં હશે ?

આપણા લોહીને જ્યારે પુરતો પ્રાણવાયુ મળતો નથી ત્યારે બગાસું ખાઇ બહારથી પ્રાણવાયુ શરીરમાં ભરવાની જરૂર પડે છે. જ્યારે બગાસાં ઉપરાઉપર આવવા માંડે ત્યારે સમજવું કે શ્વાસોચ્છ્વાસની ક્રિયામાં કંઈક ગોટાળો થયો છે. માણસ મરતી વખતે પણ આવો પ્રાણવાયુ લેવા જે ડચકાં ખાય છે, તે પણ આવાં બગાસાં જ છે.

(૭) આકાશમાં તારા અસ્થિર કેમ દેખાય છે ?

ખરી રીતે તારા અસ્થિર નથી હોતા. તે પોતાના તેજનાં કિરણો દરેક દિશામાં સરખાં ફેંકે છે. આમાનાં કેટલાંક કિરણો આપણી આંખે વહેલાં પહોંચે છે; જ્યારે કેટલાંક મોડાં પહોંચે છે. આ જ કારણથી આપણને તારા અસ્થિર દેખાય છે.

માહ'ટરમાં પુછેલા પ્રશ્નોના મળી શકયા તેટલા જવાબો નીચે આપ્યા છે.

(૮) બદામ ચાખ્યા વિના તે કડવી છે કે મીઠી તે કેમ સમજાય ?

બદામ કડવી છે કે મીઠી તે જાણવાનો કાંઇ ચોક્કસ ઉપાય મળી શકયો નથી. પણ એમ કહેવાય છે બદામ બે જાતની આવે છે. તેમાંની એક કાગદી બદામ સાધારણ રીતે મીઠી જ હોય છે; બીજી જાતમાં બદામ કડવી છે કે મીઠી તેની ચાખીને ખાતરી કરવા સિવાય બીજો ઉપાય હજુ સુધી જડયો નથી.

(૧૧) ફોનોગ્રાફની એક રેકર્ડ ઉતાર્યા પછી બીજી રેકર્ડો કેવી રીતે ઉતારાતી હશે ?

આ બાબતની કાંઈ ચોક્કસ માહિતી મળી શકી નથી. પણ અમે ધારીએ છીએ કે જેવી રીતે પ્રથમ એક માણસ બોલે તે રેકર્ડમાં ઉતરે, તેવી જ રીતે એક તૈયાર રેકર્ડ ચાલુ કરી જેટલી રેકર્ડ ઉતારવી હોય તેટલી ચાલુ કરવામાં આવતી હશે અને એ રીતે બધી રેકર્ડોમાં અવાજ પસાર થતો હશે. જેમ ફોટોગ્રાફની નેગેટિવ ઉપરથી ગમે તેટલી નકલો કાઢી શકાય છે તેમ જ રેકર્ડની બાબતમાં પણ બનતું હોવું જોઇએ.

(૧૨) મૃગચર્મ અને વ્યાઘ્રચર્મ શા માટે પવિત્ર ગણાતાં હશે ? અને આપણે ગાયને પવિત્ર ગણતા છતાં તેનું ચામડું કેમ પવિત્ર નથી ગણતા ?

સિંહ, વાઘ, વગેરે હિંસક પશુઓ હોઇ તેમનો ક્ષત્રિય

રાજાઓ નાશ કરે અને ચામડું ઉપયોગમાં લેવાય. હરણનો શિકાર પણ રાજાઓ કરી આવે અને ચામડાંનો ઉપયોગ થઈ શકે. આ જનાવરો માણસને ખાસ ઉપયોગી નહિ હોવાથી તેમના ચામડાંનો નિષેધ ન ગણ્યો હોય. ગાય માણસને ઘણું ઉપયોગી પ્રાણી હોઇ તેનું રક્ષણ કરવું આવશ્યક છે. જો તેનાં ચામડાંને ઉપયોગી ગણ્યું હોત તો ચામડાંની ખાતર પણ ગાય મારવાની કોઇને ઇચ્છા થાત. એમ ન થાય તે માટે ગાયનાં ચામડાંનો નિષેધ કર્યો હોય એ સંભવિત છે.

(૧૪) બંને આંખો બંધ કરીને આપણે ચાલીએ તો સીધા કેમ નહિ ચાલી શકતા હોઇએ ?


બંને પગનાં પગલાં એક સરખાં પડતાં ન હોવાથી આંખો બંધ હોય તો જે પગલું ટૂંકું પડે તે તરફ આપણે વળતા જઇએ, પણ જો આંખો ખુલ્લી હોય તો આપણે એક તરફ વળવાને બદલે બંને પગલાં વારંવાર એક સરખાં કરતા જઇએ.

(૧૫) આપણે મેઘધનુષ જોઇએ છીએ ત્યારે આપણી બીજી બાજુના લોકો એ મેઘધનુષની પાછળની બાજુ જોઈ શકતા હશે કે નહિ ?

વાદળાં ઉપર સૂર્યનો પ્રકાશ પડતાં સૂર્યકિરણોનું જે પ્રતિક્રમણ થાય છે તેને લીધે આપણને મેઘધનુષના રંગો દેખાય છે. ખરી રીતે મેઘધનુષ જેવી કંઈ વસ્તુ નથી. અરીસામાં આપણું મોઢું દેખાય છે, પણ અરીસાની પાછળ ઉભેલા માણસને આપણું પ્રતિબિંબ કે પ્રતિબિંબની પાછળની બાજુ નથી દેખાતી. તે જ રીતે પાણીથી ભરેલ વાદળાં રૂપી અરીસામાં દેખાતાં મેઘધનુષની પાછળની બાજુ બીજી તરફના લોકોને દેખાતી નથી.

જ્ઞાનલીલા

માહની જ્ઞાનલીલાના આવેલા ઉત્તરોમાંથી બધા પુરા સાચા આ છ ભાઇઓના છે. (૧) બાલસિંહજી શિવસિંહજી, ભાવનગર. (૨) ઉમિયાશંકર શિવશંકર, નડીઆદ. (૩) વલ્લભદાસ ગોવિંદજી આસર, ડુંમરા. (૪) કેશવલાલ રામચંદ્ર, પાટણ. (૫) સારાલાલ મનસુખલાલ ઝવેરી, પાટણ. (૬) ડૉ. બહાદુરભાઈ, રંગુન. ઈનામો એમને મોકલાશે. નવા સવાલોના જવાબ ચૈત્ર સુદી ૧૫ સુધીમાં પહોંચી જવા જોઇએ. ખરા જવાબો નીચે મુજબ: (૧) કાગળના ટુકડાઓ જોડીને બનાવેલો હાથી આ નીચે (૨) કવિતાની કડી આ રહી:




ત્યાં આરતી હો લઘુ ભાવનાની,
ચારિત્ર્યનાં શુભ્ર ચડાવ ફુલ;
ભાવોતણો બાળી અખંડ ધૂપ,
હૈયાભર્યો તું પધરાવ પ્રાણ.

(૩) કવિતાની લીટી: જય મંગળ પ્રિય જન્મભૂમિનું ગજાવીએ. (૪) ગુણાકાર ઘણી રીતે ગોઠવી શકાય. તેમાંની એક રીત આ છે: ૮૧૬૯×૩=૨૪૫૦૭. (૫) મન અથવા રસ્તો. (૬) સુદાન, દાનવ, નવસાર, સારસ.

નવા સવાલ

(૧) આ નીચે પાંચ ગુંચવાએલી કહેવતો આપી છે; શોધી કાઢો: (૧) વાલ ચોડે ટકો ને રળ ઉદંડો (૨) ગરવો કાખો દઠવો ને ઉંડું દર (૩) જ્યાં ત્યાં રીરીનો ને ફફનો ઘાંદળ બચી (૪) પનોતે ગજવ (૫) ડાંગ ભારતાં કંકુ ઘેડા રહ્યાં.



(૨) જોડેના આઠ વિચિત્ર ટુકડાઓમાં એક કાચબો સંતાયો છે; શોધી મોકલો. **(૩)** સોળ અક્ષરની એક કવિતાની લીટી છે. તેમાંથી નીચેના અક્ષરો મળીને બતાવ્યા પ્રમાણે અર્થ નીકળે છે: ૧૩,૧૧=એક જાતનું ફુલ; ૧,૧૪=પુષ્કળ; ૮,૧૧,૯=એક જાતનો કીમતી પત્થર; ૬,૨=વહુ; ૭,૩=નુકસાન; ૫,૧૬=રટે; ૧૦મો અક્ષર તમે બોલો એટલે તમારી મંજુરી મળી જાય છે; તો તે લીટી કઇ ? **(૪)** છ આંકડાની એક રકમ છે. જો તેનો પહેલો આંકડો ઉપાડી છેલ્લો મુકી દેવામાં આવે તો નવી ઉપજેલી રકમ મુળ રકમ કરતાં ત્રણ ગણી મોટી થાય છે; જો તેનો છેલ્લો આંકડો ઉપાડી પહેલો મુકી દેવામાં આવે તો નવી રકમ મુળ રકમ કરતાં પાંચ ગણી મોટી થઈ જાય છે અને જો તેના પહેલા ત્રણ આંકડા ઉપાડી છેલ્લા મુકી દેવામાં આવે તો નવી ઉપજેલી રકમ મુળ રકમ કરતાં છ ગણી મોટી થાય છે; ત્યારે તે રકમ કઇ ? **(૫)** મારે એક માસની આખરે બે બિલ ચુકવવાં પડયાં. બંને બિલોનો સરવાળો ૨૨ રૂપિયા થતો હતો. પણ ખુબી એ હતી કે એક બીલમાં રૂપિયા આના અને પાઇની રકમ એકસરખી જ હતી જ્યારે બીજામાં પાઈથી આના બમણા અને આનાથી રૂપિયા બમણા હતા; ત્યારે એ બંને બિલોની રકમો કઈ હશે ? **(૬)** પાણી વગરનો દરિયો, ઘર વગરનાં શહેરો અને વસતી વગરની પૃથ્વી ક્યાં હશે ?

ગઈ તા. ૨૦-૩-૨૭ને રોજ અમદાવાદની ગુજરાત સાહિત્ય સભાના સભાસદોએ અરસપરસના સમાગમ અને આનંદવિનોદને માટે શાહ આલમ પાસે ચંડોળા તળાવ પર ઉજાણી કરી હતી. તે પ્રસંગે સાહિત્ય સભાએ સભ્યોમાં 'શાહે આલમ' નામનું એક નાનું સુંદર પુસ્તક વહેંચ્યું હતું, જેમાંનો ઘણો ખરો ભાગ અમે સાહિત્ય સભાના સૌજન્યથી આ અંકમાં બીજે ઉતારીએ છીએ.



ઉ ગ તી પ્ર જા

યુવકોને સાદ

'આજથી પંદર વર્ષ પહેલાં ગુજરાતમાં અખાડાઓ અને વ્યાયામ-શાળાઓના પાયા નાખનાર, યુવકોના સરદાર શ્રી. છોટાલાલ બાલકૃષ્ણ પુરાણી અને ડૉ. ચન્દુલાલ દેસાઇ આવતા મે માસની અધવચમાં ભરૂચ મુકામે એક વ્યાયામ પરિષદ ભરવા માગે છે. પંદર વર્ષની અખાડાપ્રવૃત્તિથી ગુજરાતના યુવકોનાં શરીર કેટલાં આરોગ્યવાન અને બળવાન બન્યાં છે એ તપાસી, ગુજરાતની વ્યાયામની હીલચાલનું સરવૈયું કાઢી, એ પ્રવૃત્તિ વધારે સંગીન અને વધારે દૃઢ બનાવવાના માર્ગો વિચારવા તેઓ આ પરિષદ યોજે છે અને તેમાં ભાગ લેવા તેઓ તમામ યુવકોને સાદ પાડે છે.

તેઓ એક વિજ્ઞપ્તિ બહાર પાડીને યુવકોને પડકારે છે કે ગુજરાત-કાઠિયાવાડના ગામેગામથી અખાડાબાજ યુવકોની ટુકડીઓ કુચકદમ ભરૂચ પહોંચી અમારા મુકામ ઉપર હલ્લો લાવે, અને તેમનાં સુદૃઢ શરીર અને નમુનેદાર શિસ્ત (ડિસિપ્લિન)થી પોતાની સંસ્થાને શોભાવવાની અરસ્પરસની સ્પર્ધામાં ઉતરે.

યુવકો! શ્રી. છોટાલાલ પુરાણીનો આ સંદેશ બરાબર ઝીલજો અને ગુજરાતની આ પ્રથમ વ્યાયામ પરિષદમાં પહોંચી પરિષદને વિજય-મુગટ પહેરાવજો.' (સૌરાષ્ટ્ર)

૧૭૦૦૦ બાળકોનો રમતગમતનો મેળાવડો

અમદાવાદ મ્યૂનિસિપાલિટી જ્યારથી મહાસભાવાદીઓના હાથમાં આવી છે ત્યારથી એણે અનેક રાષ્ટ્રોન્નતિનાં કાર્યો કર્યા છે. સૌથી છેલ્લું અને અગત્યનું કાર્ય એણે પ્રાથમિક શાળાઓમાં શારીરિક કેળવણી ફરજીઆત કરી, એ કર્યું છે. દેશની ઉગતી આશા સમા ૧૭૦૦૦ કુમારકુમારીઓ ડ્રિલ, દોડવાની, કુદવાની વગેરે અનેક જાતની કસરતો કરતાં થઈ ગયાં છે. ગઇ તા. ૧૩મી માર્ચે સર ગિરિજાપ્રસાદના પ્રમુખપણા નીચે લાલ દરવાજાના મેદાનમાં એ બાળકોનો સુંદર મેળાવડો થયો હતો.

ગુજરાત અભિનય કલા સમાજ

ગુજરાતી તથા પશ્ચિમના સાહિત્યમાંથી ઉચ્ચ કોટિનાં નાટકો ચુંટીને અવારનવાર ભજવી બતાવી હાલની નાટક કંપનીઓ તથા જનતા સમક્ષ રંગભૂમિનો ઉચ્ચ આદર્શ રજુ કરવાના તથા જનસમાજને ઉંચી કક્ષાનાં નાટકોમાં રસ લેતો કરવાના ઉદ્દેશથી મુંબાઇના કૉલેજિયનોએ ઉપલા નામનું એક મંડળ સ્થાપ્યું છે. ગુજરાતભરની કૉલેજોમાં તેના પ્રતિનિધિઓ નીમીને વરસોવરસ સાર્વત્રિક પ્રગતિ સાધતા જઇ હાલની રંગભૂમિમાં સજ્જડ ક્રાન્તિ લાવવાની એમની મહેચ્છા છે. આ શુભ કાર્યમાં એમને અમારૂં અભિનંદન છે, તથા ગામેગામના જુવાનો આવી પ્રવૃત્તિ ઉપાડી લેશે એવી અમે આશા રાખીએ છીએ; કેમકે સમાજને ઉન્નત કરવાના અનેક માર્ગોમાંનો એ એક અસરકારક માર્ગ છે, અને તે જુવાનોને હાથે જ વધુ સાધ્ય છે.

અમદાવાદમાં પણ આ જ ઉદ્દેશોવાળી એક સ્વતંત્ર પ્રવૃત્તિ શરૂ થઈ છે.

કાઠિયાવાડમાં યુવક સંમેલન

તા. ૨૨-૨-૨૭ને રોજ વઢવાણમાં કેટલાક ગૃહસ્થોની એક સભા મળી હતી. વઢવાણના યુવકો એકબીજાના વિશેષ પરિચયમાં આવે અને યુવકોને ગુંચવતા ભાવિજીવનના પ્રશ્નો ઉકેલાય એ હેતુથી આ ઉનાળામાં યુવક સંમેલન ભરવાનું નક્કી થયું હતું.

સંમેલનના ત્રણ દિવસોમાં સવારે પ્રેરક વ્યાખ્યાનો, બપોરે કાઠિયાવાડની શૌર્યકથાઓ અને મરદાનગીની રમતો તથા રાત્રે સંગીતના જલસા, નાટય પ્રયોગો અને જાદુઇ ફાનસ (મેજીક લૅન્ટર્ન)નાં દૃશ્યો, એ પ્રમાણે કાર્યક્રમ રાખવામાં આવશે.

નર્મદા આશ્રમ

શુક્લતીર્થની પેલી કેળવણીની સુંદર સંસ્થા 'નર્મદા આશ્રમ'નું નામ ગુજરાતમાં જાણીતું છે. એ સંસ્થાના ચાલકો જોડે ગામના પટેલને અમુક મતભેદ હોવાને કારણે તેમણે ગઇ તા. ૨૨-૩-૨૭ને રોજ હેડમાસ્તર તથા સર્વ વિદ્યાર્થીઓને અપમાનિત કરી સંસ્થામાંથી કાઢી મુકીને બળાત્કારે સંસ્થાનો કબજો લીધો છે. પરિણામે વિદ્યાર્થીઓ વગેરેને વિખરાઇ જઇને પોતપોતાને વતન ચાલ્યા જવું પડયું છે અને નર્મદા આશ્રમ જેવી સંસ્થા નાબુદ થઈ છે. આની સામે વિરોધ દર્શાવી આગળ શું કરવું તેનો વિચાર કરવા સંસ્થાના વિદ્યાર્થીઓનું એક સંમેલન આ માસની આખરમાં વાસદ મુકામે શ્રી મગનલાલ વ્યાસના પ્રમુખપણા નીચે મળવાનું છે.

વિદ્યાર્થીઓના વિધાતાઓ

આખા અમદાવાદ જીલ્લાના શિક્ષકોએ ગઈ તા. ૧૭, ૧૮, ૧૯ના રોજ બાવળા ગામે સંમેલન ભર્યું હતું અને તેના પ્રમુખ ઉત્તર વિભાગના કેળવણી ખાતાના અધિકારી શ્રી કૃષ્ણલાલ વકીલ હતા. એ સંમેલનમાં મુખ્યત્વે શિક્ષકોની પોતાની નોકરીની અગવડો, પગારો વગેરેને ખાસ મહત્ત્વ અપાયું હતું; પણ તેમાં શિક્ષકોની વિદ્યાર્થી પરની સત્તાની ચર્ચાને અંગે શિક્ષકો પાસે ફોજદારી સત્તા એટલે વિદ્યાર્થીઓને

(અનુસંધાન આગળ પાન ૧૩૧ ને છેડે)



માધુકરી

રણનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને !
પરથમ પહેલું મસ્તક મુકી, રાખે વીરનું નામ જોને !
રણવાજાં વાગે ને સાચા, વીર પડે મયદાન જોને !
ખડા મોરચે પડે ન પાછા, ચુકે નહિ નિશાન જોને !
દેશદાઝની જે ઉર જ્વાળા, તે ભડ ક્યાંથી ભાગે જોને !
રણે ચડયા તે મુક્તિ પામે, દેખનારા દાઝે જોને !
માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહિ સ્હેલ જોને !
મહાપદ પામ્યા તે મરજીવા, મુકી મનના મેલ જોને !

—કેશવ હ. શેઠ

શ્રી જીનરાજદાસ

સૌંદર્યનો હૂબહૂ શિલાલેખ લખાયો હોય એવી સ્વચ્છ મુખમુદ્રાવાળા આ સિંહાલી યુવાને વિલાયતમાં ફીલ્સુફી અને કાયદાનો અભ્યાસ કર્યો, ભાષાઓ શીખવાની ઘણા યુગોની ભુખ હોય તેમ પાલી, સંસ્કૃત, ગ્રીક, લૅટિન, ફ્રેંચ ને અંગ્રેજી ભાષા ઉપર પ્રભુતા મેળવી. અને આશ્ચર્ય છે કે એટલા બધા સાહિત્યપ્રેમની વચ્ચે વિજ્ઞાનના અભ્યાસે પણ શી રીતે જીવન્ત સ્થાન મેળવ્યું હશે ! આજે એ વિજ્ઞાનદૃષ્ટિ પ્રત્યેક અણુપરમાણુઓમાં તાલ જોઇ રહી છે.

કોલંબોમાં આવેલી આનંદ બુદ્ધિસ્ટ કૉલેજના વાઇસ પ્રિન્સિપાલ પદે થોડા વર્ષ કામ કર્યા પછી શ્રી. જીનરાજદાસે ૧૯૦૨ લગભગમાં થીઓસોફી સંઘની સાથે પોતાનું જીવન જોડી દીધું છે અને તે દિવસથી આજ પર્યંત પોતાનાં માતા તથા ભાઇબહેનોનું ગુજરાન પોતાનાં પુસ્તકોવડે જ ચલાવતા ચલાવતા એ મિસિસ બેસન્ટના જમણા બાહુ રૂપે મુંગું ધર્મ-કાર્ય કરી રહ્યા છે. ચોવીસ વર્ષની નિઃશબ્દ વહી આવતી એ કારકીર્દિમાં કશા પ્રકમ્પો કે ખળભળાટો નથી થયા. દુનિયા ચકિત થાય, અંજાય અને પગે લોટી પડે તેવાં પરિવર્તનો એ કારકીર્દિએ નથી બતાવ્યાં. એનું જીવનકાર્ય તો કલા દ્વારા માનવાત્માની ધાર્મિક ઉત્ક્રાંતિનો પંથ દાખવાનું છે.

પ્લેટો, ડાન્ટે, રસ્કિન અને વૅગ્નરના એ પ્રખર અભ્યાસી છે. શેક્સ્પીઅર, ટેનીસન આદિ કવિઓના એ આશક છે. દુનિયાની છેલ્લામાં છેલ્લી સાહિત્ય-પ્રગતિ પર એમની આંખ છે. અને અનેક દેશોમાં પોતાનાં જાહેર વ્યાખ્યાનો વાટે સાહિત્યકલાના પ્રવાહોમાં વિહરનાર એ વ્યક્તિ છે. એના પોષાકમાં, વાળમાં, અવાજમાં સર્વત્ર કલામયતા છે, છતાં તે કેવળ સાહિત્યકાર નથી; કેવળ કલાને ખાતર જ કલાકાર નથી. સાહિત્યકલાનો એમનો વિહાર ઊર્મિઓના આલ્હાદ માત્રથી જ સમેટાઈ જતો નથી. એ તો કલાને ઉંચામાં ઉંચી આધ્યાત્મિકતા વ્યક્ત કરવાના વાહન રૂપે યોજી રહ્યા છે.


કલા-પૂજકમાં અસંભવિત એવી મક્કમ અને કઠોર એની કાર્યદક્ષતા છે. થીઓસૉફિકલ સંઘના એ ઉપપ્રમુખને, મિસિસ બેસન્ટની જગદ્વ્યાપી ઝુંબેશને કારણે સતત રહેતી ગેરહા-જરીમાં, અદીઆરની વ્યવસ્થા ઘડીઆળના કાંટાની માફક જ નિયમિતપણે ચલાવવી એ પરમ ધર્મતુલ્ય છે. એ અસાધારણ સામર્થ્યવાળી આઇરિશ વીરાંગનાની પચીસપચીસ વર્ષની ઉગ્ર કાર્યવાહીને અખંડિત રાખ્યે જનાર આ સિંહાલી યુવાનનું સામર્થ્ય અત્યારે સહુ કોઇને વિસ્મયનો વિષય છે.

વ્યવસ્થા એટલી નિષ્ઠુર, છતાં તેની પાછળ કલાનું, કવિતાનું, પ્રકૃતિ-પૂજનનું, ઊર્મિનું ઝરણ સુકાયું નથી. ૧૯૨૫ માં અદીઆર મુકામે મળેલા એ સંઘના અખિલ વિશ્વ સંમે-લનની અંદર, પ્રત્યેક યોજના પાછળ, નાનાં બાળકોની રમતથી લઇ ગંભીરમાં ગંભીર કાર્યક્રમ પાછળ, રસોડાની રસોઇ અગર દર્દીને તાત્કાલિક દેવાની દવાથી લઇ ગહન પ્રશ્નના ઉકેલ પાછળ ઉભેલો હાથ શ્રી. જીનરાજદાસનો જ હતો. સમગ્ર-તાના આનંદમાં ડુબી જઇ વિગતને વિસરી જવી, એવું ઘેલું કલા-આરાધન એને મંજુર નથી.

સાચી સંસ્કાર-વ્યક્તિઓને આપણે ઓળખતા થઇએ, એ જ આ આછોતરા રેખાચિત્રનો આશય છે. પ્રત્યેક પંથની સંસ્કાર-વ્યક્તિઓ જ પરસ્પરના જોડાણની સુવર્ણ-કડીઓ બની શકશે, એમ સમજી આપણે સહુએ એવા જોડાણના શુભ સંજોગો ઉત્પન્ન કરવા ઘટે છે. (સૌરાષ્ટ્ર પરથી)

નવું દિલ્હી

હિંદી સરકારે પોતાની રાજધાની કલકત્તાથી ફેરવીને



હિંદુસ્તાનના પરાપૂર્વથી ચાલ્યા આવતા પાટનગર દિલ્હીમાં ખસેડવાનું ઠરાવ્યે ઘણો સમય થઈ ગયો. આજ સુધી તેને માટે દિલ્હી પાસે 'નવા દિલ્હી'ને નામે સરકારી મકાનો બંધાતાં હતાં તે હવે પુરાં થયાં છે. ઉપર તેનાં ચિત્રો આપ્યાં છે.

ગઇ તા. ૧૮મી જાન્યુઆરીએ હિંદના હાલના વાઈસરૉય લૉર્ડ અર્વિને તે ખુલ્લાં મુકવાની ક્રિયા કરી. ઉપલા ચિત્રમાં મથાળે જે મોટું ચક્રાકાર મકાન છે તે સરકારી કચેરીનું મુખ્ય મકાન છે. તેમાં વડી ધારાસભા, કાઉન્સિલ ઑફ સ્ટેટ અને નરેન્દ્ર મંડળ, એમ ત્રણ વિભાગોનો સમાવેશ છે. મકાનની વચ્ચોવચ દેખાતો મોટા ઘુમટવાળો ખંડ તે કચેરી અથવા દરબાર હૉલ છે. તેનો ઉપયોગ ઉપરના ત્રણે વિભાગોના સભાસદો માટે વાંચનાલય તરીકે થશે.

સરકારની મુળ યોજનામાં આવડું મોટું મકાન બાંધવાનું હતું નહિ. પરંતુ છેલ્લા રાજકીય સુધારાઓ મળવાથી ધારાસભાના સભાસદો વધ્યા એટલું જ નહિ પણ કાઉન્સિલ ઑફ સ્ટેટ નામે નવી સભા નીમાઈ; અને તેમાં વળી નરેન્દ્ર મંડળની બેઠક પણ અહીં ભરવાનું ઠરાવવામાં આવ્યું. મુળ યોજનામાં હવે ફેરફાર કરાય તેમ નહોતું, એટલે મકાનની એક બાજુ પર વધારાના ખંડો હારબંધ બાંધવા પડ્યા. ઉપલા ચિત્રમાં બતાવેલો નીચેનો ભાગ તે આ નવાં વધારેલાં મકાનમાંનો એક છે.

આખા સરકારી મકાનનો નકશો હિંદી સરકારના સ્થપતિ સર એડવર્ડ લટ્યન્સે કરેલો. આ બધાં મકાનની બાંધણી અને કારીગરી તો હિંદી સ્થાપત્યના નમુના તરીકે કરવાની હતી અને તેને સારૂ ભારે પગારે વિલાયતના સ્થપતિ રોકવામાં આવેલા. પરંતુ ઘણાઘણા ખર્ચને અંતે પણ એ હિંદી અને પાશ્ચત્ય કળાના ખીચડિયા નમુના જેવું જ થયું છે.

બાવળા

અમદાવાદથી રેલવે ટ્રેનને દોઢ કલાકને રસ્તે આવેલું આ ગામ ભાલ પ્રદેશનો દરવાજો છે. અહીંથી નૈઋત્ય તરફથી ભાલ શરૂ થાય છે. પશ્ચિમ તરફ નળકાંઠો આવેલો છે. ભાલ-નળકાંઠાના લોકો માલ લેવા અહીં આવે છે. અહીં તથા અહીંની આજુબાજુ કપાસનું વધારે ઉત્પન્ન છે, તેથી અહીં કપાસ લોઢવાનાં નવ જીન અને ત્રણ પાકાં પ્રેસ છે. વરસદહાડે તેમાં રૂની ૨૫થી ૨૭ હજાર ગાંસડીઓ બંધાય છે. મોસમમાં કાલાં ફોલીને ગરીબ લોકો સારી રોજી મેળવી શકે છે.

મહાભારતમાં વર્ણવેલા બકરાક્ષસનું નિવાસસ્થાન બાવળામાં હતું એમ દંતકથા છે. અહીંથી નજીકમાં આવેલું ધોળકા પ્રથમ વૈરાટનગર કહેવાતું, અને તેની હદ ઠેઠ બાવળા સુધી હતી. બાવળાથી બે માઇલ ઉપર આવેલું, પાંડુકુમાર બળવીર ભીમસેને કરેલા વિહારનું સ્થાન ભીમકુંડ સરોવર ઘણું સુંદર છે.

અહીંના અમીન કુટુંબમાં છઠ્ઠી પેઢી ઉપર સદ્‌ગત ચેલાભાઈ કરીને વીરનર થઇ ગયા. તેમણે અનેક પરાક્રમો કરી પોતાની વીરતા બતાવેલી. તેના સ્મારક ચિહ્ન તરીકે તેમના નામ ઉપરથી આ ગામ 'ચેલાભાઇનું બાવળું' એ નામથી સુપ્રસિદ્ધ છે. અહીં મુખ્ય વસ્તી કડવા પાટીદારોની છે.

સંવત ૧૯૫૬ પહેલાં આ ગામ ખેતીપ્રાધાન્ય હતું. ત્યાર બાદ ગામે વ્યાપારી સ્વરૂપ પકડ્યું. રેલવે પણ તે જ અરસામાં થઇ; ત્યારથી આ ગામે વેપારમાં સારી પ્રગતિ કરી. હાલમાં આ ગામ વેપારપ્રાધાન્ય કહીએ તો તે ખોટું નથી.

દસ વરસ પહેલાં અહીં મીઠાં પાણીનું પુરતું સાધન નહોતું; પરંતુ ચાલુ દસકામાં બોરીંગના ત્રણ અખતરા કરવામાં આવ્યા, તેમાંથી એક નિષ્ફળ અને બે સફળ થયા છે એટલે હવે પાણીનું સારૂં સુખ થયું છે. આ ત્રણે અખતરાઓમાં ગામલોકોએ તેર હજાર રૂપિયાની મદદ કરી છે. ગામમાં એક સેનિટરી બોર્ડ અને મફત દવાખાનું પણ છે.

મિ. ડી. એ. લાહેર

પારસી કોમના આ ભાઈ મુળ વતની અમદાવાદના છે. હાલમાં તે જંબુસર તાલુકાના પોલિસ ઈન્સ્પેક્ટરની જગ્યા પર છે. આખા તાલુકામાં હુલ્લડખોરોને દાબી દઇ તથા જુગાર બંધ કરી ત્યાંની પ્રજામાં તે બહુ જ લોકપ્રિય થયા છે.



વ્યાયામનો તેમને ભારે શોખ છે અને તે શરીરે મજબુત છે. એક વખત તેમણે ૨૨.ફુટનો લૉંગજંપ (હનુમાન કુદકો) કર્યો હતો અને તે માટે તેમને ચાંદ પણ મળ્યો હતો.

તળિયાં કાળાં કેમ ?

તમને કદાચ શંકા થશે કે તમારા ઘરમાં પાણી ગરમ કરવાની દેગડીનું તળિયું કાળું કેમ હોય છે. કદાચ એમ ખુલાસો વિચારશો કે રોજરોજ કાળો ભાગ ઘસી કાઢી નાખવાની મહેનત પડે એટલે એમ ને એમ સાફ કર્યા વગર કાળો ભાગ રહેવા દેતા હશે.

પણ ના, તેમ નથી. કાળો રંગ ગરમીગ્રાહક છે, અને ઉપરાંત તેમાં ગરમી સાચવી રાખવાની શક્તિ છે; તેથી જ કીટલી કે ઉનું પાણી કરવાનાં વાસણનું તળિયું કાળું રહેવા દેવાની જરૂર છે. એક તો રોજ ઘસવાથી વાસણ કાણું થાય અને વળી જલદી પાણી ગરમ ન થાય. તમારે કદાચ પ્રયોગ કરવો હોય તો એક પ્યાલો બહારથી મેશથી કાળો રંગીને ચુલા ઉપર મુકો અને બીજો સફેદ પ્યાલો મુકો. કાળા પ્યાલાનું પાણી જલદી ગરમ થશે અને બંને નીચે પાણી ઠારવા મુકશો તો કાળા પ્યાલાના પાણીને ઠરતાં વધુ વાર લાગશે. આટલા જ કારણથી ગરમ દેશમાં ધોળાં કપડાં અને ઠંડા પ્રદેશમાં કાળાં કપડાં પહેરવાની જરૂર રહે છે. હિંદુસ્તાન દેશ ગરમ હોવાથી તેના લોકોએ આરોગ્યને ખાતર પણ ધોળાં કપડાં પહેરવાની જરૂર છે.

ચીનકુમારી



ચીનની સ્ત્રી: ૧૯૦૦માં ચીનની સ્ત્રી: આજે

છેલ્લાં પચીસ વર્ષમાં ચીને કેટલી આશ્ચર્યકારક પ્રગતિ કરી છે તે ઉપલાં બે ચિત્રો ઉપરથી સ્પષ્ટ સમજાશે. કહેવાય છે કે પા સૈકા ઉપર અજ્ઞાન અને વહેમી ચીનાઓ દીકરીઓને ભારરૂપ ગણી જન્મતાં જ મારી નાખતા. છોકરીના પગ નાનપણથી જ લાકડાના જોડામાં જકડી રાખી ટચુકડા બનાવી મુકવામાં સૌન્દર્ય મનાતું એ વાત તો જાણીતી છે. પણ ત્યાર પછી ચીનમાં જુસ્સાભેર સામાજિક અને રાષ્ટ્રીય ઉત્ક્રાન્તિ ચાલુ થઇ અને પરિણામે આજ ૧૯૨૭માં ચીનની સ્ત્રી પોતાના રાષ્ટ્રને સ્વતંત્ર કરવા મથતા લશ્કરની સરદારી કરે છે. ઉપર જમણી બાજુનું ચિત્ર કૅન્ટનીઝ લશ્કરની ઍમૅઝોન ટુકડીની સરદાર બાઇ કુ કુ વંગનું છે.

(અનુસંધાન પાન ૧૨૮થી ચાલુ)

માર મારવાનો હક્ક રહેવો જ જોઇએ એવો એક ઠરાવ બહુમતીથી પસાર થયો હતો ! આ બાબતમાં કોઇએ વિદ્યાર્થીઓ તરફથી પ્રતિનિધિ મેળવવા યત્ન કર્યો હોત તો ઠીક થાત. બેચાર શિક્ષકોએ પ્રમાણિક બુદ્ધિથી સામા પક્ષમાં દલીલો કરી; અને પ્રમુખ શ્રી વકીલે તો એ ઠરાવની સામે પોતાનો સખત વિરોધ દર્શાવ્યો, એટલું જ નહિ પણ વિદ્યાર્થીને માર મારવો પડે તેમાં શિક્ષકની જ વહીવટ કરવાની અશક્તિ અને નૈતિક છાપ પાડવાની નિષ્ફળતા કારણભૂત ગણ્યાં. માબાપો આ ચાલુ પદ્ધતિ સામે વિરોધ કરી પોતાનાં બાળકોને એ ત્રાસમાંથી ઉગારશે એવી અમે આશા રાખીએ છીએ.

❀ કાલ નથી કંઈ કાલ, ભાઈ ઓ! ચાલ આજ તું હાલ! ❀


પૂનામાં તુકારામનાં કિર્તન ચાલતાં. શિવાજી સિંહગઢ પરથી ઉતરી તુકારામને ચરણે બેસતા. મોગલોએ શિવાજીની આ દૈનિક ચર્યાનો લાભ લેવાનું ગોઠવ્યું. એક વાણિયાને ઘેર ભજનોની ધૂન મચી હતી. તુકારામની આસપાસ ભક્તોનાં ટોળામાં શિવાજી પણ હતા. મોગલોએ એકદમ ઘેરો ઘાલ્યો. તુકારામને ઘણાએ વિનતિ કરી કે શિવાજીને જવાની છુટ આપો. પણ મહારાજે ભજનમાં ભંગ થવા દેવાની ના પાડી. શિવાજી ભજનમાં તરબોળ થઇ ગયા, ત્યારે બીજી બાજુએથી એક મહારાષ્ટ્રીએ શિવાજી મહારાજનો શિરપેચ પહેર્યો અને ઘોડા પર બહાર નીકળી પડયો. એને શિવાજી ધારીને મોગલો પાછળ પડયા, પણ એ ન પકડાયો. શિવાજી પરવારીને સિંહગઢ ગયા. ઝાલારાણા માનસિંહે પણ એમ જ રાજછત્ર ઓઢીને સમરમાં શિર આપ્યું હતું.

જોડણીની સામાન્ય ભુલો

વિગેરે નહિ,	પણ	વગેરે.
અદ્‌ભૂત નહિ,	પણ	અદ્‌ભુત.
પરિક્ષા નહિ,	પણ	પરીક્ષા.
શ્રીયુત્ નહિ,	પણ	શ્રીયુત.
નિરસ નહિ,	પણ	નીરસ.

કોઇ પણ સંખ્યાને ૯, ૯૯, ૯૯૯ કે તેથી વધારે નવડાથી ગુણવી હોય તો ગુણકના જેટલા નવડા હોય તેટલાં મીંડાં ગુણ્યને ચડાવી દેવાં ને તેમાંથી ગુણ્યની સંખ્યા બાદ કરવી; જે આવે તે જવાબ. દાખલા તરીકે ૮૪૩૨૫૧૬ ×૯૯૯=૮૪૩૨૫૧૬૦૦૦ - ૮૪૩૨૫૧૬ ૮૪૨૪૦૮૩૪૮૪.


જોડાનો જે ભાગ ડંખતો હોય તેના ઉપર કપડાંનો એક કકડો ગરમ પાણીમાં બોળીને થોડી વાર મુકી રાખવો. ગરમીને લીધે ચામડું પહોળું થશે ને ડંખ પડશે નહિ.



લખી રહ્યા પછી કલમ ગમે ત્યાં મુકી દેવાથી આજુબાજુ ડાઘા પડી રહે છે. આને માટે એક સહેલો ઉપાય છે. જાડા તારનો એક કકડો ચિત્રમાં બતાવ્યા પ્રમાણે ખડિયાના ગળાના માપનો વાળો. પછી તેને ખડિયામાં ભરાવી દેવાથી કલમ મુકવા માટે ઘરૂં તૈયાર થઇ જશે.

કોઇ વસ્તુ સમી કરવામાં પ્લાસ્ટર ઑફ પૅરિસ વાપરતી વખતે તેની સાથે પાણી ન મેળવતાં દુધ મેળવવાથી પ્લાસ્ટર લાંબા વખત સુધી નરમ અને કામ કરી શકાય એવું રહેશે અને ચોંટશે પણ વધારે સારૂં. પાણી મેળવવાથી બટકણું થાત તે નહિ થાય.

તમારી પ્રત્યેક વર્ષગાંઠે મિત્રોને મિજબાની આપતાં પહેલાં એ ફરીફરી લાવવા માટે શરીરની તપાસ ચોક્કસપણે કરજો.



પ્લાસ્ટર કરેલી દીવાલમાં ખીલો સજ્જડ બેસતો નથી. આને માટે એક સહેલી રીત એ છે કે ચિત્રમાં બતાવ્યા મુજબ ખીલામાં કાનસ વતી થોડા ખાંચા પાડવા. પછી તેને ગુંદરવાળો કરી દીવાલમાં બેસાડવાથી સજ્જડ બેસી જશે.

વારે ઘડીએ તમારૂં શરીર ઉકળી જતું હોય, વાતવાતમાં તમારો મિજાજ ખોઇ બેસતા હો, તમને થાક લાગ્યો હોય કે કોઇ પણ જાતની બેચેની જણાતી હોય ત્યારેત્યારે તંદુરસ્તી સારી હોય તો ઠંડા પાણીથી નહિતર કોકરવા પાણીથી સારી પેઠે સ્નાન કરી લેવું એ તેનો સરસ ઉપાય છે.

બાપ—મનુ, મેં તને અવાજ કરવાની કેટલી વખત ના પાડી ?

મનુ—(શાન્તિથી) સાત વખત !



ઉપવાસની અવધિ